Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૦૧
તા.૧૭-૦૫-૨૦૧૭, બુધવાર
સંવત ૨૦૭૩ વૈશાખ વદ - ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૯ સૂર્યાસ્ત : ૦૭:૧૩

તાપમાન: ડીસા ૪૧.૪ | અમદાવાદ ૪૨.૭ | ગાંધીનગર ૪૩.૮ | વડોદરા ૪૦.૯ | સુરત ૩૬ | નલિયા ૩૬.૬

ચાંદી : ૩૯૦૦૦ સોનું : ૨૮૭૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ચિદમ્બરમ અને કાર્તિના આવાસ ઉપર દરોડા

### આવાસ સહિત ૧૪ સ્થળો પર એક સાથે સીબીઆઈના દરોડા : ચિદમ્બરમના ચેન્નાઈ સ્થિત આવાસ અને પૈતૃક આવાસ કરાઈપુડીમાં દરોડા દરમિયાન દસ્તાવેજોમાં ચકાસણી : દિલ્હી, મુંબઈ, ચેન્નાઈમાં ઉંડી ચકાસણી

નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રિય નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ અને તેમના પુત્ર કાર્તિના આવાસ પર આજે સવારથી દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ભારે ખળભળાટ મચી ગયો હતો. સીબીઆઈએ જુદી જુદી ટીમો બનાવીને આ કાર્યવાહી હાથ ધરી હતી. સુત્રોનું કહેવું છે કે, એરસેલ-મેક્સિસ તપાસના સંબંધમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ચિદમ્બરમના આવાસ ઉપર તપાસ કરવામાં આવી હતી. આઈએનએક્સ મિડિયાને આપવામાં આવેલી મંજુરીના સંબંધમાં આ કાર્યવાહી શરૂ થઇ હતી. ચિદમ્બરમના કાર્તિના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હીમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, ગુડગાંવમાં એક સાથે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચેન્નાઈમાં ચિદમ્બરમના આવાસ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, મોડી સાંજ સુધી તપાસનો દોર જારી રહ્યો હતો. આઈએનએક્સ મિડિયાના ફંડને ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ દ્વારા મંજુરી આપવામાંઆવી હતી. આ મંજુરી યુપીએ સરકારના ગાળા દરમિયાન આપવામાં આવી હતી તે વખતે ચિદમ્બરમ પાસે આ વિભાગ હતું. સુત્રોના કહેવા મુજબ કાર્તિ ચિદમ્બરમ પર આક્ષેપ છે કે, તેમની કંપનીએ આઈએનએક્સ મિડિયા ગ્રુપને વિદેશી મૂડીરોકાણના મામલામાં મંજુરી અપાવવા માટે લાંચ લીધી હતી. આઈએનએક્સ મિડિયાના પ્રમુખ કોઈ સમયે પીટર મુખર્જી હતા જે સીનાબોરા હત્યાકેસમાં આરોપી છે. કાર્તિ ચિદમ્બરમ એરસેલ-મેક્સિસ ડિલમાં મનીલોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહ્યા છે. તેમના આવાસ ઉપર અગાઉ પણ દરોડા પાડવામાં આવી ચુક્યા છે. એજન્સીએ ગઈકાલે આઈએનએક્સ મિડિયાના મંજુરી આપવામાં ગેરરીતિના સંબંધમાં કેસ દાખલ કર્યો હતો. આઈએનએક્સ મિડિયા તેના ડિરેક્ટર તરીકે ઈન્દ્રાણી મુખર્જી અને પીટર મુખર્જી રહી ચુક્યા છે. એજન્સીએ તેના ડિરેક્ટર ઈન્દ્રાણી મુખર્જી, પીટર મુખર્જી, કાર્તિ ચિદમ્બરમ, ચેસ મેનેજમેન્ટ સર્વિસ (કાર્તિની કંપની), એડવાન્ટેજ સ્ટ્રેટેજીક કન્સલ્ટીંગ લિમિટેડ મારફતે આઈએનએક્સ મિડિયા સામે કેસ દાખલ કર્યો હતો. ચિદમ્બરમ અને કાર્તિના આવાસ પર સીબીઆઈના વ્યાપક દરોડાથી ભારે ખળભળાટ મચી ગયો છે. ચિદમ્બરમના આવાસ અને અન્યત્ર તમામ જગ્યાએ તપાસ કરવામા આવી હતી. સીબીઆઈના દરોડાની કાર્યવાહી સવારે શરૂ થતા રાજકીય ગમી વધી ગઇ છે. ચિદમ્બરમના આવાસ સહિત ૧૪ જગ્યાઓ પર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જુદા જુદા દસ્તાવેજોમાં ઉંડી તપાસ કરવામાં આવી હતી.

જાણકારી મુજબ સીબીઆઈએ ચેન્નાઇ સ્થિતી ચિદમ્બરમના આવાસ અને કાર્તિ ચિદમ્બરમના કરાઈકુડી આવાસ પર દરોડા પાડ્યા હતા. સુત્રોએ કહ્યુ છે કે કાર્તિ ચિદમ્બરમ પર આરોપ છે કે તેમની કંપનીએ એ મિડિયા ગ્રુપને વિદેશી રોકાણના મામલે મંજુરી આપવા માટે લાંચ લીધી હતી. દરોડાની કાર્યવાહી બાદ ચિદમ્બરમ ભારે લાલ ઘુમ દેખાયા હતા.

## વિચાર વૈભવ...

### સહજધર્મ

સુગંધ એ પુષ્પની માતૃભાષા છે. પુષ્પ કરૂણાની ભાવનાથી પ્રેરાઈને કે રાહતકાર્યની ભાવનાથી સુગંધ નથી ફેલાવતું. વળી સુગંધ પ્રસરે એ માટે પુષ્પને કોઈ આયાસ નથી કરવો પડતો. પુષ્પના સ્વભાવનું સુગંધ એક લક્ષણ છે. પુષ્પની પર્સનાલિટીનો જ એક ભાગ છે, સુગંધ. ઉકરડાની માતૃભાષા દુર્ગંધ છે પરંતુ પુષ્પને ઉકરડાની સાથે જરા જેટલી દુશ્મનાવટ નથી હોતી.ક્યારેય તમે ઉદ્યાન અને ઉકરડા વચ્ચે મારામારી કે બોલાચાલી થતી જોઈ છે? શહેરોમાં એ બંને ક્યારેક પાડોશી બનીને શાંતિથી રહેતાં હોય છે. બંને પોતપોતાના સ્વધર્મ પાળીને શાંતિમય સહઅસ્તિત્વ ભોગવે છે. કોઈ ઊહાપોહ નથી, કોઈ તકરાર નથી, માત્ર જીવનનો સહજ સ્વીકાર છે.

નૃત્ય એ મોરનો સ્વભાવ છે. મોરને નૃત્ય માટેના તાલીમ વર્ગમાં નથી જવું પડતું. મોર નૃત્ય વિશારદ નથી હોતો. મોર એટલે જ નૃત્ય. નૃત્ય ખતમ થાય એટલે મોર ખતમ થાય. માછલીઓ માટે તમે કદી તરણ સ્પર્ધા યોજાતી જોઈ છે? સ્પર્ધા તો જીવનમાં જે સહજ નથી તેને માટે જ થઈ શકે ને! સૌંદર્ય સહજ નથી માટે સૌંદર્યસ્પર્ધા (બ્યૂટી કોન્ટેસ્ટ) યોજવી પડે છે. વૃક્ષો લીલા રંગનો મેઈકઅપ નથી કરતાં કારણ કે તેઓ લીલાં હોય છે. વૃક્ષનું હોવું એટલે લીલા હોવું.

માણસને પાણીની તરસ લાગે છે. લિમકા કે ગોલ્ડસ્પોટની નથી લાગતી. બધાં પીણાંની જાહેરાત કરવી પડે છે પરંતુ તમે ક્યારેય પાણીની જાહેરાત જોઈ છે. કોઈ નદી એવું નથી કહેતીઃ 'પાણી તો બસ તાપી એન્ડ કંપનીનું જ;' કે પછી 'નર્મદા લિમિટેડનું પાણી પીને તમારા આરોગ્યની રક્ષા કરો.' ગંગાનું પાણી પવિત્ર ગણાય છે એવું કદી ગંગાએ નથી કહ્યું. એ માણસની શોધ છે. 'ગંગા તેરા પાની અમૃત', એ વિધાન માણસનું છે. એમાં પાણીને અમૃતનો દરજ્જો આપવાનો બાલિશ પ્રયત્ન છે. ખરેખર તો કહેવાતા અમૃતને પાણીનો દરજ્જો પ્રાપ્ત કરવામાં સદીઓ વીતી ગઈ તોય હજી સફળતા નથી મળી. તરસ છિપાવવી એ પાણીનો સ્વભાવ છે. સદ્ભાગ્યે પાણીને હજી સુધી કોઈએ 'દયા ધર્મ કા મૂલ હૈ ; પાપ મૂલ અભિમાન' એવું શીખવ્યું નથી. ધર્મની શરૂઆત માણસ સહજતાથી આડો ફંટાયો પછી થઈ છે. દયા સહજ ન હોય ત્યારે દયાધર્મનું નિર્માણ થાય છે. સેક્સ સહજ ન હોય ત્યારે બ્રહ્મચર્યનું વ્રત શરૂ થાય છે. આહાર સહજ ન હોય ત્યારે ઉપવાસ, ઉપચાર કે ક્રિયાકાંડ બનીને આવે છે. વાણી સહજ ન હોય ત્યારે મૌનવ્રતની જરૂર પડે છે. પક્ષીઓને મૌનવ્રત લેવું નથી પડતું અને તેઓ લવારો પણ નથી કરતાં.

- ગુણવંત શાહ

## રાજ્ય આરોગ્ય મંત્રીએ અરજદારોની ફરિયાદો 'લાઈવ' સાંભળી

**રાજ્યમંત્રી શંકરભાઈ ચૌધરીનો નવતર અભિગમ**




પ્રતિનિધિ રાધનપુર

સમગ્ર વિશ્વ સોશિયલ મિડિયા ઉપર સક્રિય છે. ત્યારે રાજ્યના આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીએ મંગળવારે ગાંધીનગર સ્થિત તેમના ચેમ્બરમાં ગુજરાતભરના આવેલા અરજદારોની રજૂઆતો 'લાઈવ' સાંભળી હતી. બપોરે ત્રણ વાગ્યાથી આરોગ્ય મંત્રીએ ફેસબુક અને ટ્વીટર ઉપર લાઈવ પ્રસારિત કરી હતી. સમગ્ર ગુજરાત નહિ પરંતુ વિશ્વમાં અરજદારોની રજૂઆતો લાઈવ સાંભળવાની આ પ્રથમ ઘટના બનવા પામી છે. ગુજરાત ભરમાંથી આવેલા અરજદારો અનેક સમસ્યાઓ લઈને આવ્યા હતા. જેમાં તબીબી એશોશિયશન સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ, આરોગ્ય કર્મચારીઓ તેમના મતવિસ્તારના મત દારો સહિતે આરોગ્ય વિભાગના કર્મચારીઓ માટે થયેલા રચનાત્મક ફેરફારો નવી - નવી યોજનાઓ, કર્મચારીઓના હિતની કામગીરી અંગે પ્રશંસા કરવા ઉપરાંત બઢતી, બદલી સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતાં. આ લાઈવ પ્રસારણને ગુજરાત જ નહિ પરંતુ દેશના વિવિધ ભાગોમાંથી વ્યાપક આવકાર મળ્યો હતો. અને લાઈવ પ્રસારણથી પારદર્શક વહીવટનાં દર્શન થવા પામ્યા હતા.

આ લાઈટ પ્રસારણ દરમિયાન આરોગ્ય મંત્રી શંકરભાઈ ચોધરીના મત વિસ્તારમાંથી જાગૃત મતદારોએ રજૂઆતો કરી હતી. જેને પોઝીટીવ રીસ્પોન્સ આપીને પ્રશ્નો તાતકાલિક હલ કરવાની ખાતરી આપવામાં આવી હતી.

## છાપી પાસે જીપે રીક્ષાને ટક્કર મારતા ૧૮ ઘાયલ

**પાંચ બાળકો અને ૫ મહિલા સહિત અઢાર ઈજાગ્રસ્તો પાલનપુર સિવીલમાં ખસેડાયા**




પ્રતિનિધિ છાપી

પાલનપુર- અમદાવાદ હાઈવે ઉપર છાપી નજીક મહેંદીપુરાના પાટીયા પાસે મંગળવાર બપોરે એક તૂફાન જીપે આગળ જતી ઓટો રીક્ષાને ટક્કર મારતા કુલ અઢાર વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થતાં સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુર નજીકથી તૂફાન ગાડી અમદાવાદ તરફ જઈ રહી હતી. દરમ્યાન છાપી નજીક રોંગ સાઈડથી એક જીપ ગાડી પસાર થતાં તુફાન જીપના ચાલકે સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં આગળ જતી ઓટો રીક્ષાને જોરદાર ટક્કર મારતાં

અનુસંધાન પાના નં.૬

**ઈજાગ્રસ્તોની યાદી**

મોંગીલાલ રાજાજી નાઈ, મહેન્દ્ર લવજીભાઈ મેઘવાળ, જડીબેન રાજાભાઈ નાઈ, શ્રવણ દલછાજી ઠાકોર, કંચનબેન મણીલાલ સુથાર, મફતલાલ સોનાજી સુથાર, નારણભાઈ ધીરાભાઈ સુથાર, મોહનભાઈ છગનભાઈ ઠાકોર, અર્જુનભાઈ સેમરાજભાઈ ઠાકોર, ભરતભાઈ પ્રતાપજી ઠાકોર, બબીબેન કાળાજી ઠાકોર, ભાયચંદભાઈ અચળાજી નાઈ, હંસાબેન મફતલાલ બારોટ, અનિતા મફતલાલ બારોટ, ભરત કાળારામ પરમાર, લક્ષ્મણ માંગીલાલ નાઈ, રંજન માંગીલાલ નાઈ, ભાવનાબેન માંગીલાલ નાઈ, અમીત માંગીલાલ નાઈ, નરેશ કાળાજી પરમાર, વિશાલ સમતાજી ઠાકોર, આરતી થાનારામ નાઈ

**૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?**
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
**+ ટેસ્ટ ટ્યુબ બેબી સેન્ટર +**
**ડૉ. સંજય ગાંધી** આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
**આરતી હોસ્પિટલ** - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

## માલગાડીના બદલે પેસેન્જર ટ્રેનને મહત્વ અપાશે

નવી દિલ્હી

પેસેન્જર ટ્રેનો મોડે પડવાના કારણે યાત્રીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે પરંતુ ટ્રેનો લેઈટ કરવામાં આવશે નહી. રેલવે યાત્રીઓની નારાજગીને ધ્યાનમાં લઈને હવે રેલવે દ્વારા માલગાડીઓના બદલે પેસેન્જર ટ્રેનોને વધારે પ્રાથમિકતા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અલબત્ત આ નિર્ણયના કારણે રેલવને વર્ષભરમાં ૨૦ મિલિયન ટન નુરનુ નુકસાન થઇ શકે છે. ટ્રેનોને લેઈટ થતા રોકવા માટે રેલવે બોર્ડના દરેક સભ્યને બે ઝોનલ રેલવેની જવાબદારી સોંપવામાં આવી છે. એટલુ જ નહી પરંતુ હવે રેલવે આ બાબત પર પણ વિચારણા કરશે કે જો કોઇ સફાઇ અને ટ્રેનો લેઇટ થાય છે તો આવા મામલામાં નાના અધિકારીના બદલામાં સીધી રીતે ડિવીઝનલ રેલવે મેનેજરોને જ જવાબદાર ગણવામાં આવશે. રેલવેના એક ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે ટ્રેનોની લેઈટ દોડવાની બાબત નવી નથી. યાત્રીઓ વારંવાર ફરિયાદ કરતા રહે છે. ટ્રેન લેઈટ થવાના કારણે યાત્રી વ્યાપક ફરિયાદ પણ કરતા રહે છે. આ તમામ હિલચાલ વચ્ચે રેલવે દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવે બોર્ડના ચેરમેન પોતે ટ્રેનોની અવર જવર સમય પર થાય તે માટે પગલા લઇ રહ્યા છે.

## છાપી નજીક તમંચો તથા જીવતા કાર્ટીસ સાથે શખ્સ ઝડપાયો





પાલનપુર

જિલ્લા પોલીસ વડા નીરજકુમાર બડગુજરની સુચના અને માર્ગદર્શન અનુસાર હથિયાર અંગેના કેસો શોધી કાઢવા ગતરોજ એસ.ઓ.જી. પી.આઈ. આર.કે. પાઠક તથા સ્ટાફના બાબુદાન મહોબતદાન, ભરતપુરી શંભુપુરી, પ્રકાશકુમાર કાળીદાસ, કલ્યાણસિંહ દેવિસિંહ, મહેન્દ્રસિંહ રામસિંહ, જીતેન્દ્રકુમાર ડાયાલાલ, ઈન્દ્રજીત સિંહ કકુસિંહ તેમજ ભરતભાઈ લાલજીભાઈ વિગેરે એસ.ઓ.જી. ટીમ સાથે છાપી હાઈવે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે પ્રભાતજી મેવુજી ચૌહાણ (ઠાકોર) રહે. સેસા તા.સિધ્ધપુર જી.પાટણવાળો પોતાના કબજામાં ગેરકાયદેસર પરવાના વગરનો તમંચો તથા કાર્ટીસ રાખેલ છે. અને પીરોજપુરાથી છાપી તરફ ચાલતો આવે છે. જેના આધારે વોચમાં રહી પ્રભાતજી મેવુજી ચૌહાણ (ઠાકોર) ને ગે.કા. વગર પાસ પરમીટના તમંચો કિં.રૂા. ૫૦૦૦ તથા જીવતા કાર્ટીસ નં.૧ કિં.રૂા. ૨૦૦ એમ કૂલ કિંમત રૂા.૫૨૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વાવના માડકા- જૈન દેરાસરમાં રૂા. સાડા ચાર લાખની ચોરી

**ડી.વાય.એસ.પી સહિત પોલીસ તંત્ર દોડતુ થયુંઃ એક-પછી એક વાવ પંથકમાં ચોરી,લૂંટ અને ચીલઝડપનો શીલ શીલો યથાવત**




તાલુકા પ્રતિનિધિ વાવ

ગતરોજ તા. ૧૫/૫/૨૦૧૭ ને સોમવારને મધ્યરાત્રીએ વાવ તાલુકાના માડકા ગામે આવેલા જૈન દેરાસરમાં તસ્કરો ત્રાટકી દેરાસરનો ભંડારો તોડી તેમાંથી અંદાજે રૂા. ૧ લાખની રોકડ રકમ અને ૯ કિ.ગ્રામ ચાંદી સહિત દાગીના લઈને ફરાર થઈ જતાં શ્રી માડકા મૂર્તિપૂજક જૈન સંઘના ટ્રસ્ટીઓએ વાવ પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવતા ડી.વાય.એસ.પી. ઉમેશ પટેલ સહિત પોલીસ તંત્ર ઘટના સ્થળે પહોંચી તપાસનો દોર આરંભી દીધો છે. જો કે આ બાબતે પોલીસતંત્રને દેરાસરમાં લાગેલા સી.સી.ટી.વી. કેમેરાનું ફુટેઝ હાથ લાગતા બે બંદી ધારી યુવકો હોવાનું બહાર આવ્યું છે.

વધુમાં પોલીસે એફ.એસ.એલ અને ડોગસ્કોડની મદદ લઈ આગળની વધુ તપાસ હાથ ધરી છે. છેલ્લા કેટલાય સમયથી વાવ પંથકમાં લૂંટ, ચોરી, ચીલઝડપના બનાવોનો શીલ- શીલો યથાવત્ રહ્યો છે. છેલલા ટૂંકા ગાળામાં વાવ પંથકમાં લૂંટ, ચોરી અને ચીલઝડપના ૭ થી ૮ બનાવો વાવ પોલીસના ચોપડે નોંધાયા છે. છતાં આજદિન સુધી એક પણ ગુનાનો ભેદ પોલીસ ઉકેલી શકી નથી. જેથી કરીને આમ જનતામાં આક્રોશી લાગણી ઉદ્ભવી છે. હજુ ગત તા. ૧૫/૫/૧૭ ના રોજ વાવની દેના ગ્રામીણ બેન્કમાંથી રૂા. ૮૭૦૦૦/- ની ચીલ ઝડપ થઈ છે. તેવામાં ગતરોજ તા. ૧૬/૫/૧૭ ના રોજ માડકા જૈન દેરાસરની ચોરીનો કિસ્સો પ્રકાશમાં આવતા લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. સત્વરે પોલીસતંત્ર સક્રિય બની આજદિન સુધી થયેલી લૂંટ, ચોરી ,ચીલઝડપના ગુનાનો ભેદ ઉકેલે તે જ જનહિતમાં છે.

**ટૂંકા ગાળામાં થયેલી લૂંટ, ચોરી, ચીલઝડપ**

ટૂંકાગાળામાં મહેતા મહાસુખલાલ મણીલાલના ગળામાંથી ૫૪ ગ્રામ સોનાની ચેનની લૂંટ કંચનબેન મુક્તિલાલ મહેતાને બંધક બનાવી ધોળા દિવસે બે લાખના દાગીનાની લૂંટ વાવની એક સોસાયટીમાં ૪ બાઈકોની ઉઠાંતરી, દેના ગ્રામીણ બેન્કમાંથી ૮૭૦૦૦/- ચીલઝડપ વાવની બેન્કમાંથી બરડવીના આધેડની રૂા. ૭૦૦૦૦/- ની ચીલઝડપ, નાના મોટા બે ત્રણ અન્ય બનાવો બન્યા છે.

**MPVYસેવા સમિતિ દ્વારા સ્ટુડન્ટ હેલ્પ સેન્ટર - ડીસા**
નાપાસ થયેલ વિદ્યાર્થીઓ પોતાનું વર્ષ બચાવી શકે છે. ધો.૧૦ ફેલ હોય તો ધો.૧૦ ની પરીક્ષા આપી ને પાસ કરો તેમજ ધોરણ-૧૨ નાપાસ થયેલ કોઈ પણ વિષયની પરીક્ષા આપી તે પાસ કરો ધોરણ -૧૨ આર્ટસ, કોમર્સ, સાયન્સ કોઈપણ શ્રેણીમાં પાસ કરી તમારૂ વર્ષ બગડતું બચાવો.
ઓપન સ્કૂલ સરકાર તેમજ ગુજરાત બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત છે. પરીક્ષા આપી ઉર્તીણ થઈ ધો.૧૦ અને ધો.૧૨ પાસ પછી ના દરેક કોર્સમાં એડમીશન મેળવી શકશો તેની સંપૂર્ણ માહિતી અમારી સંસ્થામાંથી મળશે.
૧૯, ભોયતળિયે, પિતૃકૃપા કોમ્પલેક્ષ ગાયત્રી મંદિર સામે, ડીસા
મો. ૯૯૦૯૪ ૬૭૨૨૨, ૯૯૦૪૧ ૪૯૦૧૯

**શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?**
● માથાનો દુઃખાવો ● ખેંચ-વાઈ ● લકવો-પક્ષાઘાત ● મગજનો ટીબી ● ચક્કર ● ગરદન અને કમરના મણકાની તકલીફો ● યાદશક્તિ ઓછી થવી ● હાથપગની ધ્રુજારી ● નસોની નબળાઈ ● હાથપગમાં ઝણઝણાટી ● સાયેટીકા
**ડૉ. વિશાલ જોગી** (D.M.Neurology ન્યુરોફીઝીશીયન)
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોક્ટર
દર મહિનાના પહેલા અને ત્રીજા બુધવારે મળશે
**વિજાપુર - ડિસા ડાયોગ્નોસ્ટિક સેન્ટર**
દર શુક્રવારે મળશે
**ડીસા-રાજસ્થાન હોસ્પિટલ**
ડૉ. કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરી સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા ફોન. ૦૨૭૪૪-૨૨૫૬૨૦

સૂર્યોદય - ૬.૦૬ સૂર્યાસ્ત - ૭.૦૭

## તિથિદર્શન

વૈશાખ વદ-૬ બુધવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ વદ :છઠ્ઠ બુધવાર નક્ષત્ર:ઉત્તરષાઢા સવારે ૭.૨૮ પછી શ્રવણ યોગઃ શુકલ કરણઃ વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

~~અસત્યના નિષ્ઠુરતા કૃતઘ્નતા ભયં~~
~~પ્રમાદોઅલસતા વિષાદિતા~~
~~વૃથાભિમાનો અતિદીર્ઘસૂત્રતા તથા~~
~~અંગરેશ્યાદિ વિનાશન શ્રિયઃ~~

~~સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' ના શ્લોક 'લક્ષ્મી વિનાશ'માં કારણો બતાવે છે. સત્યરહિતતા (એટલે અસત્યનું આચરણ જૂઠ કપટને સાથ આપવો અને દુરાચારીપણુ), નિષ્ઠુરતા (ગરીબ દીનદુઃખિયા અને પ્રાણીમાત્ર તરફ દયાહીન આચરણ) કૃતઘ્નતા (આપણા પર કોઈએ કરેલા ઉપકાર ભૂલી જવા), ભય (હૃદયમાં પાપ ભર્યું હોય, ખોટા આચરણ હોય, ઈશ્વર પર શ્રદ્ધા ન હોય એવા લોકો સદા ભયમાં રહેતા હોય છે અને સુરક્ષાની આખી એબીસીડી ભેગી લઈ ફરતા હોય, લોખંડની બુલેટપ્રુફ બંડી પહેરી હોય છતાં નિર્ભય થતા નથી. 'ઝેડ' સુરક્ષા પણ એમને નિર્ભય ન કરે, પ્રમાદ (આળસુના પીર લોકો કોઈ પણ કામમાં ત્વરા ઉત્સાહ રાખતા નથી. હજી વાર છે, કાલ, પછી આવા શબ્દોથી આળસને પોષે છે), શોક (એવા લોકો હોય છે જે સદાય શોકમાં જ રહે છે, નસીબને દોષ દીધા કરે છે,, બીજાના છિદ્રો, કપટ, સુખ જોઈ ઈર્ષામાં દુઃખમાં શોકમાં જ રહેતા હોય છે.) આવા લોકો સદાય દુઃખી યાતનામાં અને ખિન્ન હતાશ જ રહેતા હોય છે. વળી, જે મિથ્યાભિમાની હોય જ્ઞાન આવડત સંપત્તિ પદનું અભિમાન અહંકાર ઘમંડ હોય એવાં અને દીર્ઘસૂત્રી કામ ધીમેથી ઉત્સાહ વિના, નિરસતાથી વેઠ ઉતારે અને સ્વભાવે રૂક્ષ કઠ્ઠળ, ઉદ્વેશ, પ્રેમ વિનાના હોય, આવા લોકોની પાસે લક્ષ્મી હોય તો તેનો નાશ થાય અને નિર્ધન ગરીબ જ રહે છે.~~

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. મિલન-મુલાકાત સફળ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) સ્વભાવમાં ઉગ્રતા રહે. આકસ્મિક મુસાફરી થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) નવિન કાર્યમાં સફળતા મળે. વિરોધીવર્ગને પીછેહટ કરવી પડે.**
**કર્ક : (ડ.હ.) લાભની આશા ઠગારી નીવડે. ગુપ્ત ચિંતા સતાવે.**
**સિંહ : (મ.ટ.) પડવા-વાગવાથી સંભાળવું. વાણી સંયમ જાળવવો હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ખર્ચપર કાબુ રાખવો. હરિફ વર્ગથી સંભાળવું.**
**વૃશ્ચિક :(ન.ય.) આકસ્મિક ધન લાભ થાય. યાત્રા-પ્રવાસમાં સફળતા મળે.**
**તુલા : (ર.ત.) વાહન-જમીનથી લાભ થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.**
**ધન : (ભ.ફ.ધ.) માનસિક પ્રસન્નતામાં વધારો થાય. નાણાંભીડ દૂર થાય.**
**મકર : (ખ.જ.) સંતાનવર્ગથી લાભ મળે. વ્યવસાયિક કાર્યમાં પ્રગતિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.) ધીરજ રાખવી હિતાવહ. જૂના વાદ-વિવાદનો અંત આવે.**
**મીન : (દ.ચ.જ.થ.) મનમાં અશાંતિ અનુભવાય. વ્યર્થ દોડા-દોડી રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

'ગુજારે જે શિરે તારે'- ઘર ઘરમાં જાણીતા આ પંક્તિના કવિ શ્રી બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાની જન્મજયંતી છે.

એમનો જન્મ તા. ૧૭/૫/૧૮૫૮ના રોજ નડિયાદમાં થયો હતો.

સારી નોકરી છોડી વિદ્યાવ્યાસંગને એમણે પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું હતું. તેમનો 'કલાન્ત કવિ' કાવ્યસંગ્રહ તો ખુબ જ જાણીતો છે.

આપણા આ યશસ્વી કવિનું તા. ૨/૪/૧૮૯૮ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
Stock Market Trend
RNI No. : GUJGUJ / 2010 / 35414
www.Investmentpoint.in
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૯૪૯૪ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

**તા ૧૭.૦૫.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૯૫૧૯) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૫૫૧ પોઈન્ટના પ્રથમ અને ૯૫૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૪૯૪ પોઈન્ટથી ૯૪૭૦ પોઈન્ટ, ૯૪૪૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૫૭૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) TCS લિમિટેડ (૨૪૨૪) :- તાતા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૪૦૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૩૮૬ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૪૪૭ થી રૂ.૨૪૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૪૬૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) HDFC બેન્ક (૧૫૫૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૩૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૧૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૭૪ થી રૂ.૧૫૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા & મહેન્દ્રા (૧૩૬૯) :- રૂ.૧૩૫૧ પ્રથમ તેમજ રૂ.૧૩૩૭ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૩૮૪ થી રૂ.૧૩૯૧ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે....!!**

**૪) એશિયન પેઈન્ટ્સ (૧૧૪૫) :- પેઈન્ટ્સ સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૧૬૭ થી રૂ.૧૧૮૪ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૧૧૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ભારત પેટ્રો (૭૩૫) :- રૂ.૧૦ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૧૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! PSU ઓઈલ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૫૧ થી રૂ.૭૬૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) લ્યુપિન લિમિટેડ (૧૨૯૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૩૦૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૨૭૭ થી રૂ.૧૨૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૩૧૩ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) HDFC લિમિટેડ (૧૫૬૬) :- રૂ.૧૫૭૫ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૫૮૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૫૫૧ થી રૂ.૧૫૩૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૧૩૫૬) :- રીફાઇનરી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૭૭ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૧૩૩૬ થી રૂ.૧૩૧૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) કોટક બેન્ક (૯૫૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૭૯ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૩૭ થી રૂ. ૯૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે.ટ્રેડીગલક્ષી રૂ.૯૮૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રિલાયન્સ કેપિટલ (૬૮૦) :- રૂ.૬૮૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૦૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૬૬૪ થી રૂ.૬૫૧ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૧૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

### વાનાક્રાઈ વાયરસને લઇને નિષ્ણાતો વ્યસ્ત

# રેન્સમવેર સાયબર હુમલા પાછળ ઉ.કોરિયા હોઈ શકે

પ્યોંગયાંગ

દુનિયાના ૧૫૦થી વધુ દેશોના ત્રણ લાખથી પણ વધારે કોમ્પ્યુટરને અસર કરનાર રેન્સમવેર વાનાક્રાઈની પાછળ ઉત્તર કોરિયાનો હાથ હોઈ શકે છે.સાયબર સુરક્ષા સાથે જોડાયેલા નિષ્ણાતોને આની સાથે જોડાયેલી ટેકનોલોજી અને પુરાવા હાથ લાગ્યા છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, વર્તમાન પુરાવાના આધાર પર આ સાયબર હુમલાના સંબંધ ઉત્તર કોરિયા સાથે હોઈ શકે છે. સિમેટેક અનેકેમ્સપરસ્કાઈ લેબ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, વાનાક્રાઈ સોફ્ટવેરના એક પૂર્વ વર્ઝનમાં જે કોડિંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના કેટલાક કોડને લેજરર્સ ગ્રુપે પોતાના ખાસ પ્રોગ્રામમાં ઉપયોગ કર્યા હતા. દુનિયાભરના કેટલાક સાયબર નિષ્ણાતો મનીરહ્યા છે કે, લેજરસ હકીકતમાં ઉત્તર કોરિયાના હેકિંગ ઓપરેશનના ભાગરુપે છે. કેસ્પરસ્કાયના એક અધિકારીએ કહ્યં છે કે વાનાક્રાઈ ક્યાંથી આવ્યો છે, કોણે બનાવ્યો છે તેની સાથે જોડાયેલો આ મહત્વપૂર્ણ પુરાવો છે. અલબત્ત બંને કંપનીઓનું કહેવું છે કે, આ તાજા સાયબર હુમલાની પાછળ ઉત્તર કોરિયાનો જ હાથ છે તે બાબત ઉપર પહોંચવું હાલ વહેલી તકે રહેશે. ગુગલના સિક્યુરિટી રિસર્ચર નિલ મહેતાએ પણ આની સાથે જોડાયેલા કેટલાક પુરાવા ટ્વિટર પર મુકી દીધા છે. શુક્રવારના દિવસે શરૂ થયેલા સાયબર હુમલા સોમવારના દિવસે અપેક્ષાકૃત નબળા રહ્યા હતા. વાનાક્રાઈ ક્યાંથી આવ્યો છે તેને લઈને દુનિયાભરના સંશોધકો લાગેલા છે. આ રિસર્ચ ઉપર સુરક્ષા સંસ્થાઓની પણ નજર છે. વોશિંગ્ટનમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હોમલેન્ડ સુરક્ષા સલાહકારે માહિતી આપતા કહ્યું છે કે, આ વાનાક્રાઈ એટેકની પાછળ વિદેશી તાકાતોથી લઈને સાયબર અપરાધીઓના હાથ હોઈ શકે છે. વાનાક્રાઈની કોડિંગને વાંચવા માટે હજુ વધારે સમય જોઈશે. હેકર્સ સામાન્યરીતે જુના ઓપરેશનમાં ઉપયોગ કરવામાં આવેલા કોડિંગને ફરી ઉપયોગ કરે છે. આવી સ્થિતિમાં કોડિંગની સુરક્ષા નિષ્ણાતો માટે પુરાવાના કામ કરે છે. આ હુમલાની પાછળ કોનો હાથ છે તે અંગે હાલમાં વાત કરવી સરળ રહેશે નહીં પરંતુ ઉત્તર કોરિયાની ભૂમિકાને નકારી શકાય નહીં.

# લાલૂના અવાજને દબાવાશે તો કરોડો લાલૂ ઉભા થશે

નવી દિલ્હી

ઈન્કમટેક્સ દ્વારા આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવ અને તેમની પુત્રી મિસા ભારતી સાથે જોડાયેલી બેનામી જમીન સોદાબાજી મામલામાં દિલ્હી અને એનસીઆરમાં દરોડા પાડવામાં આવ્યા બાદ લાલૂ યાદવે ભાજપ અને સંઘ ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, તેઓ આ પ્રકારની ધમકીથી ડરનાર લોકોમાં નથી. લાલૂના અવાજને દબાવવામાં આવશે તો કરોડો લાલૂ ઉભા થઈ જશે. પૂર્વ રેલવે મંત્રીએ આઈટીમાં દરોડાની કામગીરી બાદ લાલૂએ કહ્યું હતું કે, ભાજપ દ્વારા તમામ હથિયારોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ પૂર્વ રેલવેમંત્રીએ આઈટીની દરોડાની કામગીરી બાદ ભાજપ સરકાર ઉપર પ્રહારો કર્યા છે. આને લઈને જેડીયુ અને ભાજપ વચ્ચે ગઠબંધનની અટકળો પણ તીવ્ર બની ગઈ છે. જો કે, લાલૂએ આની ટિકા કરી છે. લાલૂએ કહ્યું છે કે, સંઘ અને ભાજપ લાલૂથી ખુબ જ ભયભીત રહે છે. તેમને માહિતી છે કે, લાલૂ તેમના તમામ જુઠ્ઠાણાને જાણે છે અને આક્ષેપબાજીને પણ ફગાવી દે છે જેથી દબાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, પોતે હારના યોદ્ધા તરીકે નથી.

**અનુસંધાન પાના નં.૬**

# પાલનપુરમાં જુગાર રમતા પાંચ યુવક પકડાયા

### બાઈક સહિત કુલ રૂા.૪૭૦૩૦ નો મુદ્દામાલ જપ્ત




પાલનપુર

પાલનપુર પૂર્વ પોલીસે બીજેશ્વર કોલોની સામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા પાંચ યુવકોને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી એક બાઈક મળી કુલ રૂા.૪૭૦૩૦ નો મુદ્દામાલ પણ કબ્જે લીધો હતો.

જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરની શહેરમાં દારૂ અને જુગારની બદીને ડામવાની સૂચના અને ના.પોલીસ અધિક્ષક એ.આર.જનકાંત તથા પૂર્વ પોલીસ મથકના પી.આઈ. ડી.યુ.બારડની સૂચનાથી પી.એસ.આઈ. આર.પી.ઝાલા સ્ટાફ સાથે રાત્રિ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલી બાતમીના આધારે શહેરની બીજેશ્વર કોલોની સામે આવેલ પરબની બાજુના જાહેર રોડ ઉપર સ્ટ્રીટ લાઈટના અજવાળે હારજીતનો જુગાર રમતા સચીનભાઈ સુરેશભાઈ મહેશ્વરી (શક્તિનગર ભાગ-૧), વસંતભાઈ બાબુલાલ પરમાર (રામ નિવાસ રોડ), જીગરભાઈ કાન્તિલાલ બારોટ (શક્તિનગર ભાગ-૧), પાર્થકુમાર કાન્તિલાલ બારોટ (વડલીવાળુ પરૂ) અને દર્શનભાઈ જગદીશભાઈ પરમાર (કમાલપુરા ચોક) ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂા.૫૩૩૦, ચાર મોબાઈલ (કિંમત રૂા.૧૧,૭૦૦) અને બાઈક (કિંમત રૂા.૩૦,૦૦૦) મળી કુલ રૂા.૪૭,૦૩૦ નો મુદ્દામાલ કબ્જે લઈ જુગારીયા વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડગામ તાલુકા ભાજપ યુવા મોરચા દ્વારા છાસનું વિતરણ




તા.પ્રતિનિધિ વડગામ

''સંઘર્ષ- સેવા અને બલિદાન' ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાની ઓળખ છે. સેવા દ્વારા લોકમાનસમાં યુવા મોરચાએ સ્થાન મેળવ્યું છે. ગઈકાલે વડગામ બસસ્ટેન્ડ ચોકમાં વડગામ તાલુકા ભાજપ યુવા મોરચા પ્રમુખ કામરાજભાઈ એચ. ભૂતડીયા (એદ્રાણા) ની અધ્યક્ષતામાં ઠંડી-છાસ અને પાણીનું વિતરણ કરાયું હતું, સેવાના આ વિશેષ કાર્યક્રમમાં તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ રાણા, જિલ્લા અગ્રણી ગજેન્દ્રભાઈ સકસેના, તા. મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, મહામંત્રી દશરથજી ઠાકોર, કાંનજીભાઈ ધુળીયા, શતિષભાઈ ભોજક, જિલ્લા યુવા ઉ.પ્રમુખ ડી.વી. સોલંકી, આશિષ મેવાડા, દિગ્વિજયસિંહ સોલંકી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### નિફ્ટી પ્રથમ વખત ૯૫૦૦થી પણ ઉપર પહોંચ્યો

# શેરબજારમાં તેજી જારી : વધુ ૨૬૦ પોઈન્ટનો સુધાર થયો

### સતત બીજા દિવસે રેકોર્ડ ઉંચી સપાટીની વચ્ચે સેંસેક્સ ૩૦૫૮૨ની સપાટી ઉપર : મિડકેપ, સ્મોલકેપમાં સુધારો

મુંબઈ

શેરબજારમાં આજે પણ જોરદાર તેજીનો દોર જારી રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ વધુ ૨૬૦ પોઈન્ટ ઉછળીને ૩૦૫૮૨ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૬૬ પોઈન્ટ સુધરીને ૯૫૧૨ની સપાટીએ રહ્યો હતો. સતત બીજા કારોબારી સેશનમાં સેંસેક્સ અને નિફ્ટી રેકોર્ડ ઉંચી સપાટીએ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૦.૨ અને ૦.૪ ટકાનો ઉછાળો નોંધાયો હતો. હિરોમોટો, ટીસીએસ, ભારતી એરટેલ, એસબીઆઈ અને આઈટીસીના શેરમાં જોરદાર તેજી રહી હતી. એમએન્ડએમ, ઓએનજીસી, કોલ ઈન્ડિયા, અદાણી પોર્ટ, સિપ્લામાં ઘટાડો જોવા મળ્યો હતો. મેટલના શેરમાં ભારે દબાણની સ્થિતિ રહી હતી. ટેકનોલોજી, ઓટો, રિયાલીટીના શેરમાં તેજી જામી હતી. એચયુએલના શેરમાં આશરે બે ટકાનો ઉછાળો નોંધાયો હતો. તેમાં બાવન સપ્તાહની ઉંચી સપાટી જોવા મળી હતી. અંતે ૧.૬ ટકાનો સુધારો રહ્યો હતો. શેરબજારમાં સતત બીજા કારોબારી સેશનમાં કારોબારીઓ ખુશખુશાલ દેખાયા હતા. પાંચ સેશનમાં ચોથી વખત ઓલટાઈમ હાઈ સપાટી આજે જોવા મળી હતી. રિટેઈલ ફુગાવાનો આંકડો હાલમાં જારી કરવામાં આવ્યો હતો. માર્ચ મહિનામાં ૩.૮૯ ટકાની સામે ઘટીને એપ્રિલ મહિનામાં રીટેઈલ ફુગાવો ૨.૯૯ ટકા થયો છે. સીપીઆઈ આધારીત રીટેઈલ ફુગાવો સતત સુધરી રહ્યો છે. સીપીઆઈ ફુગાવો એપ્રિલ ૨૦૧૬માં ૫.૪૭ ટકા હતો. કઠોળ અને પેદાશોની કિંમતમાં તીવ્ર ઘટાડો એપ્રિલ મહિનામાં થયો છે.ગઈકાલે સોમવારના દિવસે કારોબારના અંતે બીએસઈ સેંસેક્સ ૧૩૪ પોઈન્ટ ઉછળીને નવી ઐતિહાસિક ઉંચી સપાટી ૩૦૩૨૨ ઉપર રહ્યો હતો જ્યારે બ્રોડર નિફ્ટીમાં ૪૪ પોઈન્ટનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૯૪૪૫ રહી હતી. અમેરિકન અર્થતંત્રને મોટી રાહત મળે તેવા ઘટનાક્રમમાં અમેરિકામાં બેરોજગારીનો દોર ઘટીને ૪.૪ ટકા થઈ ગયો છે જે ૧૦ વર્ષની નીચી સપાટી દર્શાવે છે. એપ્રિલ મહિનામાં રોજગારીના આંકડામાં વધારો થયો છે. ફેડરલ રિઝર્વ દ્વારા પણ આગામી પોલિસી બેઠકમાં વ્યાજદરમાં વધારો કરવાના સંકેત આપવામાં આવ્યા છે.

બેરોજગારીના દરમાં ઘટાડો થતાં આ સપાટી મે ૨૦૦૭ બાદથી સૌથી નીચી સપાટી છે. જે દર્શાવે છે કે, અમેરિકા રોજગારીના મોરચે રિકવરીના માર્ગ ઉપર છે. બીજી બાજુ અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે જારી તંગદિલીની અસર બજાર ઉપર દેખાઈ રહી છે. ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે વધતી જતી તંગદિલીના કારણે પણ શેરબજાર ઉપર અસર થઈ શકે છે. ભારત સહિતના વૈશ્વિક નાણાંકીય બજારો ઉપર તેની માઠી અસર થશે. ઉત્તર કોરિયાએ અમેરિકાના કોઈપણ હુમલાના કેસમાં અમેરિકા પર પરમાણુ હુમલા કરવાની ચેતવણી આપી છે. શેરબજારમાં આજે દિવસ દરમિયાન તેજી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કંપનીઓના ત્રિમાસિક ગાળાના પરિણામ પણ જાહેર કરવામાં આવી રહ્યા છે. જેથી તેની અસર બજારમાં જોવા મળી શકે છે.તમામની નજર હવે કેન્દ્રિત છે.

# અવાજને દબાવવાના હેતુથી દરોડાની કાર્યવાહી કરાઈ

નવી દિલ્હી

વર્ષ ૨૦૦૭માં આઈએનએક્સ મિડિયા કંપનીને વિદેશી મૂડીરોકાણની મંજુરી આપવાના મામલામાં તરફેણ કરવાના સંદર્ભમાં સીબીઆઈના વ્યાપક દરોડા બાદ પૂર્વ કેન્દ્રીય નાણામંત્રી પી. ચિદમ્બરમે આજે પોતાની પ્રતિક્રિયા આપી હતી. દરોડા બાદ પોતાની પ્રથમ પ્રતિક્રિયામાં ચિદમ્બરમે કહ્યું હતું કે, મોદી સરકાર તેમના અવાજને દબાવી દેવાના પ્રયાસ કરી રહી છે. સરકાર તેમને લખવાથી રોકવા ઈચ્છુક છે. અન્ય વિપક્ષના નેતાઓ, પત્રકારો, એનજીઓ, સિવિલ સોસાયટીના લોકોને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. સરકાર તેમને અને તેમના પુત્ર તથા મિત્રોને ટાર્ગેટ બનાવવા માટે સીબીઆઈ અને અન્ય એજન્સીઓનો ઉપયોગ કરી રહી છે. આઈએનએક્સ મિડિયાને મંજુરી આપવા સાથે સંબંધિત આક્ષેપો ઉપર ચિદમ્બરમે કહ્યું હતું કે, એફઆઈપીબીની ભલામણના આધાર પર કાયદાકીય હિસાબથી કાર્યવાહી કરવામાં આવે છે. આમાં કેન્દ્ર સરકારના પાંચ સચિવો હોય છે. સ્થાનિક કોંગ્રેસી નેતાઓએ પણ દરોડાની કામગીરીને રાજકીયરીતે પ્રેરિત ગણાવી છે. ચિદમ્બરમે કહ્યું છે કે, સરકાર સીબીઆઈ અને અન્ય તપાસ સંસ્થાઓનો ઉપયોગ હથિયાર તરીકે કરી રહી છે. સેંકડો કેસોમાં એફઆઈપીબીની મંજુરી મળી ચુકી છે. સરકારનો હેતુ તેમના અવાજને દબાવી દેવાનો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેમની સામે કોઈ પણ પ્રકારના આક્ષેપો નથી. દરેક કેસમાં કાયદા મુજબ તપાસ થાય છે. સીબીઆઈનો આક્ષેપ છે કે, કાર્તિ ચિદમ્બરમે કંપનીને મદદ કરવા નાણામંત્રાલયમાં પોતાના પ્રભુત્વનો ઉપયોગ કર્યો હતો.

# રોયલ સ્કૂલ ઓફ સાયન્સ, ધાનેરાનું ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નું ઝળહળતું પરિણામ

તા.પ્રતિનિધિ ધાનેરા

રોયલ સ્કૂલ ઓફ સાયન્સ, ધાનેરાનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું માર્ચ -૨૦૧૭ માં લેવાયેલ બોર્ડની પરીક્ષામાં ઝળહળતું પરિણામ આવેલ છે. અંગ્રેજી માધ્યમમાં સતત ત્રીજા વર્ષે ૧૦૦ % પરિણામ મેળવેલ છે. જેમાં પ્રથમ ક્રમે વિશાલ પુરોહિતે ૯૪.૭૬ પી.આર. મેળવીને સમગ્ર તાલુકામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૯૨.૩૦ % મેળવેલ છે. જેમાં ચૌધરી ભરત રુગનાથભાઈ ૯૩.૫૮ પી.આર. મેળવી શાળામાં પ્રથમ ક્રમ મેળવેલ છે. રોયલ સ્કૂલ ઓફ સાયન્સનું ઓવર ઓલ બન્ને માધ્યમનું વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૯૫ % મેળવી શહેરમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે. શાળાના મેનેજીંગ ડિરેક્ટર નારણસિંહની વાઘેલાએ વિદ્યાર્થીઓને બિરદાવેલ છે.

# આખોલ ખાતે યુવા ભાજપ દ્વારા છાશ અને મીનરલ પાણીનું વિતરણ

ડીસા

ડીસાના આખોલ ખાતે ગઈકાલ તા. ૧૬/૫/૧૭ ને મંગળવારે ભારતીય જનતા પાર્ટી ડીસા તાલુકા યુવા મોર્ચાના દ્વારા સેવાકીય ''છાશ વિતરણ'' કાર્યક્રમ યુવા મોરચા પ્રભારી અર્જુનસિંહ વાઘેલા, યુવા પ્રમુખ વિપુલભાઈ દવે તથા મહામંત્રી મિતેષકુમાર મિસ્ત્રી સાથે સમસ્ત યુવા ટીમના કાર્યકરોની મહેનતે સફળ થયો હતો. જેમાં કુલ ૨૦૦ લીટર છાશ તથા મીનરલ પાણીના વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ લેબજીભાઈ ઠાકોર તથા બંને મહામંત્રી બાબરસિંગ વાઘેલા અને રમેશભાઈ દેસાઈ તથા ઉપપ્રમુખ દાનસુંગભાઈ ઠાકોર, ગિરીશભાઈ દેસાઈ, સાથે આખોલ સરપંચ ભરતભાઈ ધુંખ, ઈશ્વરભાઈ દેસાઈ વગેરે અગ્રણીઓએ વિશેષ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. સાથે યુવા ટીમમાં જેકીભાઈ જોષી, અલ્કેશભાઈ જોષી, દિનેશભાઈ માળી, અરવિંદભાઈ જાટ, અર્જુનસિંગ દરબાર, અતુલભાઈ મેવાડા, મહેશભાઈ માળી, રણજીતભાઈ ઠાકોર, વિષ્ણુભાઈ સુથાર, રાજેન્દ્રસિંહ દરબાર, મુકેશભાઈ માળી, શંકરભાઈ ચૌધરી, મુકેશભાઈ ઠાકોર, સંજયભાઈ દેસાઈ, મુકેશ પ્રજાપતિ, તથા ભારતીય જનતા પાર્ટીના યુવા કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# વધુ બે શાળાઓએ વિદ્યાર્થીને RTE હેઠળ પ્રવેશ ન આપ્યો

અમદાવાદ

રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઇ) એક્ટ હેઠળ શહેરમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવણી પૂર્ણ થયા બાદ વાસ્તવિક પ્રવેશના તબક્કે વાલીઓને હવે નવી મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. શહેરની વધુ બે શાળાઓ શાહીબાગ ખાતેની જ્ઞાનોદય અને વિરાટનગરની સેન્ટ માર્ક સ્કૂલ સત્તાવાળાઓએ તેમની સ્કૂલમાં ફાળવાયેલા વિદ્યાર્થીઓને આરટીઇ હેઠળ પ્રવેશ આપવાનો સાફ ઈનકાર કરી દીધો છે. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ના અપાયો તેમના વાલીઓએ આ સમગ્ર મામલે ડીઇઓ ઓથોરીટીને ફરિયાદ કરતાં સત્તાવાળાઓએ શાળા સંચાલકો વિરૂધ્ધ જરૂરી તજવીજ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની કાર્યવાહી પૂર્ણ થયા બાદ તા.૧૫ મેથી તા.૨૫ મે દરમ્યાન શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે આદેશ અપાયા હતા. જો કે, વાલીઓ જયારે સ્કૂલમાં પ્રવેશ માટે ગયા શહેરની કેટલીક સ્કૂલોમાં તેઓને કડવો અનુભવ થયો હતો. ગઈકાલે જ મણિનગરની પ્રગતિ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને આરટીઇ હેઠળ પ્રવેશ આપવાનો ઈનકાર કરાયાની ઘટનામાં હજુ ડીઇઓ સત્તાવાળા કોઇ કાર્યવાહી કરવાનું વિચારે તે પહેલાં આજે શહેરની શાહીબાગ વિસ્તારની જ્ઞાનોદય અને વિરાટનગરની સેન્ટ માર્ક સ્કૂલમાં વિદ્યાર્થીઓને આરટીઇ હેઠળ પ્રવેશ આપવાનો ઈનકાર કરી દેવાયો હતો. જેને પગલે વાલીઓની હાલત કફોડી બની હતી. વાલીઓએ પ્રવેશ ફાળવણીનું કાગળ રજૂ કરવા છતાં શાળા સત્તાવાળાઓએ પોતાનો નિર્ણય બદલ્યો ન હતો. છેવટે વાલીઓએ કંટાળીને આ સમગ્ર મામલે ડીઇઓ ઓથોરીટીને ઉપરોકત બંને સ્કૂલો સામે લેખિતમાં ફરિયાદ આપી તેમના બાળકોને પ્રવેશ નહી ફાળવાયો હોવાની રજૂઆત કરી હતી. આરટીઇ એકટની જોગવાઇ મુજબ, દરેક શાળાએ ૨૫ ટકા બેઠકો ગરીબ અને જરૂરિયાતમંદ બાળક માટે અનામત રાખવાની હોય છે અને તેમાં આવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો હોય છે. ઉપરોકત બંને સ્કૂલો દ્વારા આરટીઇ હેઠળ પ્રવેશનો ઈનકાર કરાતાં હવે ડીઇઓ ઓથોરીટી તરફથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવી પડશે. જો કે, બંને કસૂરવાર સ્કૂલો વિરૂધ્ધ આકરી શિક્ષાત્મક કાર્યવાહી થવી જોઇએ એવી માંગણી પણ વાલીઓમાં ઉઠવા પામી હતી.

# હિમાંશુ પંડ્યાની ગુજરાત યુનિ. કુલપતિ તરીકે વરણી

અમદાવાદ

રાજય સરકાર દ્વારા ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે આખરે ડો.હિમાંશુ પંડયાની નિમણૂંક કરી દેવાઇ છે. સરકારે આજે આ અંગેની સત્તાવાર અને વિધિવત્ જાહેરાત કરી હતી. જો કે, ડો.હિમાંશુ પંડયાનું નામ કુલપતિ તરીકે ફિક્સ જ હતું, માત્ર ઔપચારિકતા જ બાકી હતી અને આજે આખરે ઘીના ઠામમાં ઘી ઢળી ગયુ ને, ઇન્ચાર્જ કુલપતિ તરીકેનો કાર્યભાર સંભાળતાં ડો.હિમાંશુ પંડયાને કુલપતિ તરીકેનો સત્તાવાર કાર્યભાર સોંપી દેવાયો છે. યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ડો.એમ.એન.પટેલનો કાર્યકાળ તા.૨૨-૨-૨૦૧૭ના રોજ પૂર્ણ થઇ ગયો હતો. રાજયપાલ દ્વારા યુજીસી એકટ હેઠળ ત્રણ સભ્યોની પેનલ બનાવવાની હોય છે અને તેની ભલામણના આધારે વાઇસ ચાન્સેલરની નિમણૂંક કરવાની હોય છે પરંતુ હજુ સુધી ગુજરાત યુનિવર્સિટીના આટલા મહત્વના પદ પર કોઇ નિમણૂંક કરાઇ ન હતી અને ડો.હિમાંશુ પંડયા ઇન્ચાર્જ વાઇસ ચાન્સેલર તરીકે નિયુકત કરાયા હતા. યુનિવર્સિટીમાં કુલપતિની નિમણૂંક તાત્કાલિક અસરથી કરવા દાદ માંગતી જાહેરહિતની રિટ પણ થોડા સમય પહેલાં જ ગુજરાત હાઇકોર્ટમાં થઇ હતી. જેમાં હાઇકોર્ટનું ધ્યાન દોરાયું હતું કે, ડો.હિમાંશુ પંડયા ભાજપના પ્રવકતા ભરત પંડયાના સગાભાઇ થાય છે અને રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવે છે.

**અનુસંધાન પાના નં.૬**

# ડીસાના ગવાડીમાં સફાઈ ન થતા રહીશોમાં રોષ

## સફાઈના અભાવે રોગચાળો ફેલાવાનો ભય


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસા અસગરી ચોકથી હુસૈનીચોક સુધી છેલ્લા પંદર દિવસથી સફાઈ ન થતા ગ્રામજનોમાં ન.પા.સામે રોષ ફેલાઈ જવા પામ્યો છે જો તાત્કાલીક સફાઈ નહીં કરવામાં આવે તો રોગચાળો ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે.

ડીસામાં "મીની અજમેર" તરીકે સુપ્રસિધ્ધ "ભાઈજાનબાવાની મજાર શહીફની સામે છેલ્લા પંદર દિવસથી કચરાના ઢગ ખડકેલા જોવા મળે છે જેના લીધે દરગાહમાં દર્શન તથા જીયારત માટે આવતા ધર્મપ્રેમીજનોમાં રોષ ફેલાયેલો જોવા મળે છે આમ તો સ્થાનિક રહીશ ઈકબાલભાઈ શેખે જણાવ્યું હતું કે, સમગ્ર ડીસામાં રાત્રિના સુમારે સફાઈ થાય છે. પરંતુ અસગરી ચોકથી હુસૈની ચોક સુધી છેલ્લા પંદર દિવસથી સફાઈ થતી નથી જેના લીધે ઠેરઠેર કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે આ અંગે અવાર - નવાર ન.પા.માં રજુઆત કરી છતાં સફાઈ થતી નથી. જો તાત્કાલીક સફાઈ નહીં. કરવામાં આવે તો રોગચાળો ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે ત્યારે જાગૃત ન.પા.પ્રમુખ પ્રવિણભાઈ માળી ગવાડીમાં સફાઈ કરાવે તેવી રહીશોની માંગ ઉઠવા પામી છે.

# થરાદ તાલુકાના ગડશીસર ગામે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ થરાદ

થરાદ તાલુકાના ગડશીસર ગામે સેવાસેતુ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં આજુબાજુના ૭ થી ૮ ગામોના લોકો હાજર રહ્યાં હતા. તેમજ થરાદ મામલતદાર, ટી.ડી.ઓ, વિસ્તરણ અધિકારી તેમજ તલાટીઓ ખેતીવાડી વિભાગના ગ્રામસેવક દશરથભાઈ નાઈ અને ગામના સરપંચ હાજર રહ્યા હતા. ગડશીસર ગામે ૧૪૨૮ અરજીઓ આવેલી તેમાં તમામ ૧૪૨૮ અરજીઓનું ૧૦૦% હકારાત્મક નિકાલ સ્થળ ઉપર જ કરવામાં આવ્યો હતો. જેથી ગ્રામજનોમાં ખુશાલી છવાઈ હતી.

# ડીસામાં ડેન્ગ્યુ અને ડ્રાય ડે ની ઉજવણી અંગે સેમિનાર યોજાયો



ભરત સુંદેશા

ડીસા

ગુજરાત રાજ્ય સરકારે ૧૬ મી મે ના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ ડે ઉજવવાનું નક્કી કરેલ છે. તે અંતર્ગત આજે ડીસા નગરપાલિકા તથા તાલુકા હેલ્થ ઓફીસ ડીસાના આરોગ્ય કર્મચારી માટે નો ડેન્ગ્યુ-ડે તથા ડ્રાય ડે ઉજવણી માટેનો સેમિનાર નગરપાલિકા હોલ ડીસા ખાતે રાખવામાં આવે જેમાં મુ.જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આચાર્ય તથા જિલ્લા મેલેરીયા અધિકારી ડો.ગર્ગ તાલુકા હેલ્થ ઓફીસર ડો.ઝવેરી તથા અર્બન હેલ્થ ઓફીસ ડો.નિરવ ત્રિવેદી તથા ચિફ ઓફીસર નગરપાલિકા ડીસા અને પ્રા.આ.કે.ના સુપરવાઈઝર તથા આરોગ્ય કાર્યકર, નગરપાલિકાનો સ્ટાફ હાજર રહેલ.

તા.૧૭/૦૫/૨૦૧૭ ના રોજ ડીસા અર્બન વિસ્તારમાં ડ્રાય - ડે તરીકે ઉજવવાનો હોઈ વાર્ડ વાઈઝ પ્રા.આ.કે.ના આરોગ્ય કર્મચારી તથા નગરપાલિકાના કર્મચારીની સયુક્ત રીતે ટીમની વહેચણી કરવામાં આવેલ વોર્ડ નંબર - ૧ થી ૧૨ વોર્ડની ટીમવાઈઝ વહેચણી કરવામાં આવેલ હાઉસ ટુ હાઉસ મુલાકાત દરમિયાન વાહક જન્ય રોગોનું સર્વલન્સ, પોરાનાશક કામગીરી, શંકાસ્પદ ટી.બી.ના સ્પુટમ લેવા, કન્ટ્રક્શન સાઈડનું સુપરવિઝન તથા પાણી ભરેલ વાસણો ખાસ તપાસવા તેને એકીસાથે ખાલી કરાવી સાફ કરી તડકે સુકવી બીજા દિવસે પાણી ભરવા જણાવવાનું આ રીતે અઠવાડીયામાં એક દિવસ આ પ્રકારની એક્ટીવીટી કરવા લોકોને સમજ આપવી.

વધુમાં મા.મુ.જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આચાર્ય સાહેબશ્રી એ ડેગ્યુ અટકાવવા માટેના ઉપાયો મચ્છર ઉત્પતી કેન્દ્રો શોધવા અને તેના કઈ રીતે નાબુદ કરવા તેની સવિસ્તાર માહિતી આપેલ સાથે સાથે પાણી જન્ય રોગચાળો તથા પાણીની પાઈપ લાઈનનું લિકેજીગ શોધી તેનું લાઈન લિસ્ટીંગ બનાવી આપવા જણાવેલ. જિલ્લા મેલેરીયા અધિકારી ડો.ગર્ગ સાહેબ કન્ટ્રક્શન સાઈડની વિઝીટ કરી પાણીના ટાંકાઓ ખાસ તપાસવા જણાવેલ તથા ઘરની અંદર ફુલદાની ફ્રીજ ની ટ્રે ખાસ તપાસવા જણાવેલ તથા તાવના શંકાસ્પદ દરેક કેશની ક્વોલીટી વાળી સ્લાઈડ લેવા જણાવેલ અંતમાં ચીફ ઓફીસર ડીસાને ડેગ્યુ મુક્ત બનાવવા માટે તમામ પ્રકારના પાલિકાના સભ્યો દ્વારા પુરતો સહયોગ આપવા જણાવેલ તથા તા.હે.ઓફીસર ડો.ઉમેશ ઝવેરી ડ્રાય-ડે તેમજ ડેગ્યુ વિષે ફિલ્ડમાં કઈ રીતે કામગીરી કરવી તથા તેની માહિતી તમામ કર્મચારીને આપેલ.

તથા શાળાની આજુબાજુ વેચાતા ગુટકા તથા તમાકુ, સિગારેટ જેવા વ્યસની વસ્તુઓ ના વેચાય તેના માટે પાનના ગલ્લાવાળાઓને ખાસ સુચના આપવી.

# કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી તરીકે નિમણુંક...



તા.પ્રતિનિધિ થરા

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીના આદેશ અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરહુસેન ચૌહાણ, કાંકરેજ ધારાસભ્ય ધારશીભાઈ ખાનપુરાની ભલામણથી કાંકરેજ તાલુકા કોગ્રેસ સમિતિના મહામંત્રી પદે ગણપતભાઈ પૂનમચંદભાઈ રાજપુરોહિત ની નિમણુંક કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# દાંતીવાડા તાલુકાની ઈમર્જન્સી ૧૦૮ સેવા રાત્રીના સમયે બંધ રહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા

### તાલુકાની નબળી નેતા ગીરીને કારણે ઈમર્જન્સી ૧૦૮ સેવા રાત્રીના સમયે શોભાના ગાંઠિયા સમાન બની

પ્રતિનિધિ પાંથાવાડા

દાંતીવાડા તાલુકામાં ઈમરજન્સી ૧૦૮ સેવા ઘણા સમયથી તાલુકાની નબળી નેતા ગીરીને કારણે રાત્રીના સમયે બંધ રહેતા કોઈ આકસ્મિક ઘટના બને ત્યારે દૂર દૂર બીજા તાલુકાની ઈમર્જન્સી ૧૦૮ વાન આવતી હોય છે.ઘણીવાર બીજા તાલુકા માંથી આવતા સમય લાગતાં દર્દીનો જીવ પણ જોખમમાં મુકાય છે.તેથી તાલુકાની ૧૦૮ સેવા રાત્રીના સમયે શોભાના ગાંઠિયા સમાન બની છે.

રાજસ્થાનની સરહદને અડીને આવેલા પછાત ગણાતા દાંતીવાડા તાલુકામાં અંદાજે ૧૫૦ કરતા પણ ગામો આવેલા છે.અહી શિક્ષણનું સ્તર નીચું હોઈ ગરીબ અને અભણ પ્રજાને આરોગ્ય ક્ષેત્રે વારંવાર સહન કરવું પડે છે.તે માટે રાજય સરકાર દ્વારા દરેક તાલુકામાં આરોગ્ય ક્ષેત્રે સુધારો આવે તથા આકસ્મિક ઘટના સમયે ઝડપી સારવાર મળી રહે તે હેતુથી ઈમર્જન્સી ૧૦૮ સેવા કાર્યરત કરવમાં આવી હતી.જોકે દાંતીવાડા તાલુકામાં મુકેલી ૧૦૮ વાન છેલ્લા ત્રણેક માસથી સવારે આઠ થી રાત્રે આઠ સુધીની કરતા લોકો મુશ્કેલી વેઠી રહ્યાછે. રાત્રીના સમયે કોઈ આકસ્મિક ઘટના બને કે ડિલિવરી હોય ત્યારે પાલનપુર,ડીસા,વીરમપુર એમ દૂર દૂરથી આવતા અકસ્માતમાં ઘવાયેલાને સમય સર સારવાર નમલવાથી મોતને પણ ભેટી જાય છે.અને ના છૂટકે ખાનગી વાહનમાં દવાખાના સુધી બમણા નાણાં આપી ડિલિવરી કે કોઈ અન્ય બીમારી વખતે જવું પડે છે.ચોવીસ કલાક સેવા આપવાના બદલે માત્ર દિવસેજ ચાલુ રખાતા તાલુકાની નબળી નેતા ગીરી સામે લોકો ફિટકાર વરસાવી રહ્યા છે.આ અંગે દાંતીવાડા કોલોની સરપંચ અશોકભાઈ ભોજાણી એ જણાવ્યું હતુંકે ગરીબ પ્રજાને મુશ્કેલીના સમયે દવાખાને જવા માટે તાલુકાની ઈમર્જન્સી સેવા ૧૦૮ રાત્રીના સમયે બંધ કરાતા ખાનગી વાહનમાં જવું પડે છે.વળી રાજયના આરોગ્ય મંત્રી પણ આજ જીલ્લાના હોવા છતાં લોકોને મુશ્કેલી વેઠવી પડે છે.ત્યારે દિવા તળે અંધારૂ કહેત અહી સાબીત થાય છે.આ અંગે તાલુકા ભાજપ પ્રમુખ નટુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે રાત્રીના સમયે તાલુકામાં ૧૦૮ સેવા બંધછે જે મારી ધ્યાને આવી છે.જેથી આરોગ્ય મંત્રીને લેખિતમાં જાણ કરી વહેલી તકે ૧૦૮ સેવા ચોવીસ કલાક માટે કાર્યરત થાય તેવા પ્રયાસ કરીશું.

# સરકારે ખાનગી કંપનીઓ પાસેથી મોંઘા ભાવની વીજળી ખરીદી

### સરકારી વીજ કંપનીના વીજ ઉત્પાદનમાં ઘટાડો : અદાણી પાવર, એસ્સાર પાવર અને ટાટા પાવર પાસેથી સરકારે ૨૪,૨૨૯ કરોડની વિજળી ખરીદી

ગાંધીનગર

રાજયમાં સરકારી વીજ કંપનીઓના વીજ ઉત્પાદનમાં ઘટાડો થયો છે. સરકારે ખાનગી કંપનીઓ પાસેથી મોંઘા ભાવે વીજળી ખરીદી છે. વર્ષ ૨૦૧૧થી ૨૦૧૬ સુધીના સમયગાળામાં વિજળી ખરીદી છે. ૨૪ હજાર ૨૨૯ કરોડની વીજળી ખાનગી કંપનીઓ પાસેથી ખરીદી છે.

અદાણી પાવર પાસેથી ૪૦૪૫૨ મીલીયન યુનિટ વીજળી ખરીદી છે. એસ્સાર પાવર પાસેથી ૧૫૧૨૩ મીલીયન યુનિટ વીજળી ખરીદી છે. ટાટા પાવર પાસેથી ૩૨૭૮૫ મીલીયન યુનિટ વીજળી ખરીદાઈ છે. જોકે કહી શકાય કે, સરકાર દ્વારા ખાનગી કંપનીઓને ફાયદો કરી આપવાનો કારસો છે.

# કાંકરેજના કંબોઈ ખાતે રાજપૂત સમાજનો દ્વિતિય સમુહ લગ્નોત્સવ યોજાયો


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

કાંકરેજ તાલુકાના કંબોઈ કુંપાણી માટી ખાતે શ્રી ખોડીયાર સમુહ લગ્નોત્સવ સમિતિ દ્વારા ગઈકાલે રાજપૂત સમાજના દ્વિતિય સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે ૨૬ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા.

આ પ્રસંગે કિર્તિસિંહ વાઘેલા (પ્રદેશ ઉપપ્રમુખ કિસાન મોરચો ભાજપ), મફાજી સોલંકી, જુગલજી મથુરજી ઠાકોર, ઈશુભા વાઘેલા, માલસિંહ જાદવ, ગાડાજી વાઘેલા, ભરતસિંહ વાઘેલા, પૂનમસિંહ ડાભી, નિરંજનભાઈ દવે સહિત અગ્રણીઓ તેમજ સમાજના આગેવાનો વડીલોએ ઉપસ્થિત રહી નવ દંપતિને આશિર્વચન પાઠવ્યા હતા.

# ત્રિપલ તલાક તો મુસ્લિમોની આસ્થાનો મામલો : સિબ્બલ

નવીદિલ્હી

ત્રિપલ તલાકના મુદ્દા ઉપર સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન આજે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના વકીલ કપિલ સિબ્બલે કોર્ટની સમક્ષ અનેક દલીલો રજૂ કરી હતી. સિબ્બલે ત્રણ તલાકને લઈને મુસ્લિમોની આસ્થાનો મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ૧૪૦૦ વર્ષથી ચાલી રહેલી ત્રિપલ તલાકની પ્રથા મુસ્લિમોની આસ્થાનો મામલો છે. તેમણે કહ્યું હતું કે, આની સરખામણી ભગવાન રામના અયોધ્યામાં જન્મ સાથે સંબંધિત દર્શાવીને કપિલ સિબ્બલે વિવાદ છેડી દીધો હતો. તેમણે કહ્યું હતું કે, જો ભગવાન રામના અયોધ્યામાં જન્મને લઈને હિન્દુઓની આસ્થા પર પ્રશ્નો ઉઠાવી શકાતા નથી તો ત્રિપલ તલાક ઉપર પ્રશ્નો કેમ ઉઠાવવામાં આવી રહ્યા છે. ત્રિપલ તલાક અમાન્ય જાહેર થવાની સ્થિતિમાં નવા કાયદા લાવવા માટે કેન્દ્રમાં નિવેદન ઉપર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોર્ટમાં ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ તરફથી રજૂઆત કરતા કપિલ સિબ્બલે કહ્યું હતુ કે, મુસ્લિમો છેલ્લા ૧૪૦૦ વર્ષથી ત્રિપલ તલાકની પ્રથા પાળી રહ્યા છે અને આ વિશ્વાસનો મામલો છે. આ ગેરબંધારણીય છે તેમ કઈ રીતે કહી શકાય છે.

આસ્થાનો પ્રશ્ન ઉઠાવતા સિબ્બલે કહ્યું હતું કે, જો હિન્દુ એમ માને છે કે ભગવાન રામનો જન્મ અયોધ્યામાં થયો હતો તો આ આસ્થાને બંધારણીય માન્યતાના આધાર પર પ્રશ્નોના ઘેરામાં મુકી શકાય નહીં. સિબ્બલે કહ્યું હતું કે, કોર્ટને કોઈ અન્યની આસ્થા અને વિશ્વાસને નક્કી કરવા માટે દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. આ સંદર્ભમાં જસ્ટિસ આરએફ નરીમને સિબ્બલને પ્રશ્ન કર્યો હતો કે, આ મામલામાં સુનાવણી કરવી જોઈએ નહીં તેવો તેમ કહેવા તેઓ માંગે છે કેમ.

અનુસંધાન પાના નં.૬

## સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણમાં

# દેશમાં નોંધપાત્ર ક્રમે રહેલી નગરપાલિકાઓના પદાધિકારીઓનું સન્માન



ગાંધીનગર

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નગરપાલિકા-મહાનગરપાલિકાઓના તંત્રવાહકોને સામૂહિક નિર્ણય-સામૂહિક જવાબદારીથી કાર્યરત રહી નગરો-શહેરોના વિકાસની નવી ઊંચાઈઓ પ્રસ્થાપિત કરવા પ્રેરક આહવાન કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશમાં મ્યુનિસિપાલિટીનો વહિવટ કેવો હોય તે જોવા અન્ય રાજયો પણ ગુજરાતમાંથી પ્રેરણા લેવા આવે તેવો નમૂનેદાર વહિવટ આપવાની નેમ છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના ઉપક્રમે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પ્રથમ હપ્તાના રૂ. ૧૦૦૦ કરોડની ગ્રાન્ટના ચેકનું વિતરણ ગાંધીનગરમાં કર્યુ હતું. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતીમાં યોજાયેલા આ ગૌરવપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રીએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વછતા સર્વેક્ષણમાં દેશમાં નોંધપાત્ર ક્રમે રહેલી નગરપાલિકાઓના પદાધિકારીઓનું સન્માન પણ કર્યુ હતું.

વિજયભાઈ રૂપાણીએ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના આ તંત્રવાહકો-પ્રમુખ મેયર અને અન્ય પદાધિકારીઓને પ્રેરણા આપતાં ઉમેર્યુ કે, છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોચે તે કેન્દ્રસ્થાને રાખીને ગુણવત્તાવાળા, ઝડપી અને પારદર્શી જનહિત કાર્યો પૂર્ણ કરવા સમયની માંગ છે. મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજયની તમામ નગરપાલિકાઓમાં ભૂર્ગભ ગટર વ્યવસ્થા ધરાવતું ગુજરાત દેશનું પહેલું રાજય બને તેવી આપણી નેમ છે. તેમણે કહ્યું કે, આપણે વિવાદ નહિ સંવાદ, લઘુતમ સાધનોનો મહત્તમ ઉપયોગ અને જયાં માનવી ત્યાં સુવિધા આ ત્રણ મૂદાઓ પર ફોકસ કરીને સ્થાનિક સ્વરાજયની આ સંસ્થાઓને વિકાસના નવા સિમાચિન્હો પાર કરાવવા છે.

અનુસંધાન પાના નં.૬

## ઉસ્માનપુરા કંટ્રોલરૂમમાં વીજ પુરવઠો ખોરવાયો

# સર્વર ડાઉન થતા મોટાભાગના સિવિક સેન્ટર પર કાર્યવાહી ઠપ

અમદાવાદ

મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉસ્માનપુરા ખાતે આવેલા મુખ્ય કંટ્રોલરૂમ ખાતે આજે બપોરના સુમારે અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતા શહેરના મોટાભાગના સિવિક સેન્ટરો ઉપર લીઝ લાઈન ડાઉન થવાના કારણે કાર્યવાહી ઠપ્પ થઈ જવા પામી હતી.જો કે ૩૦ મિનીટ બાદ ફરીથી કંટ્રોલરૂમમાં વીજ પુરવઠો શરૂ થતા સિવીક સેન્ટરો સાથે મુખ્ય લીઝ લાઈનનું જોડાણ શરૂ થવા પામ્યું હતું.આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો મુખ્ય કંટ્રોલરૂમ શહેરના ઉસ્માનપુરા ખાતે આવેલી પશ્ચિમઝોનની કચેરી ખાતે કાર્યરત છે.

આ કંટ્રોલરૂમમાં બપોરે ૩ ના સુમારે અચાનક જ વીજ પુરવઠો ખોરવાઈ જવાના પગલે વીજ પુરવઠો ખોરવાવાની અસર શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા સિવીક સેન્ટરો ઉપર જોવા મળી હતી.શહેરના સિવીક સેન્ટરોને મ્યુનિ.ના મુખ્ય કંટ્રોલરૂમના સર્વર સાથે કનેકટિવીટી આપવામાં આવી છે.મુખ્ય કંટ્રોલરૂમમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે શહેરના મોટાભાગના સિવીક સેન્ટરોની મેઈન સર્વર સાથેની કનેકટિવીટી ખોરવાઈ જવાથી કાર્યવાહી ઠપ્પ થઈ જવા પામી હતી.શહેરના ધરણીધર, રીલીફરોડ, વાસણા, લાંભા, સરખેજ,વેજલપુર સહીત અન્ય વિસ્તારોમાં કાર્યરત મ્યુનિ.ના સિવીક સેન્ટરો ઉપર સર્વર ડાઉન થવાને કારણે લીઝ લાઈન ડાઉન થતા કામકાજ ઠપ્પ થઈ જવા પામ્યું હતું.દરમ્યાન ૩.૩૦ના સુમારે ઉસ્માનપુરા ખાતે ફરીથી વીજ પુરવઠો સ્થાપિત થયો હોવાનું તેજસ ભંડારીએ કહ્યું હતુ.દરમ્યાન વીજપુરવઠો ખોરવાવાની ઘટનાને પગલે મ્યુનિ.કંટ્રોલરૂમ સાથે સંકળાયેલા સિવીક સેન્ટરોની કાર્યવાહી ઠપ્પ થઈ જવા પામી હતી.

## સ્થાનિક મુદ્દાઓને આગળ કરી ભાજપને ઘેરશે કોંગ્રેસ

# અનાજના ભાવ, પાક વિમા, યુવાનોને રોજગાર, ૨૪ કલાક વીજળી અને સ્કૂલ ફીના પ્રશ્નો ઉઠાવાશે

નવી દિલ્હી

વર્ષાંતે થનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને સ્થાનિક મુદ્દાઓથી ઘેરવા માટે અશોક ગેહલોતની ટીમ પ્રદેશ માળખાને તૈયાર કરી રહી છે. ચૂંટણીને અનુલક્ષીને રણનીતિ તૈયાર કરવામાં ગૂંથાયેલ કોંગ્રેસ ગત ચૂંટણી વખતના ભાજપી વચનો તરફ નજર દોડાવી છે. ઉપરાંત ભાજપ સરકાર માટેની હાલની સમસ્યાઓને પણ હથીયાર બનાવવા માટેના પ્રયાસો આદરાયા છે. જો કે ભાજપ સામે લડવા તૈયાર થઈ રહેલી કોંગ્રેસ આંતરીક લડાઈથી પણ ત્રસ્ત છે.

ભાજપ સરકારને ઘેરવા માટે અસરકારક રણનીતિ તૈયાર કરનાર કોંગ્રેસે ભાજપે ૨૦૧૨માં આપેલા ચૂંટણી વચનો તરફ નજર દોડાવી છે. જેમાં ખેડૂતોને અનાજ ઉત્પાદનના પોષણક્ષમ ભાવો, પાક વિમા, યુવાનોને રોજગાર, ચોવીસ કલાક વિજળી, સ્કૂલ ફીમાં મનફાવે તેવા વધારા કરતી સ્કૂલો પર અંકુશ જેવા મુખ્ય મુદ્દાઓ સામેલ છે. રાજ્ય પ્રભારી અશોક ગેહલોત તથા મદદનીશો પ્રશાંત કિશોરની ટીમ તથા ગુજરાતના અનુભવી અને સિનીયર નેતાઓ સાથે મળીને બુથ અને ચૂંટણી મેનેજમેન્ટની રણનીતિ બનાવવામાં હાલ ગુંથાયા છે.

ભાજપને સ્થાનિક મુદ્દાઓના આધારે ઘેરવા માટે કટીબદ્ધતા વ્યકત કરીને તાજેતરમાં જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસની સોશ્યલ મીડીયા ટીમની એક મહત્વની બેઠક પણ મળી ગઈ હતી અને તેમા ભાજપની નિષ્ફળતા અને સમસ્યાઓને આગળ કરી સોશ્યલ મીડીયા પર અભિયાન પણ ચલાવવાનું નક્કી કરાયુ હતું.

આ ઉપરાંત કોંગ્રેસ નવેસરથી જ બુથ અને ચૂંટણી મેનેજમેન્ટની રણનીતિ તૈયાર કરશે અને બુથ મેનેજમેન્ટ ઉપર વધુ ધ્યાન દઈ દરેક બુથ ઉપર ૧૫ થી ૨૫ કોંગ્રેસ સમર્પિત કાર્યકરો તૈયાર કરવાની પણ યોજના બનાવાઈ છે.

બીજી તરફ અશોક ગેહલોત અને સહપ્રભારીઓએ ગુજરાતમાં કોંગ્રેસી જુથવાદ ઓછો થાય તે માટે પણ પ્રયત્નો આદર્યા છે. જો કે આવા પ્રયાસો આદરાયા તે ટાંકણે જ બાપુની આડકતરી નારાજગી સામે આવી જતા મુશ્કેલીઓ ઘટવાના બદલે વધી છે.

# આઈટી ક્ષેત્રે મોટાપાયે છટણી જારી નથીઃ કેન્દ્ર

નવીદિલ્હી

આઈટી સેક્ટરમાં જોબ કટને લઈને મચેલી અફડાતફડી વચ્ચે સરકાર તરફથી આજે ખાતરી આપવામાં આવી હતી કે, આઈટી સેક્ટર મોટાપ્રમાણમાં નોકરીમાં કાપ મુકવા જઈ રહ્યું નથી. આઈટી સચિવ અરુણા સુંદર રાજને કહ્યું હતું કે, આઈટી ઈન્ડસ્ટ્રીએ સરકારને વિશ્વાસ અપાવ્યો છે કે, તે મોટાપાયે કર્મચારીઓને છુટા કરી રહ્યા નથી. હાલના સમયમાં આઈટી સેક્ટરમાં આઠથી નવ ટકાના દરે વિકાસની ગતિ ચાલી રહી છે. આવી સ્થિતિમાં નોકરીમાં કાપ મુકવાનો કોઈ પ્રશ્ન નથી. અરુણા સુંદર રાજને કહ્યું હતું કે, જે જોબ કટના મામલા સપાટી ઉપર આવ્યા છે તે કોન્ટ્રાક્ટ ઉપર આધારિત હતા. તેમને નિયમિત અપ્રેઝલ સર્કલ દરમિયાન રિન્યુ કરવામાં આવ્યા ન હતા. આ ઉપરાંત આઈટી સચિવે કહ્યું હતું કે, જોબ કટના મામલામાં જે કંપનીઓના નામ સપાટી ઉપર આવ્યા હતા તેમાનામાં સ્પષ્ટતા થઈ ચુકી છે. સુંદર રાજને કહ્યું હતું કે, કેટલાક લોકોના કોન્ટ્રાક્ટ રિન્યુ થઈ શક્યા નથી પરંતુ આ બાબત પણ ખોટી છે કે, મોટાપાયે રોજગારીમાં કાપ મુકવામાં આવી રહ્યા છે. સરકાર આ સંબંધમાં સંપૂર્ણપણે વાકેફ છે અને સ્પષ્ટીકરણની માંગ કરવામાં આવી રહી છે. આઈટી સેક્ટરે છેલ્લા અઢી વર્ષના ગાળામાં પાંચ લાખ લોકોને રોજગારી આપી છે. ભવિષ્યમાં પણ રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવામાં આવશે. નોકરીમાં કાપને લઈને આવી રહેલા અહેવાલ બિલકુલ આધારવગરના છે. આઈટી સેક્ટરમાં મોટાપાયે રોજાગરી અપાઈ રહી છે.

# ક્રાઈમ બ્રાંચના નામે તોડ કરતો ગઠિયો પોલીસના હાથે ઝડપાયો

અમદાવાદ

ક્રાઈમબ્રાંચના અધિકારી તરીકે ઓળખ આપી લોકોને લૂંટતા ભાવિક નરેન્દ્રભાઈ સુથાર (ઉ.વ૨૫) નામના એક શખ્સને શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારીઓએ ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી પોલીસનો પ્લાસ્ટિકનો દંડો તેમ જ ફોર વ્હીલરની નંબરપ્લેટ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, આરોપી અગાઉ સુથારીકામ કરતો હતો અને હાલમાં છેલ્લા બે મહિનાથી ઓલા કેબમાં ટેક્સી ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. ક્રાઈમબ્રાંચે આરોપી ભાવિક સુથારે અગાઉ આ પ્રકારના કેટલા ગુનાઓ આચર્યા છે અને કયા પ્રકારની લૂંટ ચલાવી છે તે દિશામાં તપાસ આરંભી છે. આ અંગેની વિગત એવી છે કે, સુઘડ ખાતે પાર્શ્વનાથ એટલાન્ટિક પાર્ક ખાતે રહેતો અને વસ્ત્રાપુર એલજે કોમર્સ કોલેજમાં બીબીએ ફાઈનલ યરમાં અભ્યાસ કરતો શુભમ સુશીલભાઈ ચૌધરી તા.૧૪-૫-૧૭ના રોજ તેના મિત્ર અવિનાશ ઉર્ફે લકી રોય સાથે પોતાના બાઈક પર વિસત પેટ્રોલ પંપ પાસે સર્વિસ રોડ પરથી પસાર થતો હતો ત્યારે સામેથી આવેલી સફેદ ટાટા ઈન્ડિગો કારમાંથી ઉતરી આરોપી ભાવિક સુથારે આ બંને જણાંને અટકાવ્યા હતા. આરોપીએ કોઈપણ વાંક વગર શુભમને હું કોણ છું ઓળખે છે, હું ક્રાઈમબ્રાંચમાં ઓફિસર છું..એમ કહી શુભમને પીઠના ભાગે બે-ચાર દંડા ફટકારી દીધા હતા

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

**જે મનુષ્ય ધાર્મિક છે તેના રાત-દિવસ સફળ થઈ જાય છે.**

# પાક.ની કટ્ટર નીતિના કારણે કાશ્મીરમાં શૈક્ષણિક કાર્ય ઠપ્પ

પાકિસ્તાન દ્વારા એલ.ઓ.સી. પર સતત ચાર ચાર દિવસથી જે યુદ્ધ વિરામનો ભંગ થઈ રહ્યો છે. તેના કારણે સામાન્ય જનજીવન જીવતાં કાશ્મીરીઓ પર ગંભીર અસર વર્તાઈ રહી છે. સતત ગોળીબાર તેમજ મોર્ટારમારો ચાલુ રહેતાં હજારથી પણ વધુ લોકોનું સ્થળાંતર ભારતીય જવાનો કરાવી રહ્યા છે. જવાનોનો માનવીય અભિગમ ક્યારેય વિસરી શકાય તેમ નથી. કાશ્મીરના સરહદ નજીકના ગામોમાંથી લોકોને ખસેડવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી રહી છે.

ભારતીય સરહદે આવેલા ગામડાઓ પર કોઈપણ જાતની ઉશ્કેરણી વિના પાકિસ્તાન દ્વારા જે હુમલા કરવામાં આવી રહ્યા છે. તેના આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ટીકા થઈ રહી છે. જો કે ભારતીય જવાનો દ્વારા પણ વળતો જવાબ આપવામાં આવી રહ્યો હોવાથી કેટલાક પાકિસ્તાની સૈનિકો સરહદ નજીકથી પીછેહઠ કરી રહ્યા છે. તેમ છતાં સરકાર દ્વારા કાશ્મીરમાં જે પરિસ્થિતિ પેદા થઈ છે તેની રોજેરોજ સમીક્ષા થાય તે જરૂરી છે.

તાજેતરમાં લશ્કરી જવાન ઉપર આતંકીઓએ હુમલો કરીને જઘન્ય હત્યા છતાં કાશ્મીરના અમુક યુવાનો આતંકીઓથી ડર્યા નથી. હમણા દક્ષિણ કાશ્મીરમાં યોજાયેલી પોલીસ ભરતીમાં સબ ઈન્સ્પેકટરની ૧૦૦ પોસ્ટ માટે ૬૧૦૦૦ કરતાં વધારે યુવાનો અને યુવતીઓ દ્વારા અરજી કરવામાં આવી છે. તે ઉપરાંત ૩૦૦૦ થી પણ વધુ યુવાનો ફિઝિકલ ટેસ્ટ માટે હાજર રહ્યા હતા. જો કાશ્મીરમાં યુવાનોનું યોગદાન પૂરેપુરૂ મળી રહે તો કાશ્મીરની જનતાને બચાવી શકાય. સાહસીકતા અને કર્તવ્ય નિષ્ઠતા યુવાનોમાં હશે તો જવાનોને સારૂં એવું પીઠબળ મળી રહે તેમ છે. જેથી યુવાનોને આગળ લાવીને પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકાશે.

કાશ્મીરમાં પાક. દ્વારા યુદ્ધ વિરામના ભંગના કારણે સાત જેટલા ગાયોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ચૂકયું છે, શાળા અને કોલેજો આસપાસ તકેદારીના પગલા ભરવામાં આવી રહ્યા છે. જવાનોની મદદથી ૧૨ જેટલા ગામો ખાલી કરાવાયાં છે અને પ્રજાજનોને રાહત કેમ્પોમાં રાખવામાં આવી રહ્યા છે. સરકારના ૫૦૦ થી વધુ કર્મચારીઓને સ્થળાંતર કરાવવા માટેની કામગીરી સોંપવામાં આવી છે. વળી સ્થળાંતર કરાવતી વખતે કોઈ હુમલો ન થાય તેની સતત તકેદારી રાખવામાં આવી રહી છે.

કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં લોકોને સ્થળાંતર કરાવવા માટે ૨૦ થી વધુ બસો અને એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી છે. ૯૦ થી વધુ શાળા- કોલેજો બંધ કરવામાં આવી છે અને કર્મચારીઓને માટે રજા જાહેર કરવામાં આવી છે.

રાજૌરીના ડેપ્યુટી કમિશ્નર શાહિદ ઈકબાલ ચૌધરીના જણાવ્યા મુજબ ગત રવિવારે વહેલી સવારે ચિટિબાકરી અને ચિન્ગસ વિસ્તારમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા મોટા પાયે ફાયરિંગ કરાયું હતું. આ સરહદી વિસ્તારના અસંખ્ય ગામોમાં તનાવભરી પરિસ્થિતિ હોવાથી જવાનો નજર રાખી રહ્યા છે. પોલીસની દરેક પ્રદેશમાં મદદ લેવામાં આવી રહી છે. કેટલાક વિસ્તારોની સોંપણી જવાનોને કરવામાં આવી છે. બેવસ અને બેહાલ બની બેઠેલા લોકોને માટે વહીવટીતંત્ર દ્વારા જમવાની અને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

બીજી તરફ કેટલાક લોકોને જવાનોના બંકરમાં આશરો આપવામાં આવ્યો છે. જ્યારે નૌશેરા સેકટર વિસ્તારમાં ૫૧ જેટલી સ્કૂલો અનિશ્ચિત મુદત સુધી બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો હોવાથી શિક્ષણકાર્ય તદ્દન ખોરંભે પડી ચૂકયું છે. જ્યારે મંજાકોર વિસ્તાર અને ગુંગી વિસ્તારની ૩૬ જેટલી શાળાઓ ત્રણ દિવસ માટે બંધ કરી દેવામાં આવી છે. કેમ કે પાક. સેના દ્વારા સ્કુલો પર હુમલા થવાની શકયતાને નિવારી શકાય તેમ નથી. આ બાબતે વિશ્વ સ્તરના રાષ્ટ્રો આજે પાકિસ્તાનને ન બોલવાના શબ્દો ઉચ્ચારી રહ્યા છે.

*આત્મચિંતન*

# વિપરીત પરિસ્થિતિમાં પણ આપણે વ્યાકુળ ન બનીએ

પોતાના સ્નેહીજનના વિયોગથી આપણે વ્યાકુળ બની જઈએ છીએ કારણ કે તે આપણને છોડીને ચાલી નીકળ્યો.આ વિષયમાં વ્યાકુળ બનવાથી શું થશે ?

સમગ્ર સૃષ્ટીના પિતામહ બ્રહ્મા છે, ચરાચર સૃષ્ટી તેમનાથી ઉત્પન્ન થઈ છે. પોતાનું આયુષ્ય પુર્ણ થતાં તેઓ રહેતા નથી. કારણ કે તેઓ પણ ભગવાન વિષ્ણુના નાભિકમળમાંથી પેદા થયા છે તેથી મહાપ્રલયમાં તેઓ પણ વિષ્ણુના શરીરમાં વિલીન થઈ જાય છે. જ્યારે આ અટલ સિદ્ધાંત છે કે જીવંત વસ્તુઓનો નાશ થાય છે તે પછી આપણે પોતાના પ્રિયનો શોક શા માટે કરીએ ? જેજ્યાંથી આવ્યો હતો ત્યાં પાછો જતો રહે છે. એક દિવસ આપણે પણ જવાનું છે આથી જે દિવસો બાકી છે તેમને ધૈર્યની સાથે પરમ પિતા પરમાત્માના ગુણોના ચિંતનમાં ગાળીએ.

શરીર વ્યાધીગ્રસ્ત બનતા આપણે વ્યાકુળ બનીજઈએ છીએ વ્યાકુળ બનવાથી આજ સુધી કોઈ રોગમુકત બન્યું છે ? આ શરીર તો વ્યાધીઓનું ઘર છે. જાતી, ઉંમર તથા કર્મને સાથે લઈને જ આ શરીર ઉત્પન્ન થયું છે. પુર્વજન્મનાં જે કર્મો છે તે તો ભોગવવા જ પડશે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# જબ પ્રાણ તનસે નિકલે...

અમૃત ધારા – કનુભાઈ આચાર્ય

પેટ ગાગરડી સમુ અને હાથ-પગ સાવ જાણે દોરડાં લટકાવ્યાં હોય એવાં. ચહેરો મૂળ ભરાવદાર નહીં હોય, પણ સૂઝી ગયેલો એટલે ભારે ભારે લાગે. આવો વિચિત્ર છોકરો અમદાવાદના ઈન્કમટેક્ષ સ્ટેન્ડ ઉપરથી બસમાં ચડ્યો. આમ તો ચડ્યો શું, હડસેલાયો. ગીર્દી જ એટલી કે બહારવાળા અંદર આવવા ધક્કા મૂક્કી કરે. એમાં આ છોકરો પ્રવેશી ગયો. અંદર પ્રવેશીને એ હાંફવા લાગ્યો. એના હાથમાં ડૂચા જેવી એક થેલી. એને પકડી રાખવાનો પ્રયત્ન કરતાં-કરતાં બીજા હાથે તેણે ઉપરનો સળિયો માંડ માંડ પકડ્યો. પોતાની ઊભા રહેવાની સ્થિતિ નક્કી થઈ ગયા પછી હાશ થઈ હોય, તેમ એ છોકરો માથું નીચે ઝૂકાવી ને હાંફતો હતો.

અમદાવાદ- થરાદ બસ ગીતામંદિરથી ઉપડી, ત્યારે જ એમાં જગ્યા ન હતી. પછી ઈન્કમટેક્ષથી નવાં પેસેન્જર ચડ્યાં. કેટલાંકને તો એવું હોય છે કે બસ ઉપડે એટલે સમાધિ અવસ્થામાં આવી જાય. કેટલાંક વાતોમાં મશગૂલ બની જાય... પણ કેટલાક ચકોર નજરે કોણ ઉતરે છે.. કોણ ચડે એનો હિસાબ રાખે. એ બધાને માપે. એમની નજરમાંથી કોઈ છટકી ના શકે. એવા લોકોની નજરમાં આ છોકરો આવ્યો.. જોયો ને એમાં જે દયાળુ વર્ગના હતા, તેમના મોંઢામાંથી અરેરાટી ય નીકળી ગઈ...

'અર... ર... બિચારાની કેવી દશા છે?'

'જો ને પેટ કેટલું બધું મોટું થઈ ગયું છે...?'

'જલોદર લાગે છે. છે ને, જલોદરમાં આવું થાય. પેટફૂલી જાય.હાથ- પગ દોરડી થતા જાય...' એક અનુભવીએ અનુભવવાણી ઉચ્ચારી.

'પેટમાં પાણી ભરાય એટલે પેટ ગાગર જેવું થઈ જાય, સમજ્યા....? આ મટે નહીં...' બીજા એક અનુભવીએ એ જ્ઞાનવાણીમાં વધારો કર્યો.

આ તો જીવ લઈને છોડે એવો રોગ છે... ત્રીજાએ પણ જાણે પોતે રહી જતો હોય તેમ પોતાનું જ્ઞાન વ્યક્ત કરતાં કહ્યું. કેટલાકની નજર એ ઉતાવળા અવાજને કારણે એ ત્રીજા ભાઈ તરફ ખેંચાઈ. એ છોકરાએ આ વાર્તાલાપ સાંભળ્યો કે નહીં, તે ખબર નથી, પણ મેં સાંભળ્યો. કથાકારો કથા કરી કરીને બધાને સંસારમાંથી નિર્લેપ બનાવવા લાખો રૂપિયા ખર્ચે છે, પણ ઘણા ટીકાકારોની ફરીયાદ એવી કે માણસ એમ કાંઈ નિર્લેપ બનતો નથી; પણ બસના હડદોલે હોય કે અચાનક વારંવારની બ્રેકને કારણે હોય, પણ કેટલાક તો સંસાર સાવ અસાર છે એમ સમજીને નિર્લેપ થઈ ગયેલા. સાવ સજ્જનો પણ હવે એમની નિર્લેપતા ખંખેરી આ માયાના વળગણમાં જોડાયા.

મોટે ભાગે બસમાં વીસ-પચીસ ટકાલોકો તો ઊંઘતા હોય છે; પાંચ દસ ટકા હાથમાં ચોપડી લઈને બેસે છે. એમાં બે અઢી ટકા વાંચતાં વાંચતા ઊંઘનારાં હોય છે કે ઊંઘતા ઊંઘતા વાંચનારા હોય છે. કેટલાક જીવનમાં પહેલીવાર મળ્યાં હોય અને હવે બીજીવાર મળવાની શક્યતા ન હોય એટલે થાય તેટલી વાતો કરી લેવી, એમ સમજીને વાતો કરનારા હોય છે. કેટલાંક કયા સ્ટેશને કેટલો નાસ્તો કરવો, ચા પીવી કે કોફી એના આયોજનમાં મસગૂલ હોય છે. આમ બસની આ નાનકડી દુનિયામાં પેલા વાર્તાલાપનો કાંકરો ફેંકાયો ને કેટલાંક ડોકાં વળી વળીને એ છોકરા તરફ ખેંચાયાં. સડસડાટ દોડતી બસમાં છોકરો માંડ- માંડ જાતને જાળવી રહેલો. ઊભો ના રહી શકે પણ એ કોને કહે? શું કહે? જેણે એને જોયો તેઓ એને જોઈને જીવ પણ બાળ્યા કરે. એક બાઈ બોલી- 'અરેરે, આ જીવે કેટલાં વકરમ કર્યા હશે તે આવી દશા આવી?'

'એકલો છે? હારે કોઈ નથી બિચારાને...?'

'લાગે છે તો એવું...'

દયાના વરસાદમાં ભીંજાતો હતો પેલો છોકરો... એ વખતે વચ્ચેની સીટમાં બેઠેલો એક ગોરો ઊભો થયો. તેણે પેલા છોકરાને ઉદ્દેશીને કહ્યું 'સીટડાઉન હિઅર' અવાજ ઊભેલા પેસેન્જરોને વીંધતો પેલા ગામડીયા છોકરા સુધી પહોંચ્યો પણ હશે. કારણ કે છેક આગળની સીટ પર બેઠેલાની નજર પણ હવે પેલા વિદેશી તરફ ખેંચાઈ, પણ છોકરો તો એની જાણ જાળવવામાં પડ્યો હતો અને આટલા બધા અહિંસક, ઉદાર, ભારતીય સંસ્કૃતિની દુહાઈ દેતા લોકોની વચ્ચે એને બેસવાની જગ્યા મળશે એવી જરાય શ્રદ્ધા ન હોવાથી આ વાક્ય એના માટે હોય એવી તો એને કલ્પના ય શેની આવે? ને પાછું અંગ્રેજીમાં બોલાયેલું વાક્ય. છોકરો ના આવ્યો એટલે પેલો ગોરો વચ્ચેથી બહાર નીકળ્યો. પેલાનો હાથ પકડીને તેને પોતાની જગ્યા સુધી લઈ આવ્યો. જો કે એટલું કહેવું કે લોકોએ આઘા- પાછા થઈને પણ પેલાને સીટ સુધી જવાની અનુકૂળતા કરી આપી. સીટને છેડે બેઠેલા પેસેન્જરને વચ્ચે બેસાડીને જગ્યા ખાલી કરાવી પેલા વિદેશી ગોરાએ આ છોકરાને ત્યાં બેસાડ્યો. છોકરાના હાથમાંની પોટલી જેવી થેલી પેલા અંગ્રેજે લઈ લીધી હતી. આપણે કોઈપણ ગોરો જોઈએ એટલે અને અંગ્રેજ સમજી લઈએ છીએ. જો કે પાછળથી ખબર પડી કે એ કેનેડિયન સજ્જન હતો. પણ ઘડીભર તો બધાને લાગ્યું કે એક અંગ્રેજ ઊભો હોય એમાં આપણી મહેમાની સંસ્કૃતિનું શું? બે-ત્રણ જણાએ આઘા ખસીને પેલા ગોરાને પોતાની પાસે બેસવા ઓફર કરી ગોરો ઈશારાને સમજ્યો નહીં કે પછી એ ઉદારતાનો લાભ આપવા ના માગતો હોય તેમ એ તો ઊભો જ રહ્યો. એને બેસવા કરતાં વધારે રસ પેલા છોકરામાં હતો.

એ છોકરાના શરીર ઉપર ફાટેલા ગાભા જેવો એક કટકો પહેરેલો હતો. સીવેલો હોવાના કારણે એને પહેરણ જેવુ વસ્ત્રવાચક નામ આપી શકાય. એમાં ઠેકઠેકાણે કાણાં પડી ગયેલાં પહેરણ ટૂંકું હતું ને પેટ વધી જવાને કારણે એ ઊંચુ ચડી ગયેલું. એટલે એનું ઉપસેલું ગોળાકાર કાળુ પેટ બાર પડી જવા મથામણ કરે. પેલો કેનેડિયન એ છોકરાને અંગ્રેજીમાં પૂછે- 'શું થયું છે?'

છોકરો બાઘાની જેમ એની સામે જોઈ રહ્યો. એને કાંઈ પલ્લે પડ્યું નહીં. એ ઊંડા શ્વાસ લઈને ગોરાની સામે જોઈ રહ્યો હતો. થોડાક અંગ્રેજી ભણેલા લોકો હવે ગોરાની વહારે આવ્યા. એમાંનો હું પણ એક હતો. પેલા ગોરો ઊભા થઈને બિમાર બાળકને બેસવા માટે પોતાની સીટ આપી દીધી. તેનાથી બધાનો અહોભાવ એના તરફ વધ્યો જ હતો. ને એમાં ય ગોરી ચામડીનું તો ભારતીયોને સદૈવ આકર્ષણ છે. એકાદ ગોરો દેખાય એટલે આજેય બધા ટીકી ટીકીને એની સામે જુએ છે. મારા જેવું મગન અંગ્રેજી જાણનારા એક બે જણાએ ઊભા થઈને એને બેસવા માટે સીટ ધરી દીધી. એણે 'થેન્ક યુ' કહીને બધાનો આભાર માન્યો. ગોરો મૂછમાં હસી રહ્યો હતો. એકસો નેવું વર્ષ આ ગોરાઓ મૂછમાં હસ્યા છે.. આમતો...! વેપાર કરવા આવ્યા ને ભારતે એમના ખોળામાં આખું સામ્રાજ્ય ચીભડાના ભાવે આપી દીધું હતું...! પેલા દર્દી ગરીબડા છોકરાને સીટ ના આપનારા પુનઃ ગોરાના ખોળામાં સીટ આપવા હજુ એટલા જ ઉત્સુક હતા...!

ત્રણની સીટ ઉપર ત્રણ જણ બેઠા હોય ને કોઈ આપણો પરિચિત કે સ્વજન ઊભો હોય ત્યારે આપણે જરાક સંકોચાઈને એને બેસાડવા બીજા આપણા સીટ પાડોશીને કહીએ-'જરા ખસો તો આમને બેસાડી શકાય. આ તો પંખીડાનો મેળો છે. હમણાં ઊડી જશે.' આપણું આ આધ્યાત્મિક તીર વાગે તો પેલા બે પાડોશી સંકોચાય. આપણા સ્વજનને જાત ઠેરવવાની જરાક જગ્યા મળે. પણ એમ જ જો કોઈ ચોથો માણસ આવે ને જગ્યા માગે તો આપણે કહીએ... ત્રણની જ સીટ છે. ચાર કેવી રીતે બેસાય...? એ વખતે 'પંખીડાનાં માળા' જેવું વાક્ય કામ ના આવે. આવાં વાક્યો તો સગવડતા પ્રમાણે ઉપયોગમાં લેવાતાં હોય છે.મને સમજાયું કે ગોરો કોઈને ઊઠાડીને જગ્યા મેળવવા જેવી સગવડીયા સંસ્કૃતિને માનતો ન હતો. એટલે મેં સંકોચાઈને જરાક જગ્યા કરી. પલા ગોરાને મારી પાસે બેસાડવા ઓફર કરી. જો કે ગોરાને બેસવામાં રસ ન હતો. એ કલાકો સુધી ઊભો રહેવા તૈયાર હતો, પણ તેને પેલા બાળકમાં રસ પડ્યો હોય કે ગમે તે પણ એ બાળક વિશે વધારે જાણવા ઉત્સુક હતો... અને એ બાળક વિશે જાણવા એને દુભાષિયાની જરૂર ઊભી થઈ. મને અંગ્રેજી આવડતું હશે એમ માનીને એ મારી પાસે દબાતા પગલે બેઠો... ને મને કહેવા લાગ્યો કે... આ બાળક કોણ છે? ક્યાંથી આવ્યો? ક્યાં જવાનો? એનું નામ શું? એના શુદ્ધ અંગ્રેજી સામે મારું ગુજરાત યુનિવર્સિટીનું એક્સ્ટર્નલ ફરજિયાત પાંત્રીસ માર્કાવાળું અંગ્રેજી પાછું પડ્યું, તો ય મેં તો ગબડાવ્યે રાખ્યું... જલોદરથી પીડાતા- પંદર સોળ વર્ષના કિશોરનું મૂળ જાણવા માટે પેલો ગોરો આતુર હતો. એ સીધી રીતે તો પેલા છોકરા સાથે વાત કરી શકતો ન હતો. જો કે તેણે ઈશારાથી, આંગિક કાર્યથી તો એ કિશોર સાથેનો સંપર્ક સ્થાપિત કરી જ દીધો હતો. અંબિકા (કલોલ) નું સ્ટેન્ડ આવતાં- આવતાં તો પેલા ગોરાએ એની પાસે રહેલાં ફળોમાંથી એક મોસંબી કાઢીને એને છોલીને પેલા કિશોરને ખવડાવવા માંડી હતી. આખી બસને માટે આ રોમાંચક ઘટના જેવું બની ગયેલું. બધા આ પ્રેમાલાપને વળી વળીને જોયા કરે. હોઠમાં ને હોઠમાં મલકે.

**ક્રમશઃ** **- કનુ આચાર્ય**

## મનીપાલ યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ ટ્રાન્સફર પ્રોગ્રામ માટે પ્રવેશ શરૂ

અમદાવાદ

ભારતની અગ્રણી પ્રાઈવેટ યુનિવર્સિટીઓમાંની એક મનીપાલ યુનિવર્સિટી દ્વારા તેના ઈન્ટરનેશનલ ટ્રાન્સફર પ્રોગ્રામ માટે ઉગતા એન્જિનિયરોની અરજીઓ આવકારે છે. આ પ્ર ફોર અપ્લાઈડ સાયન્સીસ (આઈસીએએસ) દ્વારા ઓફર કરાયો છે. આ અનોખો પ્રોગ્રામ એન્જિનિયરીંગનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મનીપાલ યુનિવર્સિટીમાં અભ્યાસના પ્રથમ બે વર્ષ સંપન્ન કરવાની સુવિધા આપે છે અને તેમની પસંદગીની ૧૦૦થી વધુ ફોરેન યુનિવર્સિટીઝમાં અભ્યાસ કરી શકે છે. આ પ્રોગ્રામ સંપન્ન થયા પછી વિદ્યાર્થી એન્જિનિયરીંગ ડિગ્રી ડેસ્ટીનેશન ઈન્ટરનેશનલ યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત કરશે અને ઈન્ટરનેશનલ પ્લેસમેન્ટ લઈ શકે છે અથવા તેમની ઈચ્છા મુજબ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી ૧૯૯૪થી, ઈન્ટનરનેશનલ સેન્ટર ફોર અપ્લાઈડ સાયન્સીસ (આઈસીએએસ) ઈન્ટરનેશનલ ટ્રાન્સફર પ્રોગ્રામ ચલાવે છે જ્યાં વિદ્યાર્થીઓ પાસે ભારતમાં તેમજ યુએસએ, યુકે, ઓસ્ટ્રેલિયા, જર્મની, કેનેડા, ફ્રાન્સ વગેરેમાં અભ્યાસના વિકલ્પ રહે છે. જાણીતી યુનિવર્સિટીઝ જેમકે કોર્નેલ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, લેન્કેસ્ટર યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ લીડ્સ અને ઓસ્ટ્રેલિયન નેશનલ યુનિવર્સિટી વગેરે આઈસીએએસ ક્રેડિટ્સ સ્વીકારે છે અને ઈન્ટરનેશનલ પ્લેસ ડોલરના સેલેરી પેકેજ સાથે આપે છે. કોઈપણ વિદ્યાર્થી કે જે ૧૦+૨ કોઈ પણ બોર્ડમાંથી ૬૦ ટકા માર્ક્સ (કે સમાન ગ્રેડ) ઈંગ્લિશ, ફિઝિક્સ, મેથેમેટિક્સ અને કેમિસ્ટ્રી-બાયોલોજી-કમ્પ્યુટર સાયન્સ ગણાશે તેમજ નોન ઈંગ્લિશ મિડિયમના વિદ્યાર્થીઓ માત્ર તેઓ ટોફેલ એક્ઝામમાં ૯૦થી ઉપરનો સ્કોર પ્રાપ્ત કરેલ હોય તો યોગ્યતાપ્રાપ્ત ગણાશે.

## ફિઆમા દ્વાર I ફિઆમા મેન કુલ બર્સ્ટ શાવર જેલ ની રજુઆત




ફિઆમા દ્વારા અસહય ગરમીનો સામનો કરવા ફિઆમા કુલ બર્સ્ટ શાવર જેલની રજુઆત કરવામાં આવી છે, આ નવુ ઈનોવેટીવ બાથ જેલ તમારા શરીરના તાપમાનને ૩ ડીગ્રી જેટલુ ઓછુ કરી દેશે. જેલમાં મેન્થોલ છે જે સ્વાસ્થય માટે ફાયદાકારક છે અને તાજગીસભર ફ્રેગરન્સ તમને તરોતાજા કરી દેશે.

મેન કુલ બર્સ્ટ માં શરીર અને વાળ માટે ડયુઅલ કિલન્ઝર છે જે ગરમીથી તરબતર શરીરને રિલેક્સીંગ અનુભવ આપશે. તો ફિઆમા મેન કુલ બર્સ્ટ શાવર જેલ સાથે કુલ રહો.

## ટેલિનોર વર્લ્ડ ટેલિકોમ ડે ની ઉજવણી વધારા ડેટાના લાભ સાથે કરી રહયું છે

અમદાવાદ

વર્લ્ડ ટેલિકોમ ડે ની પૂર્વ સંધ્યા પર ટેલિનોર ઈન્ડીયાએ તેના ગુજરાતના ગ્રાહકો માટે સ્પેશીયલ ડેટા રિચાર્જ બોનાન્ઝાની ઘોષણા કરી છે. વર્લ્ડ ટેલિકોમ ડે એટલે કે ૧૭ મે ૨૦૧૭ ના રોજ જે ગ્રાહક સ્પેશીયલ ટેરિફ વાઉચર ભજીફઘ ૬૩ રિચાર્જ કરાવશે તેને બીજી કોઈ વધારાની પડતર વગર વધારાનો ૧ જીબી ૨જી ડેટા મળશે.




સામાન્ય રીતે જીફ ૬૩ માં ૬૦૦ એમબી ૨જી ડેટા ૨૧ દિવસની માન્યતા સાથે મળે છે. આ વિશેષ રજુઆત દ્વારા ગુજરાતમાં ટેલિનોરના ગ્રાહકો માત્ર રૂ. ૬૩ માં ૧ જીબીનો વધારાનો ૨જી ડેટા પ્રાપ્ત કરી શકશે. આ રીતે જીફ ૬૩ બજારમાં ઉપલબ્ધ સૌથી કિફાયતી પ્રોડકસ બન્યુ છે. આ વધારાના ૧ જીબી ડેટા ઓફર માત્ર વર્લ્ડ ટેલિકોમ ડેના દિવસે રિચાર્જ કરાવવાથી મળશે.

## હોર્લિક્સ દ્વારા નવા શેક શેક કેમ્પેઈનની રજુઆત




આ સમરમાં ભારતના અત્યંત વહાલા હેલ્થ ફૂડ ડ્રિંક હોર્લિકસની સારપ સાથે ચિલ્ડ મિલ્કનો ગ્લાસ શેક-શેક કરો. બાળકો ગરમની જગ્યાએ બધું જ ઠંડું પસંદ કરી રહયા છે ત્યારે હોર્લિકસની નવી ઠંડી ઠંડી ઓફરમાં ચોલકેટ ડિલાઈટ અને કેસર બદામની બે લોકપ્રિય ફ્લેવર્સ દૂધને આરોગ્યવર્ધક સાથે સ્વાદિષ્ટ પણ બનાવે છે.

નવી ટીવીસી ઝુંબેશનું લક્ષ્ય સમર સીઝનને સંકલ્પનાત્મક બનાવવાનું છે.બાળકોને આઈસક્રીમ,સેકસ, કુલફી જેવી તેની પ્રેરિત ફોર્મેટ્સમાં દૂધ સેવન કરવાનું ભાવે છે, જયારે કોરું દૂધ તેમને વિલકુલ ભાવતું નથી,જે મુદ્દા આ ઝુંબેશમાં આવરી લેવાયો છે.આ ઝુંબેશ બાળકોને હવે ચોકલેટ હોર્લિકસ અને હોર્લિકસ કેસર બદામથી બનેલા હોર્લિકસ શેકસ ભાવે છે તે દર્શાવીને બાળકો સાથે તેનું જોડાણ બનાવવાનું ચાલુ રાખે છે.વળી,સ્કૂલોમાં કોલ્ડ હોર્લિકસના સેમ્પલિંગ થકી આ સીધા જોડાણને વધુ મજબૂત બનાવાયું હતું.આ ઝુંબેશ કોલ્ડ કેમ્પેઈન માટે પ્રથમ વાર પેકેજિંગ નાવીન્યતાથી આરંભ કરતાં બધા ગ્રાહક સંપર્ક સ્થળે સ્પશ કરે છે,જેમાં આઈસ કયુબ્સ અને ડયુ ડ્રોપ્સ પેક પર સમાવિષ્ટ છે.

## ઈન્ડિઝેલ - એન્જિનની સંપૂર્ણ કામગીરીને વધારવા માટે યોજાયેલું ક્રાંતિકારી ઈંધણ



મુંબઈ

માય ઈકો એનર્જીએક એવી સંશોધક(પહેલ કરનારી) કંપની છે, જે તેનું ઉત્પાદન ઈન્ડિઝેલલોન્ચ કરીને ભારતમાં પુનઃ વપરાશયોગ્ય ઈંધણને સુલભ અને સસ્તું બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે. ક્રાંતિકારી ઈંધણ ઈન્ડિઝેલવનસ્પતિ તેલમાંથી બને છે. ભારતમાં હાલમાં આ એકમાત્ર ઈંધણ છે જે યુરો ૬માપદંડ અનુરૂપ છે, જે તેને ભારતનુંહરિત બળતણ બનાવે છે.

આજના દિવસોમાં અને સમયમાં ડીઝલ વ્યાપકપણે ઉપયોગમાં લેવામાં આવે છે, જોકે બળતણ આરોગ્ય અને પર્યાવરણ પર ઘણી ખરાબ અસરો કરે છે, જેને કારણે સખત પ્રદૂષણ થાય છે. ઈન્ડિઝેલના સ્વરૂપમાંસ્ઈઈ (એમઈઈ)ઈંધણ માટેએક નવો ઉકેલ પૂરો પાડે છે. ઈન્ડિઝેલ બિન-પેટ્રોલિયમ આધારિત ઈંધણ છે, જે માત્ર ઓછું ઉત્સર્જન જ નથી કપતું પણ સાથે ટકાઉ ઊર્જાની પણ ખાતરી આપેછે. આ ઉત્પાદન ઓટોમોટિવ ઈંધણ ગુણવત્તાનાં નિશ્ચિત ધોરણોને અનુકૂળ અને ચડિયાતું એવું નવીનતમઈંધણ છે અને હાલના ઈંધણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિતરણ વ્યવસ્થા અને એન્જિન્સ સાથે સંપૂર્ણપણે સુસંગત છે.

## અમદાવાદના બાળકો ફન મિસ્ટરી અને રિડલ સોલ્વિંગમાં સુપર-સ્લ્યુથ ગટ્ટુ બટ્ટુ સાથે જોડાયા



અમદાવાદ

ભારતની પ્રથમ એનિમેટેડ ઈન્વેસ્ટિગેટિવ સિરીઝના બે સુપર-સ્લ્યુથ ગટ્ટુ અને બટ્ટુએ મિસ્ટરીઝ અને લોજિકલ માઈન્ડ ગેમ્સનો ઉકેલ લાવવાની મોજમસ્તીભરી ઈવેન્ટ માટે અમદાવાદની મુલાકાત લીધી હતી.

ગટ્ટુ- બટ્ટુ તેના હાર્દમાં ભારત સાથેની સમકાલીન સિરીઝ છે. ગટ્ટુ બટ્ટુ બે બેસ્ટ ફ્રેન્ડ્સની વારતા છે, જેઓ નાના શહેર વિશ્રામપુરમાં ઈન્વેસ્ટિગેટિવ અને સિક્યુરિટી એજન્સી ચલાવે છે. બટ્ટુ દરેક કેસ ઉકેલવા માટે છઠ્ઠી ઈન્દ્રિય છે તો તેનો ફ્રેન્ડ ગટ્ટુ સાહસિક અને સાચો છે. તેની હાસ્યસભર અને ચતુર હરકતો આ શોનો હાર્દ અને આત્મા બને છે. ગટ્ટુ અને બટ્ટુ સાથે તેમની મોજમસ્તીમાં ટિંગ ટોંગ પણ જોડાશે, જે માર્શલ આર્ટસની ખૂબીઓ સાથે તેમની ગૂફી અને વહાલી સાઈડકિક છે. તેઓ બધા ડો.

ભાટવડેકર અને તેમનાં ગેજેટ્સ સાથે મળીને એકત્ર આવીને કુખ્યાત મોજીલો વિલન શેર સિંગ સામે લડે છે. આ અજોડ ઈન્વેસ્ટિગેટિવ ઘરમાં બનાવેલો નિકલોડિયન ગૃહનો એનિમેટેડ શો એકશન અને કોમેડીનું અજોડ સંમિશ્રણ છે અને દેખી રીતે જ બાળકો માટે મોજમસ્તીભર્યો મનોરંજનનો અનુભવ પૂરો પાડશે.

## એનડીડીબી, આણંદ ખાતે ડેરી એશિયાના સ્થાનિક સહયોગીઓની બેઠક યોજાઈ

આણંદ

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, આણંદ દ્વારા આણંદમાં સ્થાનિક સહયોગીઓની એક બેઠક યોજાઈ હતી, જેમાં સહકારી ડેરી ક્ષેત્રના વિવિધ સહયોગીઓએ હાજરી આપી હતી. તેમાં સમગ્ર દેશમાંથી ૫૦ લોકો સામેલ થયા હતા અને ડેરી ફેડરેશન્સ, દૂધ ઉત્પાદક કંપનીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, એનડીડીબી અને તેની પેટાકંપનીઓના નિષ્ણાતો આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકનો ઉદ્દેશ ભારતીય સહયોગીઓને ડેરી એશિયા પ્લેટફોર્મનો પરિચય કરાવવાનો અને જ્ઞાન તથા ઉત્તમ પ્રણાલીઓ માટે પ્લેટફોર્મમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. હાલમાં સાઉથ એશિયાનાં ૧૩ પાર્ટનર દેશો ડેરી એશિયાના સભ્ય છે.

એનડીડીબીના ચેરમેન શ્રી દિલીપ રથે આ સમારંભનું ઉદઘાટન કરતાં જણાવ્યું હતું કે સાઉથ એશિયાના દેશોમાં ઘણી બધી બાબતો એકસરખી છે. એમાં અતિ મહત્વની બાબત એ છે કે તેના મોટા ભાગના દેશ નાના હોલ્ડર (માલિક) ધરાવતી ઉત્પાદન વ્યવસ્થા છે અને આથી ડેરી એશિયા જેવુ પ્લેટફોર્મ જલ -વાયુ પરિવર્તન જેવા પડકારો હલ કરવામાં પરસ્પરને પ્રાદેશિક સહયોગ દ્વારા સહાયક બની શકે તેમ છે.

તેમણે જણાવ્યું હતું કે આપણે ઉત્પાદન વધારવુ, દેશી ઓલાદો, ગ્રીન-હાઉસ ગેસને કારણે ઉત્પાદનમાં ઘટાડો, રોગ નિયંત્રણ તથા સામાજીક સમાવેશીતા અને પર્યાવરણ જાળવણીના સાતત્ય સાથે સામાન્ય હિત ધરાવતા મહત્વના મુદ્દા શોધીને તેને હલ કરી શકીએ. તેમણે વધુમાં જણાવ્યું કે ડેરી એશિયાને કારણે એક મોટી પ્રતિકાત્મક તાકાત ઉભી થશે અને વિવિધ ઈન્ટરનેશનલ ડેરી ફોરમમાં એશિયાના દેશોનો અવાજ મજબૂત બનશે.



## કચોરી પુરી

સામગ્રી : બે વાડકી ઘઉંનો લોટ, એક વાડકી મેંદો, થોડું ઘી મોણ માટે, ચપટીભર ખારો. એક વાડકી અડદની દાળ અથવા તો એક વાડકી મગની દાળ (ત્રણથી ચાર કલાક પહેલા પલાળી રાખવી) વાટેલા આદુ - મરચાં, ઝીણી સમારેલી કોથમીર, સ્વાદ મુજબ મીઠું, મરચું હળદર અને ગરમ મસાલો, ૧ નંગ લીબું, તળવા માટે ઘી.

રીતઃ બે લોટ ભેગા કરી જરૂરી મોણ નાંખીને બરાબર મેળવી લો. આ મેળવેલા લોટમાં ચપટી ભર ખારો મેળવીને લોટ બાંધી લો.

પલાળી રાખેલી દાળને જરા જાડી વાટી લો. આખાં દાણા ન રહેવાં જોઈએ. એ વાટેલો લચકો ઢીલો ના હોવો જોઈએ. ગોળ પીડા જેવો થવો જોઈએ. એટલે દાળમાંથી પાણી બરાબર કાઢવું. લીબું નીચોવીને બરાબર મેળવી લો. આ વાટેલી દાળમાં એના ભાગનું સ્વાદ મુજબનું મીઠું, મરચું, હળદર, ગરમ મસાલો, વાટલા આદુ મરચાં ઉમેરી લો. બાંધેલા લોટમાંથી લૂઆં કરી પૂરી વણી લો. પૂરી જાડી વણજો. તેમાં ઉપરનું પૂરણ ભરી, કચલરીની માફક વાળીને પૂરી વણી લો. દેશી ઘીમાં અથવા તો ડાલ્ડા ઘીમાં તળી લો.

સામગ્રીઃ બે કપ ઘઉંના લોટ, એક કપ સાબુદાણા, ૧/૨ ચમચી અજમો, સ્વાદ મુજબ મીઠું, તળવા માટે તેલ.

રીત : સાબુદાણાને સાફ કરી તેને એક કપ પાણીમાં એક કલાક પલાળી રાખો. સાબુદાણા બરાબર પલળે એટલે તેનું પાણી નીતારી લો. ઘઉંના લોટને ચાળી તેમાં મીઠું, સાબુદાણા અજમો નાંખી લોટ બાંધે તેમાંથી નાના લૂઆ કરી પૂરી વણી લો. તેને તેલમાં આછા ગુલાબી રંગની તળી લો.



# કારકિર્દી, પરિવાર કે બન્ને ? સ્ત્રીને પસંદગીનો અવકાશ હોવો જોઇએ

**નારી ચેતના**

લગ્ન અને બાળકોના જન્મ પછી બહાર કામ કરવા જવું કે નહી, કારકિર્દીને કેટલું મહત્વ આપવું એ દરેક સ્ત્રીના સંજોગો અને સ્વભાવ પર આધારિત હોય છે. જેમ મોટાભાગે પુરૂષોને તેની કારકિર્દીના શિખરો પર પહોંચવામાં તેમની પત્નીઓ મદદ કરતી હોય છે એ જ રીતે પુરૂષો શા માટે ન કરી શકે?

અમેરિકામાં રહેતી પાંત્રીસ વર્ષીય શહાનેશા ટેલર ત્રણ બાળકોની મા છે. થોડા દિવસો પહેલાં તે એક નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા ગઈ હતી. તે ભયંકર આર્થિક સંકડામણ અનુભવી રહી હતી. તેની પાસે કમાણીનું કોઈ સાધન નહોતું અને આ નોકરી તેના માટે બહુ જ અગત્યની હતી. ૭૦ મિનિટનો ઈન્ટરવ્યૂ આપીને તે બહાર આવી ત્યારે પાર્કિંગ એરિયામાં તેની કારની આસપાસ પોલીસ ઓફિસરો ઊભા હતા. તેની ધરપકડ કરવામાં આવી. તેણે 'મહાઅપરાધ' કર્યો હતો. તેના બે વર્ષના અને ૬ મહિનાના દીકરાને કારમાં મૂકીને નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવા જવાનું ઘોર પાપ તેણે આચર્યું હતું. તેને આ નોકરી કોઈ પણ ભોગે જોઈતી હતી કારણ કે આ નોકરી મળે તો તે તેના ત્રણ સંતાનોને બે ટંક ભોજન અને એક છાપરું આપી શકે એમ હતી. તેની પાસે તો ઘરથી ઈન્ટરવ્યૂ આપવા જવા માટે અફિસ સુધી પહોંચવાનું પેટ્રોલ પણ નહોતું અને એટલે આગલી રાતે તે વોલ માર્ટના પાર્કિંગ એરિયામાં ખાલી કેન વીણતી રહી અને લોકો પાસે માગી-ભીખીને તેણે ઈન્ટરવ્યૂના સ્થાન સુધી પહોંચી શકે એટલું પેટ્રોલ પુરાવવાના પૈસા ભેગા કર્યા. બાળકોને બેબી સીટિંગમાં મૂકવાની તેણે વ્યવસ્થા કરી હતી પણ એ તેને ઈન્ટરવ્યૂ માટે જ્યાં જવાનું હતું ત્યાંથી વિરુદ્ધ દિશામાં હતું. તેની કારમાં જેટલું પેટ્રોલ હતું એમાં કાં તો બેબી સિટરના ઘર સુધી પહોંચી શકે અને નહીં તો ઈન્ટરવ્યૂ આપવા માટે ઑફિસ સુધી. તેણે બીજો વિકલ્પ પસંદ કર્યો, કારણ કે ત્રણ બાળકોને રોજ ભૂખ્યાં સુવડાવવા કરતાં ૭૦ મિનિટ માટે કારમાં એકલા મૂકવા તેને વધુ મુનાસિબ લાગ્યું. તેણે બંને બચ્ચાંઓને કારમાં સીટ-બેલ્ટ વડે બાંધી રાખ્યાં હતાં, પણ બાળકો રડવા માંડયા અને પોલીસને જાણ થઈ કે આ 'નિર્દયી' મા પોતાના બાળકોને રેઢાં મૂકીને નોકરી માટે ઈન્ટરવ્યૂ આપવાનું પાતક કરવા ગઈ છે! પોલીસે તેની ધરપકડ કરી. આ કિસ્સો સોશ્યલ મીડિયા પર ચગ્યો.

કરુણાશીલ લોકોએ પૈસા ભેગા કરીને ૯,૦૦૦ ડોલરની જામીન પર શાહનેશા ટેલરને છોડાવી, એક લાખ ડોલર બીજા પણ ભેગા થયા જેથી તેની આર્થિક મુશ્કેલી હળવી થાય, પણ પોલીસે તેના બાળકોને તેની પાસેથી લઈ લીધાં, કારણ કે તેણે બાળકો પ્રત્યે 'બેદરકારી' દર્શાવી હતી. અત્યારે તેની પાસે એક લાખ ડોલરનું બેંક્ન બેલેન્સ છે પણ તેના બાળકો તેની સાથે નથી. શાહનેશા ટેલરે પત્રકારોને કહ્યું, 'સાચું કહું તો મને એક લાખ ડોલર મળ્યાની જરા ય ખુશી નથી કારણ કે મારાં બાળકો મારી પાસે નથી અને હું સતત રડતી રહું છું.' શાહનેશા ટેલરના સમાચાર અખાબરોમાં આવ્યા પછી બે પ્રકારની પ્રતિક્રિયાઓ આવી છે. એક વર્ગને શાહનેશા પ્રત્યે અત્યંત સહાનુભૂતિ છે તો બીજો વર્ગ તેને 'ઘોર પાપ આચરનારી મહિલા' ગણે છે.અમેરિકામાં જ રહેતી એક મહિલા મોડી સાંજે ઘરે પાછી આવી. તે ખૂબ જ ખુશખુશાલ હતી અને એ ખુશીના સમાચાર તેના પરિવાર સાથે વહેંચવા એકદમ ઉત્સુક હતી. ગેરેજમાં કાર પાર્ક કરી અને ઘરના દાદરા સુધી પહોંચી ત્યાં તેણે ઉપરની બાજુ તેની માને ઊભેલી જોઈ. તેણે તેની માને કહ્યું મારે એક ગુડ ન્યૂઝ આપવા છે. તેની માએ કહ્યું એ સમાચાર પછી આપજે, જા પહેલાં જઈને દૂધ લઈ આવ કારણ કે ઘરમાં દૂધ ખલાસ થઈ ગયું છે. તે મહિલાનો પતિ ક્યારનો ય ઘરે આવી ગયો હતો પણ તે સ્ત્રીની માએ જમાઈરાજાને કામ સોંપવાને બદલે દીકરી પાછી આવે એની રાહ જોઈ હતી. દૂધ

અનુસંધાન પાના નં.૬

# તમારા બાળકોના ઝગડાથી તમે કંટાળ્યા છો તો આ રીતે તાલમેલ બેસાડો

**બાળ ઉછેર**

તમારા ઘરમાં પણ એવો કોઈ દિવસ નહી જતો હોય જ્યારે તમારા બાળકો ઝગડતા ન હોય. નાની-નાની વાતો પર બાળકોનું લડવુ સામાન્ય વાત છે. આ ઝગડાને ઉકેલવા દરેક માતાપિતા માટે એક પડકાર હોય છે. તેમને સમજાતુ નથી કે કેવી રીતે આનો અંત લાવે. બાળકોના પરસ્પર સંબંધો સુધારવામાં પેરેંટ્સની ખૂબ મોટી ભૂમિકા હોય છે તો આવો જાણીએ આ ઝગડાને કેવી રીતે ઉકેલશો.

બંને બાળકોને જુદો જુદો સમય આપો - બાળકો અનેકવાર તમારુ ધ્યાન આકર્ષિત કરવા માટે પણ પરસ્પર ઝગડો કરે છે. ઝગડો ઓછો કરવાનુ સૌથી સારી રીત છે કે તમે બંનેને પોઝીટીવ અને જુદો જુદો સમય આપો. જેમની તેમને ખરેખર જરૂર છે. તમે રોજ ફક્ત ૧૦થી ૧૫ મિનિટનો સમય બંનેને જુદો જુદો આપો. આ દરમિયાન તેમની સાથે તેમની પસંદની એક્ટીવીટી કરો. જ્યારે બાળકો પોતાની તરફ તમારુ પોઝીટીવ ધ્યાન જોશો તો ઓછા નેગેટીવ બનશે.

તેમની ભાવનાઓને સમજો - ઝગડા દરમિયાન તમારા બંને બાળકો શુ વિચારે છે. તેમના એ સમયની ભાવનાઓને સમજવામાં મદદ કરો અને એ પણ બતાવો કે તેનો સામનો કેવી રીતે કરવાનો છે. તક જોઈને તેમનો ગુસ્સો, અદેખાઈ અને નારાજગી જેવી ભાવનાઓ પર વાત કરો અને તેમને જણાવો કે આ વસ્તુઓમાંથી કેવી રીતે બહાર નીકળી શકાય છે. બાળકોને આ વાત માટે પ્રેરિત કરો કે તેઓ એકબીજાને બ્લેમ ન કરે પણ પોતાની ભૂલને સ્વીકારતા શીખે.

રેફરી ન બનશો

જ્યારે તમે કે તમારા પતિ કોઈ એક બાળકના પક્ષમાં બોલો છો તો આ એક બાળકને વિજેતા બનાવવા અને બીજાને પરાજીત કરવા જેવુ છે. આવુ કરવાથી બંનેના ઝગડાને હવા મળે છે અને તેમનો ગુસ્સો પણ વધે છે. જે આગળના ઝગડાનું રૂપ લે છે. તેથી કોઈ એકની તરફદારી ન કરશો અને જજ બનાવાને બદલે મોડેરેટરની ભૂમિકામાં આવો. બાળકોને તેમની સમસ્યાનુ સમાધાન જાતે જ કાઢવા દો અને તમે ફક્ત મદદ કરો.

ચાડી કરવાની આદત બિલકુલ ન હોય

બાળકોને ચાડી કરવી અને સૂચના(ઈંફોર્મ) કરવા વચ્ચેનુ અંતર બતાવો જેથી તેમને ધ્યાન રહે કે ચાડી કરવાથી કોઈનુ નુકશાન પણ થઈ શકે છે. પછી તેમને બતાવો કે જો કોઈ ત્રીજો એ બંનેની ચાડી કરે તો તેના પ્રત્યે કોઈ પ્રતિભાવ ન આપશો. તેમને જણાવો કે એકબીજા પર ગુસ્સો કરવો ઠીક છે પણ ચાડી કરવાથી બચવુ જોઈએ.

તુલના ક્યારેય ન કરો

તમે અનેકવાર જાણતા-અજાણતા કહી જ દો છો કે મારી આ પુત્રી અને પુત્ર ખૂબ જ સીધા છે કે ભણવામાં ખૂબ સારા અને બીજો ખૂબ ધમાલિયો છે... અભ્યાસમાં નબળો છે. જ્યારે તમે આવુ કરો છો તો આ એ બાળકને નીચા બતાવવા જેવુ છે, જેની તમે બુરાઈ કરી છે. બીજી બાજુ જે બાળકના તમે વખાણ કરો છો તેમા અહંકાર આવી જાય છે. આ અંતર ઝગડાને જન્મ આપે છે. બાળકોની પરસ્પર તુલના ક્યારેય ન કરો.

સમજાવો જીંદગી નિષ્પક્ષ નથી

તમે તેને વધુ દૂધ આપી દીધુ.. મે અત્યારે પાણીની બોટલ ભરી હતી અને તેણે કશુ ન કર્યુ તમે તેન તો કશુ કહેતા જ નથી. ચાડીની જેમ બાળકોની નિષ્પક્ષતાને લઈને કરવામાં આવેલ ફરિયાદો પર ધ્યાન ન આપો. તમે એવુ કહો કે જીવનમાં કોઈને ઓછુ વધારે મળતુ જ રહે છે. જીંદગી નિષ્પક્ષ નથી. આ પ્રકારની ફરિયાદોનો કોઈ મતલબ નથી. ધ્યાન રાખો કે જો તમે આ ફરિયાદો પર ધ્યાન આપશો તો ઝગડો વધશે .

**રસથાળ**

### ગળી ભાખરી

સામગ્રી : ૧ વાડકી ઘઉંનો ઝીણો લોટ, ૧ વાડકી ઘઉંનો કકરો લોટ, ૦।। વાડકી ગોળનો ભૂકો, ચપટી મીઠું, ૧ ટે.સ્પૂન તલ,મોણ માટે ઘી, ૧ ટી.સ્પૂન ખસખસ.

રીતઃ બંને લોટ ભેગા કરી તેમાં મુઠ્ઠી પડતું મોણ નાખી, ગોળનો ભૂકો, તલ, મીઠું, ખસખસ નાખવા. પાણી વડે કઠણ લોટ બાંધી થોડી વાર ઢાંકી રાખવો. પછી નાના લૂવા બનાવી જાડી ભાખરી વણવી. ધીમા તાપે ગુલાબી શેકવી. ઠંડી પડે એટલે ડબામાં ભરવી.

૦૦૦

### મસાલા વડા

સામગ્રી : ૧ વાડકી બાજરીનો લોટ, ૨ ટે.સ્પૂન સોજી, ૨ ટે.સ્પૂન મેથીની ભાજી, ૧ ટે.સ્પૂન કોથમીર, ૧ ટે.સ્પૂન તલ, વાટેલા આદુ- મરચાં, ૧ ટે.સ્પૂન ખાટા અથાણાંમાંથી કાઢેલો મસાલો (તેલ સાથે) , મીઠું, હળદર, ખાંડ, ૦૧ વાટકી ખાટું દહીં, મોણ માટે તેમજ તળવા માટે તેલ.

રીત : કોથમીર, મેથીની ભાજીને બારીક સમારી, બરાબર ધોઈને, નીતારીને રાખવા. બાજરીનો લોટ અને સોજીને મિક્સ કરવા. બાજરીના લોટમાં મીઠું, હળદર, તલ, આદુ- મરચાં, કોથમીર, ખાટા મેથિયાનો મસાલો (તેલ સાથે ) નાખવા. જો મુઠ્ઠી પડતું મોણ ના લાગે તો તેલ મોણ તરીકે નાખવું. મેથીની ભાજી, ખાટું દહીં મિક્સ કરી કણક બાધવી. જરૂર પડે તો પાણી લેવું તેલ ગરમ મૂકી, વડા થેપીને તેલમાં ગુલાબી રંગના તળી લેવા. ઠંડા પડે એટલે ડબામાં ભરી દેવા.

૦૦૦૦૦

### કોર્ન ફ્લેક્સનો ચેવડો

સામગ્રીઃ ૨ વાડકી કોર્ન ફ્લેક્સ, ૧વાડકી મમરા, ૦૧ વાડકી દાળિયા, ૦૧ વાડકી સિંગદાણા, થોડા નંગ કાજુ, મીઠો લીમડો, મીઠું, હળદર, લાલ મરચું, ૧ ટી.સ્પૂન દળેલી ખાંડ, ચપટી લીંબુના ફૂલ, વઘાર માટે તેલ, રાઈ, હિંગ.

રીતઃ મમરાને ધીમે તાપે શેકવા. થોડું તેલ ગરમ મૂકી, તેમાં રાઈ, હિંગ, મીઠો લીમડો નાખી મમરા વઘારવા. સહેજ હળદર નાખવી. થોડીવાર બાદ કોર્ન ફ્લેક્સ નાખી, જરૂરિયાત મુજબ મીઠું નાખવું. બરાબર હલાવીને ગેસ પરથી નીચે ઉતારવું. ફરી થોડુંક તેલ મૂકીને તેમાં સિંગદાણા, કાજુ દાળિયા વારાફરતી બરાબર સાંતળવા. સહેજ મીઠું નાખીને આ બધું કોર્ન ફ્લેક્સમાં ઉમેરી દેવું. લાલ મરચું, દળેલી ખાંડ અને લીંબુના ફૂલ નાખી હલાવીને ચેવડો તૈયાર કરવો. ઠંડો પડે એટલે ડબામાં ભરી લેવો.

# ભીતરનો ભય અને એક્ષા

**આગ ભીતર ભીતરની** — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

સવારના પહોરમાં સોસાયટીના નાકે આવેલ દુધવાળીની દુકાને દુધ લેવા જવા માટે જેવું બારણું ખોલ્યું પછી જાળી ખોલી કે કંઈક મોટા પ્રમાણના ઓટલા પર ગોદડી જોઈ. ગોદડીમાં સુઈ ગયેલી નાનકડી છોકરીને જોતાં જ જાણે બે ડગલાં પાછી હટી ગઈ. પીઠ ફેરવી દીધી. એક બુમ પાડવા જતી હતી પણ હું એમ કરી ન શકી. એક સ્ત્રી હતી. જોકે મા ન હતી. કારણ કે મારાં લગ્ન થયાં ન હતા. સારૂં ખોટું.. ઓછું અને ઝાઝું ભણતરને જોવા જતાં વય પસાર થઈ ગઈ હતી. એ બાબતે અર્થ વગરનો પસ્તાવો થતો હતો પણ ત્યાં તો એ નાનકડી છોકરીએ એની આંખો ખોલી.. મનમાં ઉભી થયેલી જીંદગીની એ બધી બાબતો તુટી પડી. વિખરાઈ ગઈ. એ નાનકડી બેબી સામે જોયું.. ટચુકડી એની બે આંખોમાં જાણે મને જોઈ રહેવાનું.. લેવાનું એક ખેંચાણ હતું.. આમ તો મેં પીઠ ફેરવી દીધી હતી પણ પછી એની પાસે ગઈ એ ઓટલા પર ગુલાબી રંગની ગોદડીમાં હતી.

ઓટલા પરથી કુતરો એને ખેંચી જાય એ પુરી શકયતા હતી. પાસે જઈને મેં આસપાસ બુમાબુમ કરી. સવાર સવારમાં મારી બુમાબુમથી પાસ પડોશીઓ ભેગાં થઈ ગયાં. પુછપરછ કરવા માંડયા.. મેં એમને બધાંને જણાવી દીધું કે કોઈક સ્ત્રી મારા ઓટલે એની છોકરીને મુકીને જતી રહી છે.. મેં કહ્યું..

'હાય હાય રે...આજકાલની માઓ કેવી થઈ ગઈ છે .. ખુદના સંતાનોને જણીને બીજાના ઓટલે છોડી આવે છે. ભેગી થયેલી સ્ત્રીઓ પૈકીની એકે કહ્યું.

બીજીએ કંઈક એનું ધોરણ સાવ અલગ જ બતાવ્યું.. નીનાબેન તમારે આમેય સંતાન ખુદનું તો નથી આ છોકરીને તમે રાખો.. અને એ સ્ત્રીએ બાકીનું કથન જાણે હવામાં છોડી દીધું.

હા તમે જ રાખો.. મોટા ભાગની ભેગી થયેલી સ્ત્રીઓનો સુર હતો.

પણ...પણ હું ડરતી હતી.. કયાંક બાકીની ચોરીનો ખોટો કેસ કરીને મને ફસાવી દે.. કયાંક.. હું કંપી ઉઠી..

ક્ષણો કપાતી હતી. એકઠી થયેલી સ્ત્રીઓમાં સેક્રેટરી સૂર્યકાંત હાજર હતા. એમણે પોલીસને જણાવી દેવાનું કહ્યું.. આ તરફ જાતજાતના બખાળામાં પણ છોકરી પાછી સુઈ ગઈ.

હું છેક નજીક ગઈ. હવે મને ઝાઝી વાર ઓટલા પર રાખવી ન ગમી. ઉઠાવી લીધી એ ટાણે એની નીચેથી કાગળની ચિઠ્ઠી નીકળી.. મેં ઉઠાવી.. વાંચી.. એમાં લખ્યું હતું નીના બહેન.. મારી છોકરીને તમારા આધારે છોડીને જાઉં છું.. કયાં એ ખબર નથી પણ તમે એને સાચવશો એવી એક પાક્કી ખાતરી છે.મને ખબર છે તમારે ખુદનું કોઈ સંતાન નથી. મારી પંપુને તમે તમારી બનાવશો..

ચિઠ્ઠીમાં આટલું જ લખ્યું હતું અને આવનારી પોલીસે ચિઠ્ઠીને આગળ પાછળ ફેરવીને જોયું.. અન્ય કોઈ વિગત ન હતી. પોલીસ જોડે આવેલી અન્ય લેડી પોલીસના હાથમાં એ બાળકી હતી. એની આંખો બંધ હતી. ત્યાં તો મને થયું એને લઈ જશે ન જાણે કયાં રાખશે ? કેવો વહેવાર કરશે ? મને અજાણી સ્ત્રી એની મા યાદ આવી ગઈ. હું એને ઓળખતી ન હતી. તો પણ મેં એને પોલીસને ભરોસે દીધી અને..

મારામાં રહેલી અન્ય નીના ખળભળી ઉઠી. એ સાથે જ મેં કહ્યું, સાહેબ મારે ખુદનું કોઈ સંતાન નથી. તમે સંમતિ જો આપો તો એને હું મારી પાસે રાખું..

મારી પાસ પડખે ઉભી રહેલી અન્ય સ્ત્રીઓએ એમાં સુર પુરાવ્યો.. હા પોલીસ સાહેબ.. બેબી નીનાબહેનને સોંપી દો.. એ એનો ઉછેર ઉત્તમ રીતે કરશે..અમે ખાતરી આપીએ છીએ..

સૌની વાતો સાંભળી પોલીસ અધિકારીને જાણે આનંદ થયો.

એ દરમિયાન મેં કહ્યું, આ દરમિયાન જો એની મા આવી જશે તો આપી દઈશ..

મારી વાતને સહમતિ મળી ગઈ.. હું પોલીસ સ્ટેશન ગઈ. મારી સાથે સૂર્યકાંતભાઈ હતા. પાડોશી બહેન શ્રીલેખા.. અર્પણા હતી.. મને બાળકી મળી..

વગર પરણે.. સપ્તપદીના ફેરા વિના જાણે મા બની ગઈ. ગઈકાલ સુધીતો જીંદગી એક વેરાન ઢાળ હતી. અજાણી બેબીના આગમનથી જીંદગીનો આ ચડાવ ફુલોના કયારાઓથી શણગારાઈ ગયો.

મને કયાંક ખબર હતી. કયાંક અજાણ હતી.. પાડોશી શ્રીલેખા ઘોડીયું લઈને આવી.. અપર્ણાએ દુધ ગરમ કરી દીધું. હું તો જાણે એક તરફ બેસી જ ગઈ. મનમાં એક શંકા હતી સાંજ સુધીમાં એની મા આવશે ને.. લઈ જશે.. પણ સાંજ સુધી ના એની અસલ મા આવી ના એ નાનકડી પંપુએ રડવાનું નામ લીધું. જાણે મને.. મારા ઘરને ઓળખી ગઈ હોય એમ.. રાત્રે શ્રીલેખા અને અર્પણાએ કહી દીધું નીનાબહેન ગભરાશો નહીં.. જરૂર પડે તો સાદ કરજો.. અમે આવી જઈશું.. અમે તમારા સાથે છીએ..

અનુસંધાન પાના નં.૬

# વ્યક્તિત્વના એક ભાગરૂપ પ્રવાસના અનુભવોનું આલેખન

**શબ્દ સમીપે - નટવર હેડાઉ**

સાધન સંપન્ન ગુજરાતીઓમાં દિવસે દિવસે વિશ્વપ્રવાસના ક્રેઝ વધતો જાય છે. તેના પરિણામે દરેક નાનકડા કે મોટા શહેરમાં નીકળીએ ત્યારે ટુર્સ અને ટ્રાવેલ્સ કંપનીઓ, તેના આંતરરાષ્ટ્રીય પ્રવાસ પેકેજની જાહેરાતો અને પાસપોર્ટ વિઝા માટેની ઓફિસો ઠેર-ઠેર જોવા મળે છે. વિઝિટર વિઝા કે ટુરિસ્ટ વિઝા લઈ ફરવા નીકળી પડનારા ગુજરાતીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. તેમાં અમેરિકા અને યુરોપના પ્રવાસે જનારા પ્રવાસીઓ સૌથી વધુ હોય છે. આપના સંત મોરારી બાપુ ક્યારેક આફ્રિકા તો ક્યારેક થાઈલેન્ડમાં કથા કરી આવવાનું આપને વાંચીએ, સાંભળીયે છીએ, ત્યારે જે લોકો પ્રવાસ કરી આવે છે તે પોતાના અનુભવોનું એક ભાથું સાથે લઈ આવતા હોય છે. તેમાં પ્રવાસ કરનાર લેખક કે પત્રકાર હોય તો તે પ્રવાસનું પુસ્તક પણ આપણને મળે જેમાં તેમનાં અનુભવો, સુક્ષ્મ નિરિક્ષણો અને તેથી વધુ એક માનવીય દ્રષ્ટિકોણથી ત્યાંની સંસ્કૃતિ, કલા, સામાજિક પરિવેશને નિહાળવાની દ્રષ્ટિનો લાભ પણ આવા પુસ્તકોમાંથી મળે રહેતો હોય છે.

યુરોપીયનોમાં એક એવી માન્યતા છે – જે મહદઅંશે ખોટી પણ નથી જ કે દેશી એટલે કે 'સાઉથ એશિયન' ટુરિસ્ટ ખાસ તો માત્ર 'ટિક માર્ક' કરવા માટે પ્રવાસ કરે છે. ત્યારે આ પુસ્તકમાં એફિલ ટાવર અને કોલોસિયમ સહિતની 'ટિક માર્ક' વાળી જગ્યાઓ ઉપરાંત કાર્લ્સરૂહ, બીર્કેન કોફ, અને બ્રુજ જેવા ખજાનામાં પ્રવાસ સ્થળો પણ સામેલ છે. પુસ્તક કુલ ચાલીસ પ્રકરણોમાં વિસ્તરેલું છે. તેમાં એક ધ્યાનપાત્ર બાબત એ છે કે પ્રકરણને અંતે દર્શાવેલ સ્થળે કઈ રીતે પહોચવું તેની નાની પણ સુંદર ટીપ્સ લેખિકાએ આપી છે.

યુરોપમાં ફરવું એટલે ઘણા માટે કલાના રહસ્યો જાણવા, સાઈડવોક કેફેમાં બેસી પીપલ–વોચીંગ કરવું, પેરીસની શોમ્પસ એબિઝી, બાર્સિલોનાના લા રામ્બ્બા જેવી ગલીઓમાં આંટા મારવા, વેનિસમાં ગોન્ડોલા રાઈટ લેવી કે પછી સ્વિત્ઝરલેન્ડમાં સ્નોબોલ ફાઈટ કરવી એ બધા જ મજેદાર અનુભવો સાથે ઘણું શીખવા મળે છે. જે તે શહેરમાં ત્યાં નો ઈતિહાસ, સંસ્કૃતિ, ઈમારતો, ખાણીપીણી, ફેશનથી માંડીને હવામાન જેવી ઘણી બાબતો શહેરને અનોખું બનાવતું છે. ગ્રીસમાં બધા

અનુસંધાન પાના નં.૬

# પોતાના માટે પણ સમય કાઢો

**નારી**

અન્યો માટે વિચારવું અને તેમના માટે સમય ફાળવવો જ સકારાત્મક પગલું છે પરંતુ ક્યારેક-ક્યારેક પોતાના માટે પણ સમય કાઢો અને પોતીકા હોવાનો અહેસાસ કરવો પણ સુકૂન આપે છે

પોતાના ઘરની બાલ્કનીમાં બેઠી બેઠી તે વિચારી રહી હતી કે આજે ન જાણે કેટલા દિવસો બાદ તે ડૂબતો સૂર્ય જોઇ રહી છે. ઓફિસની ભાગદોડમાં સૂર્ય દેવતા ક્યારે આથમી જાય છે તે તેણે વર્ષોથી જોયું ન હતું પરંતુ આજે સાંજે તે સૂર્યને આથમતો જોઇ રહી છે તો મનમાં અસંખ્ય સુંદર અહેસાસ જીવિત થઇ રહ્યાં છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે આપણે જીવવાનું ભૂલી ગયા છીએ. આપણે એ ભૂલી ગયા છીએ કે આપણે કોના માટે જીવી રહ્યા છીએ. જીવવાની સૌથી ઉત્તમ રીત છે કે એક વિચાર લો, તે વિચારને પોતાનું જીવન બનાવી લો, તે અંગે વિચારો, તેના સપનાં જૂઓ અને એ જ વિચારને જીવવાનું શીખો. પોતાના મગજ, માંસપેશીઓ, નસો, શરીરના દરેક ભાગને એ વિચારમાં ડૂબી જવા દો અને બાકી તમામ વિચારોને બાજુએ મૂકી દો. આ જ સફળ થવાની રીત છે.

સમાજમાં આપણે અનેક લોકોને મળીએ છીએ, તેમની સાથે સંબંધ બનાવી છીએ, પરંતુ જે રીતે આપણે બાહ્ય સંબંધો બનાવીએ છીએ, તે જ રીતે આપણે આપણી જાત સાથે પણ પોતાનો સંબંધ બનાવવો જોઇએ. પોતાની સાથે સંબંધ બનાવો એ વાત પર બરાબર નજર રાખવી જોઇએ કે આપણા આપણી જાત સાથે કેવા સંબંધ છે. વર્તમાનની ભાગદોડ વાળી જિંદગીમાં આપણે એટલા વ્યસ્ત થઇ ગયા છીએ કે આપણી પાસે પોતાના માટે સમય જ નથી. સવારથી લઇને સાંજ સુધી આપણે જે પણ કરીએ છીએ, તે મોટાભાગના કાર્યો માત્ર અન્યો માટે જ હોય છે. પોતાના માટે જીવવાની સમજ, સંભાવના અને શક્યતા, ત્રણેય આપણામાંથી લગભગ ગુમ થતી જઇ રહી છે. જો આ વ્યવસ્ત જીવનમાં ખુશ રહેવું હોય તો થોડો સમય પોતાના માટે પણ કાઢવો અત્યંત જરૂરી છે. મિત્રો સાથે સમય પસાર કરો

એ મિત્રોને મળો જેમને તમે છેલ્લા કેટલાક સમયથી મળી શક્યા નથી. તેમાં કોઇ શક નથી કે સામાજિક જીવનમાં રહેશો તો તંદુરસ્ત રહી શકાશે. તેથી મિત્રો સાથે મળી કંઇક એવું કામ કરો જેનાથી તમને સુકૂન મળે. આમ કરવાથી તમારી અંદર એક નવી ઊર્જાનો સંચાર થશે. સમયનું એ રીતે વિભાજન કરો કે તમારા માટે પણ થોડો સમય અવશ્ય રહે. પોતાની પ્રશંસાનો અર્થ ઉપરછલ્લી પ્રશંસા પર વધારે નિર્ભર રહેવું ન જોઇએ. સૌથી સારૂ હોય છે કે પોતાની નજરમાં ઉપર ઉઠો. તમારો પોતાનો તમારા માટે શું અભિપ્રાય છે તે વધારે મહત્વ ધરાવે છે. લોકોના અભિપ્રાયથી પોતાની જાતને ક્યારેય ન આંકો. પોતાનું સેલ્ફ અસેસમેન્ટ કરો. સતત પોતાની સાથે સંવાદ કરવાનું શીખો અને પોતાની જ નજરમાં પોતાની એક ઓળખ બનાવો. ક્યારેક-ક્યારેક સ્વાર્થી પણ બનો

# ત્વચાની તકલીફો મટાડવાના સરળ ઉપાય

**રૂપના રખોપા**

ત્વચા પર સનટેન,ખીલ અને ડાઘા કે ઝાંય જેવી સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે. આ તકલીફોને દૂર કરવાના સતત પ્રયાસ પછી પણ ફાયદો ન થતાં મહિલાઓ નિરાશ થઈ જતી હોય છે. અહીં ત્વચાની વિવિધ સમસ્યા અને તેના ઘરગથ્થુ નિવારણ આપવામાં આવ્યા છે.

ખીલ : તૈલીય ત્વચા ધરાવનારની આ સામાન્ય તકલીફ છે. ઓઈલી ત્વચાની કાળજી રાખવામાં ન આવે તો ચહેરા પર ખીલ નીકળવાની શક્યતા વધી જાય છે.

એક ચમચી તજનો પાઉડર,અડધી-અડધી ચમચી મધ અને લીબુંનો રસ ભેળવીન પેસ્ટ બનાવી ખીલ પર લગાડી ૨૦ મિનીટ પછી ચહેરો હુંફાળા પાણીથી ધોઈ નાખવું.

ચહેરાને હુંફાળા પાણીથી ધોઈ ટુવાલથી લુછવું તે પછી ૨ ચમચા મધને કોટનની મદદથી ચહેરા પર લગાડવું. ૩૦ મિનીટ પછી ચહેરો ધોઈ નાખવો.

અડધી ચમચી લીમડાના પસમાં ચપટી હળદર નાખી પેસ્ટ બનાવી ખીલ પર લગાડી સુકાઈ જાય બાદ ચહેરો ધોઈ નાખવો. અઠવાડીયુ નિયમિત કરવાથી ફાયદો દેખાશે.

અડધો ચમચો જાયફળના પાવડરમાં એક ચમચી દૂધ ભેળવી ખીલ પર લગાડવું. ૧૦ મિનીટ પછી ચહેરો ધોવો.

ફુદીનાના પાનનો રસ કાઢી રાતના સૂતા પહેલા લગાડવો સવારે ચહેરો ધોઈ નાખવો.

ઓલિવ ઓઈલથી ચહેરા પર હળવે હાથે રોટેટિંગ મેનરમાં બે-ત્રણ મિનીટ મસાજ કરી હુંફાળા પાણીથી ચહેરો ધોવો.

ખીલની સમસ્યાથી પીડાતી વ્યક્તિએ ખાસ ધ્યાન રાખવું કે ખીલને સ્પર્શ કરવો નહીં તેમજ મેકઅપ દૂર કરતી વખતે ઓઈલ ફ્રી પ્રોડક્ટસનો ઉપયોગ કરવો.

રોજિંદા આહારમાંથી તૈલીય મસાલેદાર વાનગીઓ તેમજ મીઠાઈ અને ચોકલેટનું પ્રમાણ નહીંવત કરવા.

ડાઘ-ધાબા અને ઝાંય : ચહેરા પર ઘણી વખત ખીલ બ્લેકહેડ્સને કારણે ડાઘ-ધાબારહી જતા હોય છે,

બાફેલા ગાજરને છૂંદી ૧૫-૨૦ મિનીટ સુધી ચહેરા લગાડી રાખવું. સુકાઈ જાય પછી દૂરની રબડી આ પેસ્ટ ચહેરા પરથી દૂર કરવી.

ચપટી હળદર અને અડધી ચમચી લીબુંનો રસ ભેળવી ચહેરા પર લગાડી પેસ્ટ સુકાઈ જાય એટલે ધોઈ નાખવું.

ત્વચાની કિલનજિંગ, ટોનિંગ અને મોઈશ્ચરાઈજિંગ નિયમિત કરવું.

શક્ય હોય ત્યાં સુધી ઓઈલ ફ્રી પ્રોડક્ટસના ઉપયોગ કરવા.

અનુસંધાન પાના નં.૬

CMYK

## રાજ્ય આરોગ્ય...

**પાના નં.૧ ચાલુ**

આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના આ નવા અભિગમથી ગુજરાતની જનતામાં સારા પ્રત્યાઘાતો પડ્યા હતા. અને રાજ્યના અન્ય મંત્રીઓ પણ આ અભિગમ સાથે આગળ વધે તો લોકોમાં નવો ટ્રેન્ડ ઉભો થશે, તેમાં શંકાને સ્થાન નથી.

## છાપી પાસે...

**પાના નં.૧ ચાલુ**

રીક્ષા હવામાં ફંગોળાઈ હતી જ્યારે તુફાન જીપ રોડની સાઈડમાં પલટી ખાઈ ગઈ હતી. જેથી તુફાન ગાડી તેમજ રીક્ષામાં સવાર અઢાર લોકો ઘાયલ થયા હતા. જેમાં પાંચ બાળકો તેમજ પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. જેમાં બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળે છે. અકસ્માત દરમ્યાન જીપ તેમજ રીક્ષામાં સવાર પેસેન્જરોની ચીચીયારીયોથી આસપાસમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ઘાયલોને સારવાર માટે પ્રાયવેટ વાહનો તેમજ ૧૦૮ દ્વારા સારવાર અર્થે પાલનપુર સીવીલમાં ખસેડવામાં આવ્યા હતા.

## હિમાંશુ પંડ્યાની...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

તા.૧૦-૧-૨૦૧૭થી રાજ્ય સરકારના સત્તાવાળાઓ સમક્ષ આ સમગ્ર મામલે રજૂઆત કરવા છતાં ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની જગ્યા ભરવા કે તેની સત્તાવાર નિમણૂંક સંબંધી કોઈ કાર્યવાહી સરકાર દ્વારા હાથ નહી ધરાતાં અરજદારને આખરે ગુજરાત હાઈકોર્ટમાં આ જાહેરહિતની રિટ અરજી કરવાની ફરજ પડી હોવા બાબતે રજૂઆત થઈ હતી. આ કેસની સુનાવણી જૂન માસમાં છે તે પહેલાં આજે રાજ્ય સરકારે કાનૂની વિવાદથી બચવાના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે ડો.હિમાંશુ પંડયાની સત્તાવાર નિમણૂંક કરી દીધી હતી અને તેની જાહેરાત કરી હતી. શિક્ષણ જગતના સૂત્રોનું માનીએ તો, ડો.હિમાંશુ પંડયા રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા હોઈ અને ભાજપના માનીતા હોઈ તેમની નિમણૂંક પહેલેથી જ નક્કી હતી. સર્ચ કમીટીની બેઠક અને સરકારમાં નામો મોકલવાની સમગ્ર પ્રક્રિયા માત્ર ઔપચારિકતા જ હતી. વળી, છેલ્લા પંદર દિવસથી પણ જે પ્રમાણે યુનિવર્સિટીના નિર્ણયો થતા હતા તે જોતાં પણ ઈન્ચાર્જ કુલપતિ ડો.હિમાંશુ પંડયાને વિધિવત્ કુલપતિ ઘોષિત કરાય તે વાતના સંકેત મળતા હતા.

## લાલૂના અવાજને...

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

મૂડીવાદીઓને ટેકો આપી રહેલી સરકાર સામે તે લડવામાં માને છે. ગરીબોનું સમર્થન અને આશીર્વાદ તેમની સાથે છે. લાલૂ ન હાર્યા છે અને ન થાક્યા છે. અપરાજિત યોદ્ધાની જેમ હંમેશા લડીને જીતતા રહ્યા છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ ભાજપને માફ કરવાના મુડમાં દેખાઈ રહ્યા નથી. ભાજપ ઉપર પ્રહારો કર્યા હતા. સાથે સાથે એવા સ્થળો સાથે જોડાયેલા સ્થળોના નામ બતાવવા માટે પણ કહ્યું હતું જ્યાં દરોડા પાડવામાં આવ્યા છે. લાલૂએ કહ્યું હતું કે, ભાજપમાં એવી હિંમત નથી કે, લાલૂના અવાજને દબાવી શકાય.

## દેશમાં નોંધપાત્ર...

**પાના નં.૩ ચાલુ**

વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યુ કે, ભૂતકાળમાં કોંગ્રેસી શાસનમાં નગરપાલિકા-મહાનગરપાલિકાઓને તેમના ખૂદના આવકના સાધનો ઊભા કરી વિકાસ કરવાનું ચલણ હતું. ગ્રાન્ટ જેવો કોઈ શબ્દ જ ન હતો. ગુજરાતમાં પાછલા દોઢ દાયકાથી ભાજપા અને નરેન્દ્રભાઈના નેતૃત્વથી ચિત્ર સમૂળગું બદલાઈ ગયુ છે અને રાજ્ય સરકાર સામે ચાલીને નગરપાલિકા-મહાનગરપાલિકાઓને વિકાસ કામો, માળખાકીય સુવિધા કામો માટે ગ્રાન્ટ-ફંડ આપવામાં આવી છે.

મુખ્યમંત્રીએ ટેક્ષ કલેકશન રિકવરી ૯૦ ટકા સુધી પહોચાડવાનો અનુરોધ કરતાં ઉમેર્યુ કે, ભુતકાળના શાસકોના સ્વચ્છતા-સફાઈ પ્રત્યેના ઉપેક્ષિત નજરિયાને કારણે આઝાદીના સાત દાયકા સુધી ઘર શૌચાલયો ન થયા હોય તે કમનસીબી છે. વિજયભાઈ રૂપાણીએ હવે ગુજરાત અને વિકાસ બેય એકબીજાના પર્યાય બની ગયા છે તેને વધુ વ્યાપક ફલક આપવા હેપીનેસ ગ્રોથ વધારવાની શીખ આપી હતી. તેમણે નગર સુખાકારીના જનહિત કાર્યો આયામોથી શહેરોને વૈશ્વિક વિકાસની ચરમસીમાએ પહોચાડવાના સંવાહક બનવાનો પદાધિકારીઓને હૃદયપૂર્વક અનુરોધ કર્યો હતો. આ સમારંભના મુખ્ય મહેમાનપદેથી નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પહેલાં ફક્ત ૫૦૦ થી ૭૦૦ કરોડ શહેરી વિકાસ અને મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે ફાળવવામાં આવતા હતા જેની સામે આ વર્ષના બજેટમાં પ્રજાકલ્યાણલક્ષી રૂ. ૭,૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તે જ બતાવે છે કે, જે તે સમયે દ્રષ્ટિ, આયોજન અને લાગણી વગરની સરકાર હતી, તે બધાનો આ સરકાર આવ્યા પછી છેદ ઉડી ગયો છે.

અતિથિ વિશેષપદેથી આરોગ્ય-પરિવાર કલ્યાણ રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્થાનિક કક્ષાએથી એન્વાયરમેન્ટ પ્રોટેકશન થઈ શકે તે માટે આયોજન કરવામાં આવશે તેમજ સૌથી વધુ સ્વચ્છ નગરપાલિકા, સૌથી ઓછી સ્વચ્છ નગરપાલિકા, સારો કાયદો વ્યવસ્થા જાળવતી નગરપાલિકા વગેરે જેવાં આયામો નક્કી કરવામાં આવશે તેમ વધુમાં ઉમેર્યું હતું. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના અધ્યક્ષ શ્રી ધનસુખ ભંડેરીએ રાજય સરકાર દ્વારા મહાનગરપાલિકા અને નગરપાલિકા સત્તા મંડળોને સામે ચાલીને નાણાં-ગ્રાન્ટ આપવાના પગલાંને બિરદાવી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રભારી અને મહિલા બાળ વિકાસ રાજય મંત્રી નિર્મલાબેન વાઘવાણી, વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, શહેરી વિકાસના સચિવ મિલિન્દ તોરવણે, શહેરી વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, હોદ્દેદારો અને મહાનગરપાલિકા મેયરઓ, કમિશનરઓ, નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. સમારંભમાં શહેરી વિકાસ વિભાગના અધિક મુખ્ય સચિવ પૂનમચંદ પરમારે સ્વાગત પ્રવચન તેમજ આભારવિધિ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી બી.સી.પટણીએ કરી હતી.

## ત્રિપલ તલાક...

**પાના નં.૩ ચાલુ**

પોતાની દલીલોને આગળ વધારતા સિબ્બલે કહ્યું હતુ કે, જો નિકાહ અને તલાક બંને કોન્ટ્રાક્ટ છે તો બીજાને આનાથી સમસ્યા કેમ થઈ રહી છે. ખાસ કરીને એ વખતે જ્યારે તેને ૧૪૦૦ વર્ષથી અમલી રાખવામાં આવી છે.સિબ્બલે એમ પણ કહ્યું હતું કે, પર્સનલ લો કુરાન અને હાદિસમાંથી આવે છે. આવી સ્થિતિમાં કોર્ટ કુરાનમાં લખવામાં આવેલા લાખો શબ્દોનું મૂલ્યાંકન કરશે કે કેમ. સુનાવણી દરમિયાન કોર્ટે ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડને પ્રશ્નો કર્યા હતા કે, ઈસ્લામમાં વોટ્સઅપ પર આપવામાં આવેલા ઈ-ડિવોર્સને લઈને સ્થિતિ શું છે. આના ઉપર સિબ્બલે કહ્યું હતું કે, વોટ્સઅપ ઉપર પણ તલાક થયા છે અને તે સુરક્ષિત છે.

સોમવારના દિવસે કેન્દ્ર સરકાર તરફથી કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે, જો કોર્ટ ત્રિપલ તલાકને અમાન્ય જાહેર કરે છે તો મુસ્લિમો માટે નવો કાયદો બનાવવામાં આવશે. આ સંદર્ભમાં સિબ્બલે કહ્યું હતું કે, આવી સ્થિતિમાં શું થશે જ્યારે સુપ્રીમ કોર્ટ તલાકના તમામ તરીકા પર પ્રતિબંધ મુકી દેશે અને સંસદ આને લઈને કાયદો લાવવાનો ઈન્કાર કરી દેશે. ત્રિપલ તલાક બિન ઈસ્લામિક નથી. આસ્થાનો પ્રતિક છે. ચીફ જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ સમક્ષ સિબ્બલે જોરદાર દલીલો કરી હતી.

## ક્રાઇમ બ્રાંચના...

**પાના નં.૩ ચાલુ**

અને તેની પાસેથી બળજબરીપૂર્વક પર્સમાંથી એક હજાર રોકડા અને આરસી બુકનું સ્માર્ટકાર્ડ આંચકી લીધા હતા. એટલું જ નહી, આવતીકાલ સુધીમાં પાંચ હજાર આપી જવા અને આરસી બુક લઈ જવા કહ્યું હતું. સાથે સાથે જો આ બનાવની વાત કોઈને કહીશ તો હાથપગ તોડી નાંખવાની ધમકી આપી હતી. બીજા દિવસે એટલે કે, ગઈકાલે આરોપીએ પૈસાની ઉઘરાણી માટે શુભમને ૨૦થી ૨૫ ફોન કરી તેને પહેલા કાલુપુર તેમ જ નાના ચિલોડા અને છેલ્લે ઓએનજીસી સર્કલ પાસે બોલાવ્યો હતો. આરોપીની વર્તણૂંક પરથી શંકા જતાં શુભમે ક્રાઈમબ્રાંચમાં જાણ કરી હતી. જેને પગલે ક્રાઈમબ્રાંચના અધિકારીઓએ છટકું ગોઠવી આરોપી ભાવિક સુથારને ઓએનજીસી સર્કલ પાસે બોલાવડાવ્યો હતો અને ત્યાં આવતાં જ તેને ઝડપી લીધો હતો.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૮૩૦૦-૩૮૯૦૦**
રૂપુ કાચું ૩૮૩૦૦-૩૯૦૦૦
સોનુ તોલો ૨૮૩૦૦-૨૮૬૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૯૨૦
પામોલીન ૯૧૦
સોયા રીફાઈન ૧૨૧૦
રાયડાતેલ ૧૫કી૧૧૮૦-૧૨૦૦
સીંગતેલ૧૫ લી. ૧૭૦૦
સીંગતેલ ૧૫ કી.૧૮૦૦
સીગતેલ ૫ લી. ૫૨૫-૫૫૦
તિરૂપતી કપા. ૧૧૯૦
૫ લીટર ૩૮૦
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૩૨૫
૫ કે. કોપરેલ ૮૦૦-૮૯૦
૫લી. અંકુર સીંગતેલ ૫૪૦
**૧૫ લીટર સનફલાય ૧૧૭૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૧૮૦
૫ લી. ૩૯૦
૨ લી. ૧૫૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦

દુન તીબાર ૫ કી. ૮૨૦૦
દુન તીબાર ૧ કી. ૮૨૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
હેરીટેજ તીબાર ૭૨૦૦
હેરીટેજ દુબાર ૫૫૦૦
હેરીટેજ મીની દુબા ૪૫૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮ ૦ ૦ ૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦

ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૬૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૦૦૦**
**ખાંડ એમ. ૪૦૦૦-૪૦૫૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**

વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૮૦-૨૦૦
સુકી ડુંગળી ૧૦૦-૧૬૦
લસણ ૮૦૦-૯૦૦
ધાણા ૬૦૦-૮૦૦
મરચાં ૮૦૦-૧૨૦૦
લીબુ ૮૦૦-૯૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૭૦૦-૭૪૦
રીંગણ ૨૦૦-૨૮૦
ટામેટા ૩૦૦-૩૬૦
ભીંડા ૩૦૦-૪૦૦
કોબી ૧૮૦-૨૮૦
વટાણા ૯૦૦-૧૧૦૦
ટીંડસા ૬૦૦-૮૦૦
ગવાર ૩૦૦-૪૦૦
બાદશાહ બટાકા ૧૦૦-૧૩૦
સાંગા બટાકા ૧૨૦-૧૪૦

## નારી ચેતના

### અનુસંધાન ૫ નું ચાલુ

લઈને પાછી આવી અને તેણે પોતાની માને કહ્યું કે તેને કંપનીની સીઈઓ નિયુક્ત કરવામાં આવી છે અને તે આ આંતરરાષ્ટ્રિય કંપનીની સીઈઓને દૂધ લેવા મોકલે છે! ત્યારે તેની માએ તેને કહ્યું કે તું ભલે કોઈ કંપનીની ડાયરેક્ટર હોય કે સીઈઓ હોય પણ અહીં તો તું એક દીકરી, પત્ની, પુત્રવધૂ અને મા છે અને એટલે તારી સિદ્ધિઓનો તાજ તારે ગેરેજમાં મૂકીને જ આવવું જોઈએ.હા, પેપ્સી કંપનીની સીઈઓ ઈન્દ્રા નૂયીની જ વાત કરી રહી છું. તેનો માસિક પગાર લાખ્ખો ડોલર છે. તેની ગણના વિશ્ર્વની ૧૦૦ સૌથી વધુ શક્તિશાળી અને સત્તા ધરાવતી મહિલાઓમાં થાય છે. તેણે અનેક અવોર્ડ મેળવ્યાં છે અને અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. જગતની સૌથી વધુ પાવરફૂલ મહિલાઓમાં જેની ગણતરી થાય છે અને પૈસા, પદ પ્રતિષ્ઠામાં જેની કોઈને પણ ઈર્ષ્યા આવે એટલું તેની પાસે છે.

ખુશ રહી શકું એવી વ્યક્તિ નથી.જ્યાં સુધી કારકિર્દીનો સવાલ છે ત્યાં સુધી દરેકની પોતપોતાની જરૂરિયાતો જુદી-જુદી હોઈ શકે અને એટલે જ મહિલાઓએ ઘરમાં જ બેઠા રહેવું જોઈએ કે પરિવારનો ઉલાળિયો કરીને કારકિર્દીની પાછળ ભાગવું જોઈએ એ બેમાંથી એક પણ અંતિમ મત પર પહોંચી જવું કદાચ યોગ્ય નથી. લગ્ન અને બાળકોના જન્મ પછી બહાર કામ કરવા જવું કે નહીં, કારકિર્દીને કેટલું મહત્વ આપવું એ દરેક સ્ત્રીના સંજોગો અને સ્વભાવ પર આધારિત હોય છે. તેને એ પસંદગી કરવાનો અવકાશ મળવો જોઈએ. જેમ મોટાભાગે પુરુષોને તેની કારકિર્દીના શિખરો પર પહોંચવામાં તેમની પત્નીઓ સહાય કરતી હોય છે એ જ રીતે પુરુષો શા માટે ન કરી શકે?

## નારી

### અનુસંધાન ૫ નું ચાલુ

જો તમે સતત તમારા પોતાના સંબંધોમાં આપવાનું કામ કરી રહ્યાં છો અને આમ કરતાં પોતાની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરી શકતા નથી તો તમે પોતે થાકેલા મહેસૂસ કરશો. પોતાને એક સારી વ્યક્તિ બનાવવા માટે ક્યારેક-ક્યારેક સ્વાર્થી બનો અને સુનિશ્ચિત કરો કે તમને પણ એ મળે, જેમાં તમને સંતોષ થાય. પોતાના માટે કેટલોક સમય કાઢી પોતાની પસંદનું કામ કરો કે પછી એવા લોકોને મળો જેમને મળીને તમને સારૂ લાગે છે. ક્રેડિટ લેવામાં કંઈ જ ખોટું નથી એ વાતનો સ્વીકાર કરો કે જો તમે સફળ છો તો અવશ્યમાં તેમાં તમે પોતાની મદદ કરી છે. તમે મહેનત કરી છે, તમે ટેલેન્ટેડ છો અને તમે ખરા ટાંણે પરફોર્મ કર્યું છે. જ્યારે કોઈ તમારા વખાણ કરે તો ‘ધન્યવાદ’ કહીને સ્વીકાર કરવાનું શીખો. આ શબ્દ શક્તિ આપે છે.

## રૂપના રખોપા

### અનુસંધાન ૫ નું ચાલુ

રોજિંદા સલાડમાં ટામેટા-કાકડીનો સમાવેશ કરવો.ટામેટામાં વિટામીન એ અને સી ભરપુર માત્રામાં હોય છે તેમજ કાકડમાં એન્ટી ઓક્સિડન્ટ હોય છે જે ડાઘ ધાબાદૂર કરવામાં લાભદાયી છે. સનટેનિંગ : સૂર્યાના આકરા કિરણોની આડઅસર ત્વચા પર પડે છે. સનસ્ક્રીન લોશન આ માટે ફાયદાકારક નીવડ્યુ પરંતુ સાથે સાથે ઘરગથ્થુ ઈલાજ પણ ફાયદાકારક સાબિત થાય છે.લીબુંનો રસ,મધ બદામનું તેલ અને દૂધના પાઉડરને સમાન માત્રામાં ભેળવી પેસ્ટ બનાવી ચહેરા પર લગાડવું.૧૫ મિનીટ પછી ચહેરો ધોઈ નાખવો.ચંદન પાવડરમાં અડધી ચમચી દૂધ અને ચપટી હળદર ભેળવી ચહેરા પર લગાડવું. સુકાઈ જાય પછી ધોઈ નાખવું.ઘર બહાર નીકળતા પહેલા એસપીએફયુક્ત સનસ્ક્રીન લોશન લગાડવું.

સુરેખા

## આગ ભીતર ભીતરની

### અનુસંધાન ૫ નું ચાલુ

પાડોશી બહેનોના એ શબ્દોએ મને એક હિંમત આપી પણ મારા નામના ઉલ્લેખ વાળી ચિઠ્ઠી છોડીને ગયેલી સ્ત્રીની ઓળખના કોઈ સગડ ન મળ્યા.

મેં વતનમાં ફોઈ, માસા માસી, કાકા કાકી.. મા બાપને પુછવાનો તો કોઈ પ્રશ્ન ન હતો. તેઓ તો ઘણા વર્ષો પુર્વે અવસાન પામ્યા હતા અને આ શહેરમાં નોકરી અર્થે આવી ગઈ હતી.. મહેનત કરીને એક ઘર બનાવ્યું હતું.. કંઈક પૈસા પણ એકત્ર કર્યા હતા.

ત્યાં પછી જોયું.. કોઈ માહિતી મળી ગઈ.. સામેથી એમણે કહ્યું.. પારકાનાં સંતાનને પોતાનાં કરી ઉછેરવાં એ તો મહાન પુણ્યનું કામ છે..

ગમે તે બાબત હોય, પુણ્યનું કે કુદરતનું પણ બાળકી પંપુ મને ઓળખી ગઈ હતી.. એ રડતી તો હું એના માથે મારો હાથ ફેરવતી કે ચુપ થઈ જતી..

આજકાલ કરતાં એક નાતો બંધાયો હતો. નોકરીજીએ જતી ત્યારે કયાંક શ્રીલેખાના ઘેર કે કયાંક અપર્ણાને ઘેર બેબી પંપુએ ચકડોળ ફેરવવું શરૂ કર્યું હતું. નોકરી જતી દુધની તપેલી.. બોટલમાં દુધ મુકી આવતી સાંજે નોકરીથી છુટીને ઘર આવું.. તાળું ખોલું એ પુર્વે તો એને લઈ ન આવી જતી. મારો ઘાટ પેલા સાધુની વારતા જેવો થઈ ગયો હતો. સાધુ એમની તપ જપ.. આરાધના પેલી ઉંદરડીની પાછળ ભુલી ગયા હતા.

પંપુ મોટી થવા લાગી હતી. કયાંક.. કયાંક કયારેક ઈન્સ્પેકટર સાહેબ અને લેડી પોલીસ આવતી.બેબી પંપુ અંગે પુછપરછ કરતા.. તો હું કહેતી..આંગળી ચીંધીને પેલી રહી..

ઈન્સ્પેકટર અને લેડી પોલીસ એને તેડવાનો પ્રયાસ કરતા પણ એ રોવા લાગી. મેં લઈ લીધી કે છાની થઈ ગઈ..

પંપુ ભાખોડીયા ભરતી થઈ ગઈ.. ઉભી થતી થઈ ગઈ.. એના દાંત આવ્યા.એ વેળા એને તકલીફ થઈ.. હું અડધી અડધી થઈ ગઈ. પણ શ્રીલેખા અને અપર્ણા મને ધીરજ રાખવા કહ્યું.. એ તો બાળકને થાય.. કશી ચિંતા ના કરો..

પંપુ ચાલતી થઈ ગઈ.. બોલતી થઈ ગઈ.. ઘરમાં દોડાદોડી કરતી પણ થઈ ગઈ. વતનમાંથી માસી માસાકે ફઈ ફુઆ આવતા ત્યારેપંપુને જોઈને કહેતા.. આ છોડીને તને ખરી માયા લાગી ગઈ છે પણ જો એની અસલી મા લેવા માટે આવશે તો ?

એમનો આવો સવાલ મારામાં ભીતર ભડભડ જગવી દેતો.સાચે એની અસલી મા આવીને માગણી કરશે તો મારા હાથ હેઠા પડી જશે..

એક બીક હતી..

નાનકડી પંપુ સ્કૂલ જાય એવડી થઈ ગઈ.. જાણે મારામાં સંપુર્ણ ભળી ગઈ.. મારે એનું લાડકું નામ બદલવું પડયું ઘરમાં લાડમાં પંપુ કહેતી હતી પણ અક્ષા નામ પાડયું.

તને ગમશે ? મેં પુછયું..

મને મારા નામ કરતાં તમે ગમો છો..

એ મને તમો કહેતી..

હું તારી મા થાઉં.. તું કેમ કહેતી નથી ? એક દિવસ મોટી થઈ ગયેલી અક્ષાને પુછયું એણે જવાબ ન આપ્યો.. પણ એ મોટી થતી જતી હતી અને હું વૃદ્ધ બનતી હતી. જોકે જે ભય મારામાં હતો એ એમનો એમ જ હતો. જોકે હું કયારેક રાત્રે ઉંઘ ઉડી ગઈ હોઉં અને પડખાં ઘસું ત્યારે મને એની માનો અજાણ્યો ચહેરો યાદ આવી જતો.

અક્ષા ઓગણીસની થઈ હતી. ભણવામાં હોંશિયાર, રૂપાળી એકી નજરે જોતાં જ ગમી જાય એવી. એને હવે ભણવા જવા માટે શહેરથી ઘણે દુર જવું પડતું હતું મને થયું મારે એને વાહન લાવી આપવું જોઈએ.

એ રાત્રે મેં કહ્યું અક્ષા તું હવે ભણવા ઘણે દુર જાય છે તો તારા માટે વાહન લાવું તો કેવું ?

ગુડ..વેરી ગુડ.. આપે કાયમ મારે માટે ભલું જ કર્યું છે..

પછી તો શોરૂમમાં જઈ વાહન પસંદ કર્યું. જરૂરી કાગળ આપ્યા, વાહનના પૈસા આપ્યા.. શો રૂમથી બહાર આવ્યા.. એણે મને પાછળ બેસાડી..

એ આગળ.. હું પાછળ.. એની ચામડી... છુટા વાળ કપડાં.. પગમાં પહેરેલાં મોંઘા સેન્ડલ.. મારી નજર એના પર જ ઘુમરાઈ વળતી હતી. આ એ જ છોકરી હતી.જેની મા મારા માટે અજાણ્યો એક ચહેરો બનીને એને મારા ઓટલે છોડી ગઈ હતી. જેને મેં મારી આંખો રોઈ પડી. હાથના રૂમાલથી લુછયા

ઘેર આવ્યા. અક્ષાએ મને ભેટીને ચુમી લીધી. પણ મારામાં એ ભય અકબંધ હતો. જો એની મા આવશે તોફફફ

## શબ્દ સમીપે

### અનુસંધાન ૫ નું ચાલુ

ઘાંટા પાડીને વાત કરે છે. અને જર્મનીમાં જો કોઈ મોટેથી વાત કરતું દેખાય તો લોકો સામે જોવા લાગે છે. લિસ્બનમાં ટેક્સી-ડ્રાઈવરો બિચારા બનીને છેતરે છે અને બ્રસેલ્સમાં ટેક્સી-ડ્રાઈવરો દેખીતા જ ડરામણાં લાગે છે. વળી યુરોપના ગમે તે ખૂણે જાવ ત્યાં ટબુડી જેવા કપમાં એસ્પ્રેસો કૉફી પીવાય છે. જો કે કેફેમાં બેઠાં બેઠાં વાતો કરવાની સ્ટાઈલ પણ દરેક દેશની આગવી છે. જર્મનો બેઠાં બેઠાં કલાકો સુધી વાતો કર્યા વિના કેફેમાં સમય પસાર કરવા માટે જાણીતા છે. જયારે ફ્રાન્સ અને ખાસ તો પેરીસ શહેરનું સંચાલન જાણે કેફેમાં બેસીને થતું હોય એવું લાગે. એ વાતોની સાથે સાથે આપણને એ પણ જાણવા મળે છે કે યુરોપિયન શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ ભરપુર મજા કરાવે છે અને ઘણી સરળતા કરી આપે છે. પેરીસથી માંડીને બાર્સિલોના અને એથેન્સ સુધી ટ્રામ કે ટ્રેનોના રંગો અને ગ્રાફિક્સમાં ઘણું બધું વૈવિધ્ય જોવા મળે છે. બાર્સિલોનામાં જાણે મેટ્રોની વ્યવસ્થા ટુરિસ્ટને હેરાન કરવા માટે જ બનાવી હોય તેવી અટપટી છે. પણ એક વખત સમજી જવાય પછી તે પેરીસ કે બ્રસેલ્સ જેવી ભીડભાડવાળી નથી. વળી ગ્રીસમાં તે સ્ટેશનો પર જ ગ્રીક ભાષામાં વિસ્તારોના નામો વાંચવાનો પ્રયાસ કરવામાં શહેર જોવા જેટલી જ મજા આવે છે.

અહી દરેક ટેક્સીવાળા શહેરમાં કમસે કામ એકતી ને ફર્નીક્યુલર ટ્રેન તો જરૂર દેખાઈ જાય છે. આખા યે યુરોપમાં યુરો રેલની વ્યવસ્થા એવી સરળ છે કે અહીના વિવિધ દેશોની મુલાકાત લેવામાં કોઈ ટ્રાવેલ એજન્ટની જરૂર પડતી નથી, કેમ કે ફ્રાન્સની્ ુ્ફ, જર્મનીની ત્ઝઈ કે ઇટાલીની યુરોસ્ટાર-ઈટાલીયા મોટા ભાગના યુરોપિયન શહેરોના રેલ નેટવર્ક સાથે એવી રીતે જોડયેલી છે કે એક દેશમાંથી બીજા દેશમાં ક્યારે પહોંચી જવાય છે તેની ખબર જ પડતી નથી. આખોય યુરોપખંડ ટ્રાન્સપોર્ટની બાબતે એક મોટો દેશ હોય તે રીતે ચાલે છે. વળી આટલાં નજીક નજીક હોવા છતાં બધાં શહેરોની ગલીઓમાં ઝાંખીને તેમની વચ્ચેનો તફાવત કહી શકાય છે. સપાટ સમતલ મકાનો, જર્મનીનાં મોટા અને નળિયાંવાળા જુનવાણી ઘરો, ફ્રાન્સની સાંકડી પોળ જેવી ગલીઓ અને એટલાં જ સાંકડા અને નાનાં ઘરો, ઈટાલીના રિનોવેટ કરેલા ઐતિહાસિક મકાનો – આ બધું એ શહેરોની ઓળખ સાથે જોડાયેલું છે. વળી બાર્સિલોનામાં તો નવી ઈમારતો પણ જુનવાણી આર્કિટેક્ચર જેટલી જ આકર્ષક છે. ઈટાલી અને ગ્રીસમાં મંદિરોના સ્તંભ, પથ્થરો પરની કોતરણી, ચિત્રો, ભીંતચિત્રો વગેરે માત્ર કલાકારો અને આર્કિટેક્ટસ ને જ નહિ, કોઈ પણ જોનારને સારું કામ કરવા અને સારું જીવવા પ્રેરણા આપે છે. વળી ડીઝાઈનો નહિ, ગલીઓમાં અને કોર્પોરેટ રૂમ્સમાં જોવા મળતી ફેશનની શરૂઆત દુનિયાના આ ખૂણાથી જ થાય છે. ખાણીપીણીની બાબતે યુરોપમાં કુકીઝ, ચોકલેટ અને કેકની વિવિધતા ઉપલબ્ધ છે.

આ બધી વાતો વાંચતા વાચકને યુરોપનાં પ્રવાસ અંગેની જાણકારી તો મળે છે પણ પ્રવાસ નહિં જઈ શકનાર વાચકને પણ યુરોપમાં હરતાં ફરતાં જાણે બધું નજરે જોયું હોય તેવો અહેસાસ આ પુસ્તક કરાવી જાય છે.

‘યુરોપમાં હરતાં ફરતાં’ પુસ્તકના લેખિકા પ્રતિક્ષા થાનકી એ છાપા, સામયિકો, પુસ્તકો, રેડિયો-ટીવી, વેબસાઈટો એમ દરેક માધ્યમ માટે લખ્યું છે. અંગ્રેજીમાં તેમના પ્રવાસ અનુભવો વર્ણવતી વેબસાઈટ બેસ્ટ ટ્રાવેલ્સ બ્લોગ એવોર્ડ માટે નામાંકિત થઈ ચુકી છે. અંગ્રેજી સાહિત્યમાં અધ્યાપન કાર્ય અને ‘ટાઈમ્સ ઓફ ઈન્ડિયા’ માં પત્રકારત્વનો અનુભવ મેળવ્યા બાદ ગુજરાતીમાં આ તેમનું બીજું પુસ્તક છે. પ્રવાસના અનુભવો માત્ર ક્ષણિક આનંદ આપવાને બદલે વ્યકતિત્વનો એક ભાગ બની જોઈએ એવી માન્યતા સાથે યુરોપમાં રહેવા અને ફરવા દરમિયાન થયેલા અનુભવો આ પુસ્તકમાં આલેખ્યા છે. આવું સુંદર પુસ્તક ઉપલબ્ધ કરાવવા બદલ ગુર્જર પરિવારના મનુભાઈ શાહને અને અમરભાઈ શાહે અંગત રસ લીધો છે તો રોહિતભાઈ શાહ અને રોહિતભાઈ કોઠારી એ પુસ્તક પ્રકાશનને સરળ બનાવવામાં અદભુત ફાળો આપ્યો છે. સૌ કોઈને ઉપયોગી એવા આ પુસ્તકને આવકારીએ.

વ્યક્તિત્વના એક ભાગરૂપ પ્રવાસના અનુભવોનું આલેખન

સાધન સંપન્ન ગુજરાતીઓમાં દિવસે દિવસે વિશ્વપ્રવાસના ક્રેઝ વધતો જાય છે. તેના પરિણામે દરેક નાનકડા કે મોટા શહેરમાં નીકળીએ ત્યારે ટુર્સ અને ટ્રાવેલ્સ કંપનીઓ, તેના આંતરરાષ્ટ્રીય પ્રવાસ પેકેજની જાહેરાતો અને પાસપોર્ટ વિઝા માટેની ઓફિસો ઠેર-ઠેર જોવા મળે છે. વિઝિટર વિઝા કે ટુરિસ્ટ વિઝા લઈ ફરવા નીકળી પડનારા ગુજરાતીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. તેમાં અમેરિકા અને યુરોપના પ્રવાસે જનારા પ્રવાસીઓ સૌથી વધુ હોય છે. આપના સંત મોરારી બાપુ ક્યારેક આફ્રિકા તો ક્યારેક થાઈલેન્ડમાં કથા કરી આવવાનું આપને વાંચીએ, સાંભળીયે છીએ, ત્યારે જે લોકો પ્રવાસ કરી આવે છે તે પોતાના અનુભવોનું એક ભાથું સાથે લઈ આવતા હોય છે. તેમાં પ્રવાસ કરનાર લેખક કે પત્રકાર હોય તો તે પ્રવાસનું પુસ્તક પણ આપણને મળે જેમાં તેમનાં અનુભવો, સુક્ષ્મ નિરિક્ષણો અને તેથી વધુ એક માનવીય દ્રષ્ટિકોણથી ત્યાંની સંસ્કૃતિ, કલા, સામાજિક પરિવેશને નિહાળવાની દ્રષ્ટિનો લાભ પણ આવા પુસ્તકોમાંથી મળે રહેતો હોય છે.

યુંરોપીયનોમાં એક એવી માન્યતા છે – જે મહદઅંશે ખોટી પણ નથી જ કે દેશી એટલે કે ‘સાઉથ એશિયન’ ટુરિસ્ટ ખાસ તો માત્ર ‘ટિક માર્ક’ કરવા માટે પ્રવાસ કરે છે.

આભાર - નિહારીકા રવિયા ત્યારે આ પુસ્તકમાં એફિલ ટાવર અને કોલોસિયમ સહિતની ‘ટિક માર્ક’ વાળી જગ્યાઓ ઉપરાંત કાર્લ્સરૂહ, બીર્કેન કોફ, અને બ્રુજ જેવા ખજાનાસમાં પ્રવાસ સ્થળો પણ સામેલ છે. પુસ્તક કુલ ચાલીસ પ્રકરણોમાં વિસ્તરેલું છે. તેમાં એક ધ્યાનપાત્ર બાબત એ છે કે પ્રકરણને અંતે દર્શાવેલ સ્થળે કઈ રીતે પહોચવું તેની નાની પણ સુંદર ટીપ્સ લેખિકાએ આપી છે.

યુરોપમાં ફરવું એટલે ઘણા માટે કલાના રહસ્યો જાણવા, સાઈડવોક કેફેમાં બેસી પીપલ–વોચીંગ કરવું, પેરીસની શોમ્પસ એબિઝી, બાર્સિલોનાના લા રામ્બ્બા જેવી ગલીઓમાં આંટા મારવા, વેનિસમાં ગોન્ડોલા રાઈટ લેવી કે પછી સ્વિત્ઝરલેન્ડમાં સ્નોબોલ ફાઈટ કરવી એ બધા જ મજેદાર અનુભવો સાથે ઘણું શીખવા મળે છે. જે તે શહેરમાં ત્યાં નો ઈતિહાસ, સંસ્કૃતિ, ઈમારતો, ખાણીપીણી, ફેશનથી માંડીને હવામાન જેવી ઘણી બાબતો શહેરને અનોખું બનાવતું છે. ગ્રીસમાં બધા ઘાંટા પાડીને વાત કરે છે. અને જર્મનીમાં જો કોઈ મોટેથી વાત કરતું દેખાય તો લોકો સામે જોવા લાગે છે. લિસ્બનમાં ટેક્સી-ડ્રાઈવરો બિચારા બનીને છેતરે છે અને બ્રસેલ્સમાં ટેક્સી-ડ્રાઈવરો દેખીતા જ ડરામણાં લાગે છે. વળી યુરોપના ગમે તે ખૂણે જાવ ત્યાં ટબુડી જેવા કપમાં એસ્પ્રેસો કૉફી પીવાય છે. જો કે કેફેમાં બેઠાં બેઠાં વાતો કરવાની સ્ટાઈલ પણ દરેક દેશની આગવી છે. જર્મનો બેઠાં બેઠાં કલાકો સુધી વાતો કર્યા વિના કેફેમાં સમય પસાર કરવા માટે જાણીતા છે. જયારે ફ્રાન્સ અને ખાસ તો પેરીસ શહેરનું સંચાલન જાણે કેફેમાં બેસીને થતું હોય એવું લાગે. એ વાતોની સાથે સાથે આપણને એ પણ જાણવા મળે છે કે યુરોપિયન શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ ભરપુર મજા કરાવે છે અને ઘણી સરળતા કરી આપે છે. પેરીસથી માંડીને બાર્સિલોના અને એથેન્સ સુધી ટ્રામ કે ટ્રેનોના રંગો અને ગ્રાફિક્સમાં ઘણું બધું વૈવિધ્ય જોવા મળે છે. બાર્સિલોનામાં જાણે મેટ્રોની વ્યવસ્થા ટુરિસ્ટને હેરાન કરવા માટે જ બનાવી હોય તેવી અટપટી છે. પણ એક વખત સમજી જવાય પછી તે પેરીસ કે બ્રસેલ્સ જેવી ભીડભાડવાળી નથી. વળી ગ્રીસમાં તે સ્ટેશનો પર જ ગ્રીક ભાષામાં વિસ્તારોના નામો વાંચવાનો પ્રયાસ કરવામાં શહેર જોવા જેટલી જ મજા આવે છે.

અહી દરેક ટેક્સીવાળા શહેરમાં કમસે કામ એકતી ને ફર્નીક્યુલર ટ્રેન તો જરૂર દેખાઈ જાય છે. આખા યે યુરોપમાં યુરો રેલની વ્યવસ્થા એવી સરળ છે કે અહીના વિવિધ દેશોની મુલાકાત લેવામાં કોઈ ટ્રાવેલ એજન્ટની જરૂર પડતી નથી, કેમ કે ફ્રાન્સની્ ુ્ફ, જર્મનીની ત્ઝઈ કે ઇટાલીની યુરોસ્ટાર-ઈટાલીયા મોટા ભાગના યુરોપિયન શહેરોના રેલ નેટવર્ક સાથે એવી રીતે જોડયેલી છે કે એક દેશમાંથી બીજા દેશમાં ક્યારે પહોંચી જવાય છે તેની ખબર જ પડતી નથી. આખોય યુરોપખંડ ટ્રાન્સપોર્ટની બાબતે એક મોટો દેશ હોય તે રીતે ચાલે છે. વળી આટલાં નજીક નજીક હોવા છતાં બધાં શહેરોની ગલીઓમાં ઝાંખીને તેમની વચ્ચેનો તફાવત કહી શકાય છે. સપાટ સમતલ મકાનો, જર્મનીનાં મોટા અને નળિયાંવાળા જુનવાણી ઘરો, ફ્રાન્સની સાંકડી પોળ જેવી ગલીઓ અને એટલાં જ સાંકડા અને નાનાં ઘરો, ઈટાલીના રિનોવેટ કરેલા ઐતિહાસિક મકાનો – આ બધું એ શહેરોની ઓળખ સાથે જોડાયેલું છે. વળી બાર્સિલોનામાં તો નવી ઈમારતો પણ જુનવાણી આર્કિટેક્ચર જેટલી જ આકર્ષક છે. ઈટાલી અને ગ્રીસમાં મંદિરોના સ્તંભ, પથ્થરો પરની કોતરણી, ચિત્રો, ભીંતચિત્રો વગેરે માત્ર કલાકારો અને આર્કિટેક્ટસ ને જ નહિ, કોઈ પણ જોનારને સારું કામ કરવા અને સારું જીવવા પ્રેરણા આપે છે. વળી ડીઝાઈનો નહિ, ગલીઓમાં અને કોર્પોરેટ રૂમ્સમાં જોવા મળતી ફેશનની શરૂઆત દુનિયાના આ ખૂણાથી જ થાય છે. ખાણીપીણીની બાબતે યુરોપમાં કુકીઝ, ચોકલેટ અને કેકની વિવિધતા ઉપલબ્ધ છે.

આ બધી વાતો વાંચતા વાચકને યુરોપનાં પ્રવાસ અંગેની જાણકારી તો મળે છે પણ પ્રવાસ નહિં જઈ શકનાર વાચકને પણ યુરોપમાં હરતાં ફરતાં જાણે બધું નજરે જોયું હોય તેવો અહેસાસ આ પુસ્તક કરાવી જાય છે.

‘યુરોપમાં હરતાં ફરતાં’ પુસ્તકના લેખિકા પ્રતિક્ષા થાનકી એ છાપા, સામયિકો, પુસ્તકો, રેડિયો-ટીવી, વેબસાઈટો એમ દરેક માધ્યમ માટે લખ્યું છે. અંગ્રેજીમાં તેમના પ્રવાસ અનુભવો વર્ણવતી વેબસાઈટ બેસ્ટ ટ્રાવેલ્સ બ્લોગ એવોર્ડ માટે નામાંકિત થઈ ચુકી છે. અંગ્રેજી સાહિત્યમાં અધ્યાપન કાર્ય અને ‘ટાઈમ્સ ઓફ ઈન્ડિયા’ માં પત્રકારત્વનો અનુભવ મેળવ્યા બાદ ગુજરાતીમાં આ તેમનું બીજું પુસ્તક છે. પ્રવાસના અનુભવો માત્ર ક્ષણિક આનંદ આપવાને બદલે વ્યકતિત્વનો એક ભાગ બની જોઈએ એવી માન્યતા સાથે યુરોપમાં રહેવા અને ફરવા દરમિયાન થયેલા અનુભવો આ પુસ્તકમાં આલેખ્યા છે. આવું સુંદર પુસ્તક ઉપલબ્ધ કરાવવા બદલ ગુર્જર પરિવારના મનુભાઈ શાહને અને અમરભાઈ શાહે અંગત રસ લીધો છે તો રોહિતભાઈ શાહ અને રોહિતભાઈ કોઠારી એ પુસ્તક પ્રકાશનને સરળ બનાવવામાં અદભુત ફાળો આપ્યો છે. સૌ કોઈને ઉપયોગી એવા આ પુસ્તકને આવકારીએ.

# ખેતરમાં થાંભલા ઉખાડતા લોકોને રોકવા જતાં જીવલેણ હુમલો

હિંમતનગર

ઈડર તાલુકાના ઈટડી ગામની સીમમાં ગત રવિવારે સવારે સાડા દસેક વાગ્યાના સુમારે ધૂળાભાઈ મોતીભાઈ પટેલ, કલ્પેશ ધૂળાભાઈ પટેલ, જીગર ધુળાભાઈ પટેલ તથા સંકેત જસવંતભાઈ પટેલ (તમામ રહે. રામપુર-ઈડર) ભેગા થઈને પિયુષ નટવરલાલ પટેલના ખેતરના શેઢા પર લગાવેલ થાંભલા ઉખાડતા હતા. જેથી નટવરભાઈ પટેલે આ અમારી જમીન પરના થાંભલા કેમ ઉખાડો છો? તેમ જણાવતાં સંકેતભાઈ નટવરભાઈના કપાળ પર ધારીયાનો ઘા ઝીંકી દીધો હતો અને અન્ય શખ્સોએ લાકડીઓથી માર મારી ઈજા પહોંચાડી હતી. આ દરમ્યાન હિનાબેન જીગરભાઈ પટેલે ગાળો બોલી પોતાની જાતે કપડા ફાડી નાંખી તમારા પર બળાત્કારની ફરિયાદ નોંધાવીશ તેવી ધમકી આપતાં પિયુષભાઈ પટેલે પોતાના પિતા નટવરભાઈ પટેલને ધાર્યુ માર્યા અંગેની ફરિયાદ જાદર પોલીસમાં નોંધાવી હતી.

## પ્રાંતિજ નજીક અજાણ્યા વહનની ટક્કરે સાઈકલ સવાર, ઘટનાસ્થળે યુવાનનું મોત

પ્રાંતિજ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના પિલુદ્રા પાટીયા પાસે વહેલી સવારે વાહન ચાલકે સાઈકલ ચાલકને અડફેટે લેતાં સાઈકલ સવાર યુવાનનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ ઘટના બાદ વાહન ચાલક ફરાર થઇ ગયો હતો. આ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલા પ્રાંતિજના પિલુદ્રા પાટીયા નજીક વહેલી સવારે મોયદનો યુવાન સાઇકલ ઉપર નેશનલ હાઈવે રોડની બાજુમાં જઈ રહ્યો હતો તે સમયે હિંમતનગર બાજુથી કોઇ વાહન ચાલક રોડની સાઈડમાં જઇ રહેલી સાઇકલ ચાલકને પાછળથી ટક્કર મારી અડફેટે લેતાં સાઈકલ ચાલક અવધેશ હિરાલાલ ગૌતમ (ઉ.વર્ષ-૩૨, મુળ રહે.યુ.પી, હાલ રહે. મોયદ)ને શરીરે તથા માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માત અંગેની જાણ થતાં પ્રાંતિજ પોલિસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતક યુવકનો મૃતદેહ પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે પી.એમ અર્થે મોકલી આપવામાં આવ્યો હતો. જ્યારે ફરિયાદી રામસિંગ રામદેવ યાદવની ફરીયાદના આધારે અજાણ્યાં વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## પાટણનો વેપારી બેભાન થઈ જતાં ધારપુર સિવિલમાં ખસેડવામાં આવ્યો

પાટણ

પાટણના બગવાડા દરવાજા નજીક આવેલી તિરૂપતિ માર્કેટના નાકા ઉપર સ્પેરપાર્ટસની દૂકાન ધરાવતો વેપારી અગમ્ય કારણોસર બેભાન થઈ જતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે ધારપુર સિવિલમાં ખસેડવામાં આવેલ. આ બાબરતે ૧૦૮ ના પાયલોટ જયસિંહ રાજપૂતને તેમણે પૂછતાં શહેરના તિરૂપતિ માર્કેટના નાકે આવેલી સ્પેરપાર્ટસની દૂકાનના માલીક શાહ કલ્પેશભાઈ મહેન્દ્રભાઈ (ઉ.વ.૪૦) બેભાન હાલતમાં ઢળી પડ્યા હોવાનો કોલ મળતાં તેમની બાજુમાંથી ફિનાઈલની બોટલ મળી આવી હતી. કદાચ તેઓએ આ બોટલનું પ્રવાહી ગટગટાવ્યું હોય ? જેથી તેઓને ધારપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે પોલીસમાં આ બાબતની કોઈ ફરિયાદ નોંધાવામાં આવી ન હતી.

## પટણામાં રાજદના નેતા પપ્પુ યાદવની ગોળી મારી હત્યા

પટણા

પટણામાં ડુંગળીના વેપારી અને રાજદના નેતા પપ્પુ યાદવની આજે વહેલી સવારે અપરાધિઓએ ગોળી મારી હત્યા કરી દીધી છે.મળતી માહિતી અનુસાર રાજદના નેતા આજે સવારે મોર્નિંગ વોક માટે ઘરથી નિકળ્યા હતાં ઘરથી કેટલાક અંતર દુર સ્ટેશન રોડની નજીક અપરાધિઓએ તેમની પાસે આવકી ગળામાં ગોળી મારી દીધી હતી જેથી તેમનું મોત નિપજયુ હતું. ગોળી માર્યા બાદ અપરાધીઓ ફરાર થઇ ગયા હતાં. ગોળીબારનો અવાજ સાંભળી આસપાસના લોકો એકત્રિત થઇ ગયા હતાં અને તપાસ કરતાં રાજદ નેતા હતાં અને તેમનું મોત નિપજયુ હતું.

## વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **લાખણી** | | બાજરી | ૨૬૨-૨૮૦ | એરંડા | ૮૫૦-૮૬૭ |
| એરંડા | ૮૫૦-૮૭૮ | ગવાર | ૬૩૪ | રાયડો | ૬૩૦-૬૫૫ |
| રાયડો | ૬૩૫-૬૬૦ | રાજગરો | ૭૦૦-૮૪૧ | રાજગરો | ૬૦૦-૭૬૮ |
| સુવા | ૮૩૫-૮૧ | તમાકુ | ૭૦૦-૯૭૦ | બાજરી | ૨૧૧-૨૬૦ |
| ગવાર | ૬૭૦ | **વાવ** | | ઘઉં | ૨૬૧ |
| તલ | ૧૦૬૧ | જીરૂ | ૨૬૮૦-૩૪૦૦ | ગવાર | ૬૪૦ |
| સરસવ | ૭૦૦ | એરંડા | ૮૫૦-૮૭૦ | જીરૂ | ૩૧૫૦ |
| રાજગરો | ૭૦૦ | ગવાર | ૬૭૨-૬૮૦ | તમાકુ | ૭૫૦-૮૪૦ |
| ચીકુડી | ૭૦૦-૧૦૫૦ | **વડગામ** | | **થરા** | |
| ઈસ. | ૧૯૬૦ | ઘઉં | ૩૦૬ | જીરૂ | ૨૯૫૦-૩૪૫૦ |
| વરીયાળી | ૮૦૦-૧૦૧૧ | એરંડા | ૮૬૨-૮૭૦ | એરંડા | ૮૬૧-૮૮૬ |
| **થરાદ** | | ગવાર | ૬૫૭ | રાયડો | ૬૪૦-૬૬૦ |
| એરડા | ૮૬૦-૮૭૫ | **ધાનેરા** | | વરીયાળી | ૧૦૨૦-૧૪૫૦ |
| બાજરી | ૨૬૭-૨૭૭ | ઘઉં | ૨૯૫-૩૫૫ | ગવાર | ૫૮૦-૬૬૫ |
| જીરૂ | ૨૯૦૦-૩૪૫૧ | બાજરી | ૨૬૦-૩૨૩ | ઘઉં | ૩૦૦-૩૭૫ |
| ઈસ. | ૧૯૫૦-૨૨૫૦ | મગ | ૮૨૫ | બાજરી | ૨૭૦-૩૦૦ |
| મેથી | ૬૦૦-૯૦૦ | ચોળા | ૯૧૫ | અડદ | ૯૦૦-૯૮૦ |
| ગવાર | ૬૬૧-૬૭૭ | ગવાર | ૬૦૦-૬૭૦ | રજકો | ૨૮૦૦-૩૪૦૦ |
| વરીયાળી | ૭૯૦-૧૦૦૩ | સરસવ | ૬૮૦-૭૬૦ | **પાટણ** | |
| રાયડો | ૬૫૫-૬૯૪ | રાયડો | ૬૩૫-૬૭૨ | જીરૂ | ૨૪૦૦-૩૨૯૬ |
| **રાહ** | | એરંડા | ૮૪૦-૮૭૩ | વરીયાળી | ૮૪૪-૧૩૦૨ |
| રાયડો | ૬૬૦-૬૭૦ | ઈસ. | ૧૮૦૦-૨૦૯૦ | મેથી | ૪૦૦-૫૬૫ |
| એરંડા | ૮૫૦-૮૫૮ | જીરૂ | ૨૭૦૦-૩૨૯૧ | સુવા | ૮૦૦-૧૦૪૮ |
| બાજરી | ૩૪૦-૩૪૫ | મેથી | ૫૦૧-૫૫૪ | રાયડો | ૬૩૦-૭૩૫ |
| ચીકુડી | ૯૫૦-૧૦૦૦ | સુવા | ૭૨૫-૯૮૧ | એરંડા | ૮૨૦-૮૮૧ |
| સુવા | ૯૮૦-૧૦૫૫ | વરીયાળી | ૯૦૦-૧૦૫૪ | ઘઉં | ૨૯૬-૪૦૦ |
| **ડીસા** | | રાજગરો | ૬૫૦-૭૭૫ | બાજરી | ૨૫૧ |
| એરંડા | ૮૫૫-૮૬૪ | અજમો | ૮૬૦-૮૭૧ | અડદ | ૮૨૫-૧૦૧૫ |
| રાયડો | ૬૫૦- ૬૬૦ | ચીકુડી | ૭૫૦ | ગવાર | ૬૪૩-૬૬૯ |
| ઘઉં | ૩૦૪-૩૭૨ | **ભીલડી** | | કપાસ | ૭૦૦-૯૫૦ |

# મહેસાણામાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે ઉપમુખ્યમંત્રીને આવેદન આપ્યું




પ્રતિ મહેસાણા

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે સેમેસ્ટર પ્રથાને હટાવવા માટે અભિયાન તેજ કર્યું છે. મહેસાણાની મુલાકાતે આવેલા રાજયના ઉપમુખ્યમંત્રી નિતીનભાઈ પટેલની મુલાકાત લઈને સેમેસ્ટર પ્રથા નિષ્ફળ રહી હોવાથી રદ કરવા માટે આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. ઉપમુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે પણ એ.બી.વી.પી.ના કાર્યકરોને ઘટતુ કરવા અંગે બાંયધરી આપી હતી. આ રજૂઆતમાં સેમેસ્ટર પ્રથાથી શિક્ષણ ઉપર અવળી અસર પડતી હોવાનું જણાવાયું છે. અને આ પ્રથા લાગુ કરવામાં આવી ત્યારથી સરકારી અધિકારીઓ દ્વારા ઉપરથી આદેશ છે નામે વિદ્યાર્થીઓ, અધ્યાપકો, શિક્ષણવિદોની સાથે કોઈપણ પ્રકારની ચર્ચા સંવાદ કર્યા સિવાય માત્ર વિદેશી પધ્ધતિનું અનુકરણની માનસિક્તા લાગુ કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. આ પ્રસંગે પ્રદેશ સહમંત્રી વિશાલ ગજ્જર, નગર મંત્રી અંક્તિ પ્રજાપતિ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણમાં ટીબી સર્કલથી નવજીવન ચોકડી વચ્ચે બમ્પ મુકવા સોસાયટીના રહીશોની માંગ

પાટણ

પાટણ શહેરમાં ટીબી ત્રણ રસ્તાથી નવજીવન ચોકડી વચ્ચેના હાઈવે પર ભારે વાહનોની વધી રહેલી દોડાદોડના કારણે અકસ્માતોના બનાવો વધી રહ્યા હોઈ માર્ગ - મકાન વિભાગ દ્વારા જાહેર સલામતીને ધ્યાને લઈ વાહનોની ગતી નિયંત્રીત કરવા આ માર્ગ પર એક - બે જગ્યાએ સ્પીડ બેકર (બમ્પ) બનાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

આ વિસ્તારની ગોકુલનગર સોસાયટીના એક જાગૃત રહીશે જણાવ્યા અનુસાર શહેરમાં નવજીવન ચોકડીથી ટીબી ત્રણ રસ્તા વચ્ચેના હાઈવે માર્ગ ઉપર ઘણી સોસાયટીઓ આવેલી છે. અને આ સોસાયટીઓ પૈકી ગોકુલનગર સહિત કેટલીક સોસાયટીની એન્ટ્રી (પ્રવેશદ્વાર) રોડ ઉપર આવેલ હોઈ સોસાયટીના રહીશોને અકસ્માતનો ભય રહ્યા કરે છે.

વળી, સોસાયટીમાં રમતા નાના બાળકો રમતા રમતા કે સાઈકલ લઈને ક્યારેક મુખ્ય રોડ ઉપર પહોંચી જાય છે જેથી વાલીઓ સતત ટેન્શનમાં રહેતા હોય છે. જેથી અકસ્માતને નિવારવા બમ્પ હોવા જરૂરી છે. ગત રવિવારે આજ માર્ગ પર ડમ્પરના અકસ્માતથી એક આશાસ્પદ યુવાને જીવ ગુમાવ્યો હતો.

## તાજપુર કુઇ નજીક કાર ડિવાઇડર તોડી રોંગ સાઇડમાં આવી ગઇ : ત્રણને ઈજા

પ્રાંતિજ

પ્રાંતિજના તાજપુરકૂઈ પાસે ગુરુવારે સવારે એક કાર ડીવાઇડર સાથે અથડાતા રોડની બીજી બાજુ આવી ગઇ હતી. કારમાં મુસાફરી કરી રહેલા ૪ પૈકી ત્રણને ઈજાઓ થઇ હતી. જોકે, કોઇને મોટી ઈજા થઇ ન હોવાથી રાહતનો દમ લીધો હતો. આ અકસ્માતમાં કારને ભારે નુકશાન થયુ હતું અને ઈજા પામેલા ત્રણેયને પ્રાંતિજ સિવિલમાં ખસેડાયા હતા.

ગુરુવારે વહેલી સવારે પોતાના પરિવાર સાથે રાજસ્થાનથી ગુજરાત તરફ આવી રહેતા મૂળ રાજસ્થાનના વતની મોનુએ સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતા કાર નં ( જીજે ૦૧ ઈટી ૪૨૦૧) ડીવાઇડર તોડી રોડની રોંગ સાઇડ પર આવી ગઇ હતી.

આ અકસ્માતમાં કારની અંદર બેઠેલા ૪ પૈકી બેને ભારે ઈજાઓ થઇ હતી. અને એકને સામાસ્ય ઈજાઓ થતાં તમામને સારવાર માટે પ્રાંતિજ સિવિલમાં ખસેડાયા હતા. જોકે,ઈજાઓ વધુ ગંભીર ન હોવાથી પરિવારનો આબાદ બચાવ થયો હતો. જોકે, અકસ્માતમાં કારના આગળનો ભાગ ભારે પ્રમાણે ડેમેજ થઇ ગયો હતો.

## વિસનગર નજીકના ગામમાંથી સગીરાનું અપહરણ થતાં ફરિયાદ

મહેસાણા

વિસનગર શહેર નજીક આવેલા એક ગામમાં રહેતી સગીરાને ગામનો જ ઈસમ બાઈક ઉપર બેસાડીને અપહરણ કરીને લઈ જતાં યુવતીની માતાએ આ બનાવ અંગે તાલુકા પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે ત્રણ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વિસનગર નજીકના ગામે રહેતી સગીરા ગત શુક્રવારના રોજ તેના નાના ભાઈને ઘરેથી દવાખાને લઈ જવા નિકળી હતી. આ દરમિયાન તેના ગામમાં જ રહેતો પટેલ કરણકુમાર સેંધાભાઈ નામનો યુવક તેણીની સાથે લગ્ન કરવાના ઈરાદે બાઈક નં. જીજે ૦૨ સીએચ ૬૮૮૯ ઉપર બેસાડી ગયો હતો. ત્યારે આ વાત તેના નાના ભાઈએ ઘરે આવી સઘળી હકીકત જણાવતાં તેણીના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી.

શોધખોળ દરમ્યાન કરણકુમાર તેમની દીકરીને ભગાડી ગયો હોવાનું તેમજ પટેલ મેહુલકુમાર મહેન્દ્રભાઈ અને દરજી વિરલકુમાર રાજભાઈએ મદદ કરી હોવાનું જાણવા મળેલ. જેથી સગીરાની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## વંડરસિમેન્ટનો "સ્વચ્છ જલ સબકા હક" ની પ્રવુતિ ૪૬ શહેરોમાં ૧૬લાખ લોકોને જેનો લાભ થશે



હિંમતનગર

વંડરસિમેન્ટે આજે ખુબજ અદભુત અને કંઈક અલગ "સ્વચ્છ જલ સબકા હક"ની શરૂઆત કરી. આ સાથે આનવતર કાર્યરચના ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તથા રાજસ્થાન રાજ્યોના ૪૬ શહેરોને એક સાથે જોડશે. "સ્વચ્છ જલ સબકા હક" અંતર્ગત ૧૬ લાખ લોકોને લાભ થશે જેના માટે કુલ ૫૨ કંપની વાન નક્કી કરેલા ૪૬ શહેરોમાં ૩૦ થી વધારે દિવસો માટે સેવાઓ આપશે, જેમાં ૧૦ લાખ લિટરથી વધારે સ્વચ્છ પીવાના પાણીના ઉપયોગ થશે.

"સ્વચ્છ જલસબકા હક"અંતર્ગત દરેક આમ આદમી જેમકે રાહદારીઓ, કામદારો અને બાળકોને શુદ્ધપીવાનું ઠંડુ પાણી વર્ષના સૌથી વધારે ગરમીવાળા મહિનામાં પીવડાવામાં આવશે. કંપની નીવાન શહેરોના નામાંકિત વિસ્તારોમા સ્વચ્છ જગ્યાઓ ઉપર અલગ અલગ સમયે લગભગ ૨થી૨:૩૦ કલાક ઉભી રહીને સેવાઓ આપશે. શ્રીરાજેન્દ્રસિંહચાવ, ધારાસભ્ય હિંમતનગર, શ્રીજે.ડી. પટેલ, જિલ્લા ભા.જ.પા. પ્રમુખ તથા શ્રીમતી નીલાબેન કે પટેલ, નગરપાલિકા પ્રમુખ જેઓ આ અદભુત પ્રવુતિનાં મુખ્ય અતિથિ હતા. જેઓએ એમના વરદ હસ્તે આ શુભ કાર્ય રચનાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રવુતિ અંતર્ગત ગુજરાત રાજયના જિલ્લાઓ જેવા કે અમદાવાદ, ગાંધીનગર, સાબર કાંઠા, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, આણંદ, ખેડા, વડોદરા, ભરૂચ, નર્મદા, પંચમહાલ, દાહોદ, સુરતઅને નવસારીનાં જુદા જુદા શહેરોમાં સ્વચ્છ ઠંડુ પાણી પૂરું પાડવામાં આવશે.

# ઉંઝા એ.પી.એમ.સી. દ્વારા ઊંઝા તાલુકાના ખેડુતોને ખેતરમા વાડ બનાવવા માટે ખાસ સહાય આપવાના અભિગમને આવકારતા નાયબ મુખ્યમંત્રી




મહેસાણા

નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલે આજે અત્રે જણાવ્યું હતું કે વર્તમાન સરકારે ખેડુતોને ચોવીસ ,કલાક વ્યાજબી દરે વિજળી, સુઝલામ સુફલામ યોજના અને નર્મદા યોજના દ્વારા પાણી અને કૃષિ મહોત્સવ દ્વારા ખેડુતોને વિવિધ જાણાકારી આપતા ગુજરાતના ખેડુતે પ્રગતિની એક નવી દિશા પકડેલ છે અને તેના કારણે અગાઉ ના વર્ષોમા જે ગુજરાતના ખેડુતોની આવક રૂપિયા નવ હજાર કરોડ હતી જે આ સરકારના હકારાત્મક અભિગમ અને ભગીરથ પ્રયાસો થી વધીને રૂપિયા એક લાખ અગીયાર હજાર કરોડ જેટલી થવા પામેલ છે.

આજના કૃષિ સંમેલન મા મહત્વની બાબત એ રહિ કે કૃષિ મહોત્સવ મા ' બેટી બચાઓ બેટી પઢાઓ' ઉપર એક સાથે વિશાળ જનમેદની એ જે સોંગંદ લીધા તે માટે નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતીન ભાઈ પટેલ અને મહાનુભાવો ની ઉપસ્થીતીમા 'વર્લ્ડ રેકોર્ડ ઓફ વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા ' ,વિશ્વ રેકોર્ડ ટીમ ના અધિકારીઓ દ્વારા જિલ્લા વહિવટી તંત્ર ને આપવામા આવ્યો હતો.

નાયબ મુખ્ય મંત્રી શ્રીનીતીન ભાઇ પટેલે વધુમાં જણાવ્યું હતું કે ખેડુતોના પાક ને જાનવરો થી બચાવવા માટે કાંટાની વાડ બનાવવા જે ખર્ચ થાય તેમા સરકાર દ્વારા ૫૦ ટકા સબસીડી આપવામા આવે છે તો તેનો સૌકોઇ અસર કર્તા ખેડુતો લાભ લે તે જરૂરી છે. જેમા ઉંઝા તાલુકાના ખેડુતો ને આ વાડ બનાવવા માટે વધારાની ૪૦ ટકા સબસીડી ઉંઝા એ.પી.એમ.સી દ્વારા આપવામા આવશે તે જાહેરાત ને આવકારતા શ્રી પટેલે જણાવ્યું હતું કે દરેક માર્કેટ યાર્ડ ખેડુતોને દ્રીપ ઈરીગેશન અને કાંટાની વાડ વગેરે માટે વધારાની સબસીડી આપે તેવા પ્રયાસો થાય તે જરૂરી છે.શ્રી પટેલે જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાતનો ખેડુત પ્રગતિશીલ રહેલ છે અને તેને સમગ્ર દેશ મા આગવી ઓળખ ઉભી કરેલ છે ત્યારે તે દ્રીપ ઈરીગેશન અપનાવવા ની દિશામા પણા આગળ વધે તે માટે તેમને ભાર પુર્વક જણાવ્યું હતું.

કૃષિ મહોત્સવ ૨૦૧૭ અંતર્ગત મહેસાણા અને ગાંધીનગર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા યોજાયેલ સંયુક્ત કૃષિ મહોત્સવ નો પ્રારંભ કરાવતા શ્રી નિતીન ભાઈ પટેલે વધુમા જણાવ્યું હતું કે એશીયાનું મરી મસાલાનું મોટામા મોટુ માર્કેટ યાર્ડ ઉંઝા ખાતે આવેલું છે અને તેમા કુલ મરીમસાલા ઉત્પાદનમા ૩૬ ટકા વરિયાળી મહેસાણા જિલ્લામા થાય છે અને ખેડુતોમા કૃષિ મહોત્સવને કારણે આવેલ જાગ્રુતિને કારણે ટામેટાના ઉત્પાદનમા સમગ્ર રાજયમાં મહેસાણા જિલ્લો પ્રથમ સ્થાને છે. અને મહેસાણા જિલ્લો લીબુ ના ઉત્પાદન મા પણ રાજ્ય માં ૨૪ ટકા ના ફાળા સાથે મોખરાનુ સ્થાન ધરાવે છે તેમ તેમને જણાવ્યું હતું

આજના દિવસે નાયબ મુખય મંત્રી શ્રી નિતીન ભાઈ પટેલે મહેસાણા ખાતે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરવામા આવેલ બેડ મિન્ટ્ન હોલ, નવા પ્રવેશ દ્વારનુ લોકાર્પણ, વિજાપુર પોલીસ સ્ટેશન, ખેરાલુ તાલુકાના લુણાવા ખાતે સરકારી આયુર્વૈદિક દવાખાનું,ચાડા ખાતે આયુર્વૈદિક દવાખાનું તથા કડી તાલુકાના સાદરા ખાતે સરકારી હોમિયોપેથીક દવાખાનાનુ લોકાર્પણ કર્યું હતું

## પોશીનામાં બે મકાન આગમાં બળીને ખાખ : ૯ પશુ ભૂંજાઈ જતા અરેરાટી

પોશીના

તાલુકાના ચોળીયામાં શનિવારે સાંજના સુમારે ઘરના લોકો ખેતરમાં હતાં તે દરમિયાન અચાનક આગ લાગતા પિતા પુત્ર બંનેના મકાન બળીને ભસ્મીભૂત થઈ ગયા હતા.જયારે ત્રીજા મકાનને આંશિક નુકશાન થયું હતું. બે મકાન આગમાં ખાખ થતાં ૯ અબોલ પશુઓ ભૂંજાઈ મરતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. તંત્ર દ્વારા લાંબડીયાથી ટેન્કરો બોલાવાયા હતા. પરંતુ તમામ ઘરવખરી અને અનાજ બળીને રાખ થઇ ગયું હતું.

પોશીના તાલુકાના ચોળીયા ગામમાં શનિવારે સાંજે ગમાર હગરાભાઈ લખમાભાઈ અને તેમના પુત્ર બાબુભાઇ મકાનમાં અચાનક આગ લાગી હતી અને જોતજોતામાં આગની લપટોએ વિકરાળ સ્વરૂપ પકડી લીધું હતું. સદભાગ્યે ઘરના તમામ સભ્યો ખેતરમાં હોવાથી કોઈ જાનહાની થઈ ન હતી. બે મકાનમાં આગ લાગતા લોકો દોડી આવ્યા હતા અને હાથવગા સાધનોથી આગ બુજાવવા પ્રયાસ આદર્યા હતા. પોશીના નાયબ મામલતદાર એસ.સી.ગોતીયા, નાયબ ટીડીઓ અરવિંદભાઈ અને તલાટી ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા.

લાંબડીયાથી ટેન્કરો બોલાવી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બંને માટીના ઘર હતા અને છત ઉપર પણ ઘાસ અને લાકડાનો ઉપયોગ થયેલા હોવાથી આગ ઉપર કાબુ મેળવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બે મકાનને અડીને આવેલા ત્રીજા મકાનને પણ આંશિક નુકશાન થયું હતું. આગનું સ્વરૂપ એટલું વિકરાળ હતું કે બાંધેલા પશુ છોડી શકાયા ન હતા અને ૮ બકરા તથા એક અન્ય પશુ આગમાં બળીને ભૂંજાઈ ગયા હતા. નવ જેટલા અબોલ નિર્દોષ પશુઓનો ભોગ લેવાઈ જતા અરેરાટી વ્યાપી જવા પામી હતી.

## પાટણની ઉત્તર ગુજરાત યુનિ.ના બે કર્મચારીને પગારની રસલ્હાણ

### હાઈકોર્ટના આદેશથી તપાસના ચક્રો ગતિમાન

ડીસા

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતા બે કર્મચારીઓને સરકારના ધારાધોરણનો ખુલ્લેઆમ ભંગ કરી બમણો પગાર ચૂકવાતો હોવાના ચોંકાવનારા અહેવાલો સાંપડે છે. તેથી શિક્ષણની શિરમોર યુનિવર્સિટી ફરી એકવાર વિવાદોમાં સપડાઈ છે.

પાટણ ખાતે મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠાની ૪૨ જેટલી કોલેજોની સંલગ્નતાથી ૧૭ મે ૧૯૮૬ના રોજ શરૂ થયેલી યુનિવર્સિટીનું પાછળથી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી નામાભિધાન થયું હતું. પરંતુ 'નવું નવ દહાડા' ઉક્તિ મુજબ શિક્ષણના સાર્વત્રિકરણના બહાને થયેલા ખાનગીકરણના કારણે પવિત્ર ગણાતા શિક્ષણના વ્યવસાયને પણ ભ્રષ્ટાચારનો ભોરીંગ આભડી ગયો છે. જેથી શિક્ષણ જગત કલંકીત થાય છે ત્યારે યુનિવર્સિટીના નવા પ્રકાશમાં આવેલા વિવાદની મળતી વિગતો મુજબ સને ૨૦૧૪ માં યુનિવર્સિટીમાં બે કર્મચારીની હંગામી ધોરણે વહીવટદારો દ્વારા ભરતી કરાઈ હતી.જેમનો સરકારી ચોપડે માસિક રૂા.૨૫,૦૦૦ પગાર દર્શાવાયો હતો. પરંતુ ૧૧ મહિનાનો કરાર પૂરો થતા આશ્ચર્યજનક રીતે તેમનો પગાર રૂા.૩૫,૦૦૦ કરી દેવાયો હતો. અને હાલમાં આ બંને કર્મચારીને ૪૫૦૦૦ રૂા.નો માતબર પગાર ચૂકવાય છે. આ પગારથી સરકારી તિજોરીને મોટું નુકશાન થઈ રહ્યું છે. તેમ છતાં બંનેએ રૂા.૫૦,૦૦૦ ના પગારની માંગ કરી છે. જે અન્યાયના વિરોધમાં એક શિક્ષણ પ્રેમીએ યુનિવર્સિટીના વી.સી.ને નોટીસ મોકલી હતી. છતાં કોઈ પગલા ભરાયા ન હતા. તેથી તેમણે પોલીસ ફરિયાદ કરી હતી.પરંતુ યુનિવર્સિટીના વહીવટદારોની માયાજાળના કારણે પોલીસે પણ કોઈ મચક આપી ન હતી. તેથી કંટાળીને તેમને હાઈકોર્ટના દ્વાર ખટખટાવવા પડ્યા હતા..!!હાઈકોર્ટના આદેશથી આ મુદ્દે તપાસના ચક્રો ગતિમાન થયા છે. પરંતુ યુનિવર્સિટીની કારોબારી કમીટીના સભ્ય જણાવ્યા મુજબ આ બંને કર્મચારીઓના પગારનું ચુકવણું યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી કરવામાં આવે છે અને આ બાબતના તેને કારોબારીનો અધિકાર પ્રાપ્ત થયેલા છે અને વિધાનસભામાં એક્ટ પણ મંજૂર થયેલ છે. જેમાં તેમની સત્તા અને ફરજો નક્કી થયેલી છે. તેથી વખતોવખતની કારોબારીમાં ચર્ચા કરી પગાર વધારો કરાય છે તેવું જણાવ્યું હતું.

જ્યારે યુનિવર્સિટીના વી.સી.એ આ કર્મચારીઓની ભરતી મારા કાર્યકાળ અગાઉ થયેલી છે. તેથી મારે આ મુદ્દે કશુ કહેવાનું રહેતું નથી. તેમ જણાવી જવાબદારીમાંથી હાથ ખંખેરી દીધા હતા.

**પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ઘૂસી ગયેલા બે શિક્ષણવિદોને બે કર્મચારી મળી ચારની ચોકડી ભય વગરનો ભ્રષ્ટાચાર આચરી આચરી રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જેમની ઉપર સ્થાનિક રાજકારણીઓના ચારેય હાથ છે. તેથી આવા તત્વોને મોકળુ મેદાન મળી ગયું છે. તેવા પણ આક્ષેપો થઈ રહ્યા છે.**

